# ઓપિનિયન

યો વૈ ભૂમા તત્ સુખમ્

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 13 ● પ્રકરણ : 08 ● સળંગ અંક : 152    26 નવેમ્બર 2007    વાર્ષિક લવાજમ : £25 / £40

## ત્રાસવાદને ઝબે કરવાની જડીબુટ્ટી

○ એલન હાર્ટ

આ પરિસંવાદમાં મારે જે કંઈ કહેવાનું છે એ વિશે હું વિચારતો બેઠો હતો ત્યાં શમ્શુદ્દીન આગાએ મને કેટલુંક ભૂમિકા-સાહિત્ય મોકલી આપ્યું. એક દસ્તાવેજનું મથાળું હતું : *'ઈસ્લામનો ઈતિહાસ અને બ્રિટનમાં મુસ્લિમો : સંક્ષિપ્ત ઐતિહાસિક વિહંગાવલોકન'* (ધ હિસ્ટ્રી ઑફ ઈસ્લામ એન્ડ મુસ્લિમ્સ ઈન બ્રિટન : એ બ્રિફ હિસ્ટોરિકલ ઑવરવ્યૂ). આરંભના ફકરાની છેલ્લી લીટી આમ હતી :

'આપણે માનીએ છીએ તેના કરતાં બ્રિટનને મુસ્લિમો જોડે બહુ લાંબા સમયથી સંબંધ અને સંપર્ક રહ્યા છે. અને તેમ છતાં, પશ્ચિમી સંસ્કૃતિ પર મુસ્લિમોની અસર તેમ જ દેણગી બાબત સહજ ઉપેક્ષા સેવાતી રહી છે.'

આ નિવેદન હેઠળ હું ય હસ્તાક્ષર કરી કઉં છું. પણ તેથી ય થોડોક આગળ જવા ચાહું છું. ખાનદાન યહૂદી - ઈસાઈ વર્ગ અથવા પશ્ચિમી જગતે મુસ્લિમોની પશ્ચિમી સંસ્કૃતિઓ પરની આ દેણગી અંગે ફક્ત ઉપેક્ષા જ કરી નથી. તેમણે તેને દાબી દેવાની ય રાખી છે. અને તેમણે જે કંઈ દમન કર્યું છે તેને, ટૂંકામાં, બે વાક્યોમાં જ વર્ણવી શકાય. સ્પેનની કીર્તિના દિવસો દરમિયાન, માનવજીવનના ઈતિહાસમાં તે સમયગાળા સુધી ઈસ્લામ સર્વશ્રેષ્ઠ અને સૌથી સંસ્કારસમ્પન્ન હોવાનું લેખાતું હતું. અને હવે બીજું વાક્ય – એ પછીના સમયગાળા દરમિયાનના બધી સંસ્કૃતિઓમાં જે કંઈ ઉજળું તત્ત્વ હતું તે સઘળું કીર્તિમાન મુસ્લિમ વિચારધારામાંથી લેવામાં આવ્યું હતું.

ઈતિહાસમાંના આ સત્ય અંગેના આ દમન વિશે અનેક કારણો છે. પરંતુ સમયના અભાવે અહીં હું એક જ કારણ રજૂ કરી શકીશ. અને ફક્ત ચંદ શબ્દોમાં જ તેને આવરી શકાય તેમ છે : પશ્ચિમી સંસ્કૃતિનો ઘમંડ.

જર્મન ઈતિહાસવિદ્ તથા તત્ત્વવેતા ઓસ્વાલ્ડ સ્પેન્ગલરે આ ઘમંડ બાબતની સ્પષ્ટ તેમ જ બહુ જ સુંદર રજૂઆત કરી છે. સન ૧૯૨૬માં અંગ્રેજીમાં પહેલી વાર પ્રગટ થયેલા તેમના મહાકાય ગ્રંથ 'ધ ડિક્લાઈન ઑફ ધ વેસ્ટ' (પશ્ચિમનો અંતકાળ)માં તેની રજૂઆત થઈ છે. સ્પેન્ગલર લખે છે :



એલન હાર્ટ

'પશ્ચિમ યુરોપના પટને ધ્રુવ સ્થાન તરીકે લેવાતો આવ્યો છે. ... સહસ્રાબ્દીઓ લાંબા ગૌરવશાળી ઈતિહાસને તથા આદિ કાળમાં સ્થાન ભોગવતી સંસ્કૃતિઓને આદરભેર આપણે આ ધ્રુવ સ્થાન ચોમેર ફેરવતા રહ્યા છીએ. સૂરજ અને ગ્રહો વિશેની એ જ આપણી જૂની પુરાણી રસમ છે ને ! ઐતિહાસિક પદ્ધતિનો કોઈક અમુકતમુક પટ આપણા પ્રકૃતિજન્ય કેન્દ્ર રૂપ આપણે ધારી લઈએ છીએ અને પછી તેને કેન્દ્રગામી સૂરજ કલ્પી લઈએ છીએ. એમાંથી પછી આપણા ઈતિહાસને પ્રકાશ લાધતો રહે છે અને એમાંથી જ સાપેક્ષ સંબંધ અનુસાર આપણે અગત્ય નક્કી કરી લઈએ છીએ. અને આપણા આ પશ્ચિમી - યુરોપીય છદ્મવેશ હેઠળ જ આભાસી 'જગતનો ઈતિહાસ' આપણે કંડારીએ છીએ. આવા સંશયવાદનો પટ એક વાર ક્ષય થશે.'




(સદ્ભાવ : "ડેક્કન ક્રૉનિકલ", ૨૧.૧૦.'૦૭)

સ્પેન્ગલરનું ૧૯૩૬માં અવસાન થયું. એ જો આજે હયાત હોત, તો આજના અમેરિકી નવ્ય રૂઢિવાદીઓના તેમ જ તેમના તીવતર ઝાયોનિસ્ટ (પેલેસ્ટાઈનને યહૂદીઓનો દેશ બનાવવાની મહેચ્છા રાખતા ચળવળિયા) સાથીસહોદરોના આ છેતરામણા શાહીવાદી (કે પછી ફાસીવાદી ?) ગાંડપણના જમાના માટે એમને કંઈક ખાસ કહેવા જેવું ખસૂસ હોત, તેમ મને ખાતરી છે.

ત્રાસવાદને ઝબે કરવાની જડીબુટ્ટી બાબત, આ ભૂમિકા હેઠળ, હવે, હું રજૂઆત કરી શકીશ. ઈન્ટરનેટી 'યુ ગવ' હેઠળ, તાજેતરમાં, થયેલી એક મોજણીના તારણની વાત સૌ પહેલાં કરી લઈએ. એક દશકા પહેલાં લોકો મુસ્લિમો વિશે જે ડરભાવ સેવતા હતા તેનાથી ક્યાં ય વધારે આજે ૮૯ % લોકોને મુસ્લિમોનો ડર રહે છે. સાદી ભાષામાં કહેવું હોય તો મુસ્લિમો જ્યાં હોય ત્યાં, ટ્યૂબમાં, ટ્રેનમાં, બસમાં કે પછી વિમાની મથકે, બ્રિટિશ આમ જનતાને, ત્રાસવાદના ઓછાયા હેઠળ, કટકેકટકા કરીને ઉડાડી દેશે એવી ભીતિ તેઓ સેવતા રહે છે. ટૂંકામાં કહીએ તો 'ઈસ્લામોફોબિયા' (ઈસ્લામ પ્રત્યે ઘૃણા) માટે બહુ જ ફળદ્રુપ વાતાવરણ પેદા થયું છે.

યુનાઈટેડ કિંગ્ડમનો જો હું મુસ્લિમ નાગરિક હોઉં, અને ખાસ કરીને જો હું દાઢી રાખતો હોઉં, તો મારી ભાવિ સુખાકારી અંગે સ્વાભાવિક મને ચિંતા રહેવાની. યુનાઈટેડ કિંગ્ડમમાં, ઉપર તળે, મુસ્લિમ સમાજના અનેક લોકો સાથે મને ઘરોબો રહ્યો છે એથી અનુભવે કહી શકું છું કે ઘણા બધા મુસલમાનોને આ હાલત ભયસહ સતાવે છે.

હું કહી શકું તેમ છું અને મારે કહેવું જોઈએ કે આ 'ઈસ્લામી ત્રાસવાદ'ની માન્યતા જેમ જેમ જોર પકડતી જશે તેમ તેમ ઈસ્લામ પ્રત્યેની હિંસક ઘૃણાના બનાવો થતા રહેશે.

## ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિશે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

### લવાજમના દર

વાર્ષિક લવાજમ આ દેશ માટે £25 તેમ જ પરદેશ માટે £40 છે. ચેક યા પોસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ Parivaar Communicationsને મોકલવો.

◆

### લવાજમ - સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY, Middlsex HA0 2JZ [U.K.]

Tel. : [+44] 020 - 8902 0993

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

### ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

Tel. : [022] 2386 2843

Fax : [022] 2826 1155/1166

e.mail : bharti_parekh@hotmail.com

સંપર્ક : ભારતીબહેન પારેખ

◆

માત્ર ભારતમાંના ગ્રાહકોએ જ, ફક્ત Rs. 2,000ની રકમ, Vipool Kalyani ને નામે લખી મોકલવી

### ગ્રાહક પત્રિકા :

Name : ..........................................................

Address : ......................................................

..................................................................

Post Code : ...................................................

Telephone : ...................................................

e.mail : .........................................................

Subscription : £25 / £40

Date : ...........................................................


આથીજસ્તો. આ સૂચિત ઈસ્લામી ત્રાસવાદને ઝબે કરવાના આ વિષય અંગે ગંભીરપણે આપણે ચર્ચા માંડીએ એ અત્યન્ત જરૂરી છે.

મારી આ રજૂઆતમાં મારે આરંભે જ કહેવું રહ્યું કે તેનો સામનો બૂશ - બ્લૅરની રીતરસમે નહીં જ કરવો જોઈએ. 'ત્રાસવાદ સામેની લડાઈ'ની એમની વલણ હકીકતમાં ઊલટાની અવળું વાતાવરણ પેદા કરતાં કરતાં માથે પડશે. બૂશ અને બ્લૅરે બંનેએ પોતાના વાણીવર્તનથી સ્પષ્ટપણે હિંસક આદિ ઈસ્લામી તત્ત્વ સિદ્ધાન્તવાદ (ફન્ડામેન્ટલિઝમ) સારુ આગેવાન રંગરૂટનું કામ કર્યું છે. ... અને આથી, રસિક સવાલ પેદા થાય છે : તો પછી, હકીકતમાં, બૂશ તથા બ્લૅરનાં ગાંડપણનું કારણ, ભલા, શું હોઈ શકે ? શું તેમને ઈતિહાસની સમજણ જ નહોતી કે ? તેમના વાણીવર્તનવ્યવહારની એમને કોઈ જાણકારી નહોતી કે ? કે પછી એક શબ્દમાં કહેવું હોય તો શું તે 'મૂરખ' હતા ? કે પછી, તે બંને તેમ જ દોરી સંચાર કરતા તેમના ટેકેદારો યહૂદી - ઈસાઈ વર્ગીય વિરુદ્ધ ઈસ્લામી સંસ્કૃતિઓને માંહે માંહે બઝાવવા ચાહતા હતા ?

'ઝાઈઅનિઝમ : ધ રિયલ એનિમી ઑફ ધ જ્યૂસ' નામક બે ખંડવાળા મારા ગ્રંથના બીજા ભાગમાં, મેં ત્રાસવાદને ઝબે કરવાની જડીબુટ્ટીની સમજણ માત્ર ૧૪૭ શબ્દોમાં આપી છે. મંદ બુદ્ધિના લોકો ય આ લખાણને સમજી શકશે, એમ મને ખાતરી છે. તે આ મુજબ છે :

Terrorists cannot operate, not for long, without the cover and the practical, emotional and moral support of the community of which they are a part. When that community perceives itself to be the victim of a massive injustice, and if that injustice is not addressed by political means, the community will cover, condone and even applaud the activities of those of its own who resort to terror as the only means of drawing attention to the injustice, to cause it to be addressed. It follows that the way to defeat terrorism - the only successful and actually proven way - is by addressing the genuine and legitimate grievances of the host community. The community will then withdraw its cover and support for its support; and if they continue to try to operate, the community will oppose them by exposing them - reporting them to the authorities if reasoning fails.

(પોતે જે સમાજના ભાગરૂપ છે તેની વ્યવહારુ, ભાવનાશીલ અને નૈતિક સહાય વગર અને તેના આશરા વિના ત્રાસવાદીઓ ઝાઝો સમય નભી ટકી શકે નહીં. બહોળા પ્રમાણમાં થયેલા અન્યાય સામે ન્યાય મેળવવા રાજકીય રીતભાતે હૂંફટેકો મળતા ન હોય, તો ધ્યાન મેળવવા તે સમાજ ત્રાસવાદને શરણે જનારને આશરો આપશે, તે ભણી આંખ મીંચામણાં ય કરશે તથા તેમની પ્રવૃત્તિઓને વધાવતી પણ રહેશે. આનો અર્થ એમ કરીએ કે ત્રાસવાદને ઝબે કરવાને સારુ એક માત્ર સફળ અને પુરવાર થયેલો માર્ગ છે : આવા સમાજને થયેલા અન્યાયો સમજીએ અને તેને દૂર કરવા પ્રયાસ આદરીએ. આવું થાય તો આ સમાજ ત્રાસવાદ ભણીનો પોતાનો હૂંફટેકો હટાવી લે છે અને તેને સહાય કરવાનું બંધ કરે છે. એ પછી પણ જો ત્રાસવાદીઓ પોતાની પ્રવૃત્તિ કરતા રહેતા હોય તો સમાજ જ તેનો સામનો કરે છે અને જો સમજાવટમાં તેને સફળતા સાંપડે નહીં તો અધિકારીઓને તેની જાણ સુદ્ધાં કરે છે.)

આ મારા ૧૪૭ શબ્દો છે. હું કહેવા જઉં છું કે ત્રાસવાદીઓને સહાયભૂત થતાં અનેક કારણો આપણને જોવા અનુભવવા મળે છે. ઉત્તર આયર્લૅન્ડમાં, ઉદાહરણ રૂપે, આયરિશ રિપબ્લિકન આર્મીના ત્રાસવાદને ઝબે કરવાને માટે બ્રિટિશ સેના સફળ બની નહોતી. ત્રાસવાદીઓ પોતે જ હાંફી ગયા અને બીજો કોઈ ચારો રહ્યો નહીં ત્યારે તેમણે જ તેમનું આંદોલન વીંટવાનું રાખ્યું છે. કેમ કે કેથલિક સમાજ જે તેમને હૂંફટકો આપતો હતો તે હવે આપતો નહોતો. પગલાં ભરવાં જરૂરી હતાં તેની છેક અડધી સદી પછી, લડાઈખોર પ્રોટેસ્ટન્ટવાદનો રોષ વહોરતાં વહોરતાં બ્રિટિશ સરકારે ઉત્તર આયર્લૅન્ડના કેથલિકોની ન્યાયી ફરિયાદોનો નિકાલ કરવાનો નિર્ણય લીધો, તે પછી જ આવું શક્ય બની શક્યું છે.

ઈસ્લામી ત્રાસવાદને ઝબે કરવાને સારુ સર્વત્ર પથરાયેલા આરબ તેમ જ મુસ્લિમ, સમાજની ન્યાયી ફરિયાદો નેસ્તનાબૂદ કરવાનું પગલું ભરાવું જોઈએ.

તકરારના મુદ્દાને વજન આપવા, ઉદાહરણ રૂપે, પેલેસ્ટાઈન કોયડાને કારણે પેદા થયેલા ત્રાસવાદને નેસ્તનાબૂદ કરવા, આ નુસખો લાગું પાડવાનું રાખીએ. આંતરરાષ્ટ્રીય રોજિંદા વહેવારના કેન્દ્રને કેન્સરનો રોગ લાગુ પડ્યો હોવાનું મેં જણાવ્યું છે ... અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ પાસે જો કોઈ જાદુઈ છડી હોય અને તેના એક જ ઝાટકે જો ૧૯૬૭ના યુદ્ધ પહેલાંની સીમારેખાઓ મધ્યે ઈઝરાઈલ પાછળ વળી જાય, તેમ જ બંને રાજ્યોના પાટનગર તરીકે જેરુસલામને ગોઠવી દઈ તેને ખુલ્લો વિસ્તારરૂપ ગોઠવી આપે, તો ઘડીના છઠ્ઠા ભાગમાં, જગત ભરના ૯૫ %, અરે, કદાચ ૯૯ % પણ, આરબો અને મુસ્લિમોનાં આભાર,

માન, મૈત્રી તથા સહાયની મહા નદી ઉછળતી ઉછળતી તેમના ભણી વહેતી થાય.

આરબો તેમ જ બીજા મુસ્લિમોને ઠેસ પહોંચી છે તે પાયાગત મુદ્દો છે તેનો આ દાખલો છે. આંતરરાષ્ટ્રીય સમાજની વિધવિધ સરકારો તેમ જ સાંપ્રત આરબ જગતમાંની કેટલીક નિર્વીર્ય સરકારો સહિત ઈઝરાયલના સત્તા-ઘમંડને લીધે પીડાયેલા, ગુસ્સે થયેલા અને માનભંગ બનેલા આ લોકો 'ઝાઈઅનિસ્ટ' (હિબ્રૂ ધર્મશાસન અનુસાર) રાજ્યને જવાબદાર લેખી પોતાના ગુનાઓનો હિસાબ દેવા પડકારતા રહ્યા છે. અમેરિકાની આગેવાનીવાળી પશ્ચિમી દેશોની સરકારોમાં જે બેવડી નીતિરીતિ જોવા સાંપડે છે તે વિશે આરબો તથા મુસ્લિમોમાં સવિશેષ ધિક્કારની લાગણી પ્રવર્તે છે. આ બેવડી નીતિરીતિ આ મુજબ છે : ઈઝરાયલ સિવાયના બાકી બીજા દેશો માટેની એક રીતિનીતિનું ધોરણ, અને ફક્ત ઈઝરાયલ માટેનું બીજું ધોરણ.(જો કે મારે કહેવું જોઈએ કે વૉશિંગ્ટન ડીસીમાં આજે શાસન કર્તાઓ ઈઝરાયલી રીતરસમે જ રાજ કરે છે. એટલે કે આંતરાષ્ટ્રીય કાયદાકાનૂનની તેમને કોઈ જ કંઈ પડી નથી.)

*આટલું કહ્યા પછી, અને હું જે કંઈ કહી રહ્યો છું તે બાબત આ યહૂદીવાદ મને ભાંડે અને ગાળાગાળી કરે તેથી આગોતરી પાળ બાંધીને વિધિવત્ આ વૈધાનિક ઘોષણા (સ્ટેચ્યુટરી ડિક્લેરેશન) કરું છું. અને તે આ મુજબ છે. જ્યૂડેઈઝમ (જ્યૂડાસમતવાદીઓ) અને ઝાઈઅનિઝમ (હિબ્રૂ ધર્મશાસન અનુસારનો યહૂદીવાદ) એકની એક વાત છે જ નહીં. બંને એક બીજાની વિરુદ્ધ છે. આટલી સમજણ આવે તો જ આટલું સમજી શકાશે : (ક) ઝાઈઅનવાદના સંસ્થાનવાદી કરતૂતોનો સામનો કરવા તીવ્રપણે કોઈ ઝાઈઅનવાદ વિરોધી પ્રવૃત્તિ વાટે તેની પાછળ પડી જાય તે સહજ સમજાય તેવું છે. અને આમ થાય એટલે કોઈ પણ અર્થમાં અને વાણી વર્તનમાં તે શામવંશોત્પન્ન (સેમેટિક = શામ વંશજ જાતિઓનો કોઈ પણ સભ્ય, જેમાં યહૂદીઓ, આર્મેનિયનો, ફિનિશિયનો, આરબો, આસીરિયનોનો સમાવેશ છે તેને સંબંધક) વિરોધી છે તેમ લેખવું જ જોઈએ નહીં. અને હવે (ખ) થોડાંકનાં પાપને કારણે તમામ યહૂદીઓને ભાંડવા એ ય ખોટું છે. ... મારી વૈધાનિક ઘોષણા અહીં સમાપ્ત થાય છે. પણ જોડાજોડ હું ઉમેરીશ કે જ્યૂડાસમતવાદીઓ તથા હિબ્રૂ ધર્મશાસન અનુસારના યહૂદીવાદ વચ્ચેનો નર્યો તફાવત આરબોને અને મુસ્લિમોને માટે તો યુગોથી જાણીતો જ છે. તેમના ઈતિહાસના મોટા ભાગના સમયગાળા દરમિયાન, આરબોએ તથા મુસ્લિમોએ યહૂદીઓનું સૌથી ઉમદા રક્ષણ કરેલું જ છે. આ હિબ્રૂ ધર્મશાસન અનુસારના યહૂદીવાદી સંસ્થાનવાદી કરતૂતોને જ કારણે આ સંબંધોમાં પલીતો ચંપાયો છે. આ ઝાઈઅનવાદી કરતૂતોને માટે મોટા ભાગના આરબો અને મુસ્લિમો બધા યહૂદીઓ પર દોષનો ટોપલો ય નાંખતા નથી.*

સંક્ષિપ્તમાં, હું એ કહેવા ચાહું છું કે મધ્ય પૂર્વમાં ન્યાયી તથા ચિરંજીવ શાંતિ પથરાવવા સારુ આ હિબ્રૂ ધર્મશાસક ઈઝરાયલ દેશને પોતાના આચરેલા ગુનાઓ જગજાહેર કરવા અને તેનો સ્વીકાર કરવાની આપણે હાકલ કરીએ છીએ. ઈસ્લામી ત્રાસવાદને ખતમ કરવાને માટે પાયામાં પ્રથમપહેલાં આટલું થવું આવશ્યક છે. અને પશ્ચિમી દેશોના આગેવાનો માટે મારે આટલો સંદેશો કહેવાનો છે : સંસ્કૃતિઓ સંસ્કૃતિઓ વચ્ચેનું ઘર્ષણ તમે જો ટાળવા માગતા હો, તો તમારી વિદેશનીતિઓના પાયામાંથી જડબેસલાક જડાયેલાં તમારાં બેવડા ધોરણો ત્યાગો.

ટોની બ્લૅર વડા પ્રધાન હતા એ દિવસોમાં તેમણે કરેલા એક ખાસ નિવેદન વિશે મારે બેચાર શબ્દો ય કહેવા છે. તેમણે કહેલું : 'મુસ્લિમોને પશ્ચિમની સામે ફરિયાદો કરવાનો બોદો સિલસિલો છે.' તે, હકીકતે, અર્થહીન, વાહિયાત વાત કરે છે કેમ કે મુસ્લિમ ઉદ્દામવાદના ધૂણામાં બ્રિટિશ વિદેશ નીતિરીતિએ ઈંધણ ઓર્યા કર્યું છે તેનો સંપૂર્ણ અસ્વીકાર કરવાનું તેમણે સતત રાખ્યું છે. તેમના આ પ્રતિષેધમાં કોઈ જ ખરાઈ નથી કેમ કે વિદેશ મંત્ર્યાલયે તેમને જરૂરી માર્ગદર્શન કર્યું જ હતું. મે ૨૦૦૪ના અરસામાં, વિદેશ મંત્ર્યાલયના એક સૌથી વરિષ્ટ અધિકારી સર માયકલ જેએ પ્રધાન મંડળના સચિવ સર એન્ડ્રુ ટર્નબુલને નામ એક કાગળ લખ્યો હતો. તત્કાલીન વડા પ્રધાન ટોની બ્લૅરને તેમ જ તેમના પ્રધાનોને તેમાં જરૂરી ચેતવણી આપવામાં આવી હતી કે બ્રિટિશ વિદેશ નીતિરીતિને કારણે મુસ્લિમ આતંકવાદ ઉદ્દીપન થઈ રહ્યો છે. આપણને આ કાગળ લખાયાની જાણકારી થવી જોઈતી નહોતી, પરંતુ તે ગુપ્ત કાગળને કોઈકે છત્તો કર્યો હતો.

સૌથી વધુ ભયંકર બેજવાબદાર નિવેદન કર્યાનું જો કોઈ ઈનામ હોય, તો તે ઈનામ, તાજેતરમાં થયેલા, આ બ્લૅર નિવેદનને મળવું જોઈએ, એવો મારો મત છે. મારા મત મુજબ, પોતાની કોમમાં અંતિમવાદ ભણી ધસી રહેલા પ્રવાહને ખાળવા માટે તનતોડ મહેનત લેતી બ્રિટિશ મુસ્લિમ બિરાદરીના તળિયા હેઠળથી જમીન ખેસવી લેવાનું થોડુંઘણું કામ તેણે કરેલું છે. બ્લૅરની નીતિને કારણે, બ્રિટિશ વિદેશ નીતિને કારણે મોટા ભાગે આ પ્રવાહ ધસમસી રહ્યો છે.

બ્રિટનની મુસ્લિમ કોમના આગેવાનોએ એક નિવેદન બહાર પાડીને ભારે હિમ્મત બતાવી છે, એ વિશે બે શબ્દો કહેવાની રજા લઉં છું : "ધ ટાઈમ્સ"માં આપેલી જાહેરખબરમાં તેમણે કહેલું : 'બ્રિટિશ વિદેશ નીતિ વાટે થતા રહેલા અન્યાયોને કારણે યુનાઈટેડ કિંગ્ડમની આમ જનતા પર આક્રમણ થવાના ભયમાં વધારો થતો રહ્યો છે.'

ઉઘડતા પ્રભાતની ઘડીએ, મારા બારણે ટકોરા પડવાની કોઈક અપેક્ષા સાથે, મારે કહેવું છે કે આ નિવેદનમાં આ સમયગાળાનું સત્ય પડેલું છે. કમભાગ્યે, બ્લૅર સરકારે સ્વીકારેલું એ સત્ય નહોતું. આ દેશના નાગરિકોને સલામતી આપવામાં તેમ જ તેમનું રક્ષણ કરવાની પોતાની પાયાગત ફરજમાં ભૂલ થયેલી છે એમ તેમણે સ્વીકાર્યું હોત તો તેવી ભૂલનો જાહેર એકરાર કર્યો છે તેમ લેખાત.

ભારતની સ્વતંત્રતાના હીરક મહોત્સવ ટાંકણે એક આંતરરાષ્ટ્રીય પરિષદ મળી હતી. આ વર્ષ દરમિયાન, મને આ પ્રસંગે ભારત જવાનું અને પરિષદમાં વક્તવ્ય આપવાનું આમંત્રણ મળેલું. એ પહેલાં ય, વર્ષ દરમિયાન, એવા જ કારણે ભારત જઈ આવ્યો હતો. ભારતના બે'ક અનુભવોની વાત કહીને મારું વક્તવ્ય હું પૂરું કરવા ધારું છું.

હું દિલ્હીમાં હતો. કેન્દ્રીય સરકારના પ્રધાનમંડળના પૂર્વ સચિવ અને મારા બહુ જ સારા મિત્ર ઝફર સૈફુલ્લાહે એક અવસર ઊભો કર્યો હતો. આ પદ સુધી પહોંચેલા તે એક માત્ર મુસ્લિમ બિરાદર છે તે આપણે સૌ જાણીએ છીએ. તેમના વખતમાં જુદા જુદા ખાતાઓમાં એકદા કાયમી સચિવો તરીકે સેવાઓ આપીને આજકાલ નિવૃત્ત થયેલા એમના મિત્રોને તેમણે સહ ભોજન લેવા આમંત્રણ આપેલું. ભારતીય વાતાવરણમાંના એ 'સર હમ્ફ્રીસ' જ હતા ને !

તેમની સાથે વાદસંવાદ થતો રહ્યો. હું તેમને કહેતો હતો : અત્યારે દેશમાં જે વિપુલ સંપત્તિ ઊભી થઈ છે તેની સરખી રીતે દેશ ભરમાં ફેરવહેંચણી કરવામાં નહીં આવે, તો મને ભય છે કે એક દિવસ એવો આવશે કે ત્યારે ભારતમાં કલ્પાયો નહીં તેવો હિંસાચાર પેદા થશે અને જગત ભરમાં તેની કોઈ સાથે તૂલના ય થઈ શકશે નહીં. છેવટે બહુ જ થોડાક લોકો માટેની પૂંજી સામે મોટા ભાગના લોકોની ગરીબાઈની ટક્કરમાં નિરાશાની ભારે મોટો વિસ્ફોટ થવાની દહેશત છે.

મને હતું કે ભારતીય પરંપરાના આ દરેક સર હમ્ફ્રીસ જાણ્યે અજાણ્યે મારી સાથે અસહમત થશે અને મને કહેશે કે મારું દુઃસ્વપ્ન ક્યારે ય સાચું પડવાનું નથી. પરંતુ તેમણે હકીકતમાં જે કંઈ કહ્યું તેમ આમ હતું : તેમને ય એવો ડર રહ્યો છે. ભારતમાં જે વિશાળ પાયે સંપત્તિ પેદા થઈ રહી છે તેની સરખી રીતે સમાજના દરેક સ્તરે ન્યાયી ફાળવણી કરવી જરૂરી થવાની છે. પરંતુ ત્યાં થોડોક આશાવાદ બંધાયો છે કેમ કે ભારત સરકારના પ્રધાનો ગરીબાઈ નેસ્તનાબૂદ કરવાની વાત સતત કરતા જ રહે છે. અહીં હવે યક્ષપ્રશ્ન છે – આ વાણીવિચારને આચરણમાં મૂકવા માટે તેમને રાજકીય સંકલ્પશક્તિ મળવાં જરૂરી છે. અને ખરેખાત જો એમ થાય, તો માનવકુળ માટે

# ચોવાટ પરે હિન્દુસ્તાની મુસ્લિમ જમાત

○ વિપુલ કલ્યાણી

'હું મુસલમાન છું. બીજા કોઈ પણ હિંદીની જેમ હું ય મારા દેશને ચાહું છું.' બેંગલોરનિવાસી, ઇજનેરી અભ્યાસનો એક વિદ્યાર્થી, ઝીશન ખાન કહેતો હતો. પછી તેણે ઉમેર્યું : 'બાકીનાઓની જેમ મારે શેખી નથી કરવી અને કહેવું નથી કે મારા દેશને માટે હું આ કરી દઈશ અને તે કરી દઈશ. પોતાના માદરે વતન માટે લોકો જ્યારે ઉમદા નિવેદનો કરે છે ત્યારે તે ઉચ્ચારણો સાંભળવા બહુ જ મીઠા લાગે છે. પરંતુ, મને લાગેવળગે છે ત્યાં સુધી, આ બધી બોલચાલની રીતરસમ છે. હકીકતમાં એકલો માણસ કેટલો ફેરફાર આણી શકે ? મારા દેશને હું તદ્દન ભૂલી જઈશ તેમ તો મારે કહેવું જ નથી.........'

આમ તેની વાતચીત લંબાતી રહી. પણ દરેક સામાન્ય યુવકની જેમ જાણે કે તે વાત કરતો હતો. આવી વાતચીત કરનાર જે તે યુવાન કોઈ પણ મુલકનો નાગરિક હોઈ શકે છે. વિલાયતમાં ઠરી ઠામ થયેલી જમાતનો યુવાન પણ, સ્વાભાવિક, આવી જ ભાષા બોલે અને જીવે. આપણી અપેક્ષા પણ તેવી જ હોય. ખેર !

"હિન્દુસ્તાન ટાઈમ્સ"ના તાજેતરના એક તંત્રીલેખનું મથાળું હતું : ઇન્ડિયા ઇન્ટૉલરન્સ ઇન્કૉર્પરિટેડ – ભારતીય અસહિષ્ણુ મંડળી. તેનો પહેલો ફકરો જોવા સમ છે :

સરખામણી વિચિત્ર લાગશે પણ ભારતની ઉપસ્થિતિ વિશે આજકાલ કિંગલાયા કરીએ છીએ અને આ હીરક મહોત્સવ ટાંકણે પાકિસ્તાનને પછીતે હડસેલી મૂકીએ છીએ. આપણાં બહુસાંસ્કૃતિકવાદ, ધર્મનિરપેક્ષભાવ તથા લોકશાહી આપણા માટે અગત્યના સિદ્ધાન્તો છે, જ્યારે પાકિસ્તાન વિશેની લગભગ છાપ અસહિષ્ણુતાની ચીતરીએ છીએ. મુંબઈમાં આવ્યા "આઉટલૂક" સામયિકના દફતર પર જે પ્રકારનો હિંસક હલ્લો થયો તેનાથી આપણી ઊંઘ હરામ થઈ જતી નથી કે ? આપણી વચ્ચે પણ કોવાયેલાં સફરજન છે, તે સ્વીકારવું પડશે ને. હૈદ્રાબાદ ખાતે બંગલાદેશી લેખિકા તસ્લિમા નસરીન પર આક્રમણ થયું તેના ય આપણે સાક્ષી છીએ. એ પહેલાં, સન ૨૦૦૪ દરમિયાન, પૂણેના ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટમાં શંભાજી સેનાએ તોફાન કરીને નુકસાન પહોંચાડેલું. ... એમ.એફ. હુસૈન સરીખા ગણમાન્ય કળાકારો પરના હલ્લાઓ હોય કે પછી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના લલિતકલા વિભાગમાં, હાલમાં, જે કંઈ બન્યું તેમ જ બાબરી મસ્જિદ સાથે ચેડા કરાયા છે તેથી બહુ જ સ્પષ્ટ થાય છે કે આપણે અસહિષ્ણુ છીએ; તેમ જ આપણી મતાંધતા પણ હવે છતી થઈ ગઈ છે.

"હિન્દુસ્તાન ટાઈમ્સ" છેવટે તારવે છે : બહુમતી જનતા જે કંઈ વિચારે છે અને જીવે છે તેનું પ્રતિનિધિત્વ આ દુષ્ટ તત્ત્વો કરતાં જ નથી. બહુમતી જનતાને સારુ તો પેટિયું રળવાનો પ્રાથમિક મુદ્દો છે. ગરીબાઈ નાબૂદી તેમ જ રોજગારીના સવાલો, તેમના મતે, પાયાની બાબતો છે. અને આ ભાન ભૂલેલી લઘુમતીની કોઈક કહેવાતી નેતાગીરી કાચાપાકા સાંસ્કૃતિ મુદ્દાને નામ આડેધડ દુરુપયોગ કરે તો તેને આમ જનતાનું માનભંગ જ લેખવું રહ્યું.

સાદિયા દેહલવી નામનાં એક કલમચીએ કહ્યું છે : મુસ્લિમ જગત જુલમ અને અન્યાય સહન કરે છે. પરંતુ આપણે સ્વીકારવું જ રહેશે કે આપણા કેટલાક દુ:શ્મનો આપણા ઘરમાં જ ભરાયા છે. ગ્લાસગોમાં જે હિંસાચારી આક્રમણ થયું તેમાં અને લાલ મસ્જિદમાં જે કંઈ બન્યું તેમાં આપણને ત્રાસવાદ તેમ જ અંતિમવાદનાં દર્શન થાય જ છે. સ્પષ્ટપણે આપણી કોમમાં અજ્ઞાન, નેતાગીરી અને આસ્થાની કટોકટી છે. સાદિયાબહેનના મત મુજબ, કોમમાં ઉદ્દામવાદી અંશ છે અને તેને ઓળખી બતાવવો તેમ જ તેનો અસ્વીકાર કરવો જરૂરી છે. પવિત્ર કુરાન

ભારત મશાલચીનું ભર્યુંભાદર્યું સ્થાનમાન લઈ શકશે.

બેંગલોરમાં, 'ભારત સમર્થન પરિષદ'(એમ્પાવર ઇન્ડિયા કૉન્ફરન્સ)માં મેં ભાગ લીધો હતો. 'પોપ્યુલર ફ્રન્ટ' દ્વારા તેનું આયોજન કરાયું હતું. તેની તૈયારીઓ બારેક મહિનાથી ચાલતી હતી. આ ત્રણ દિવસની પરિષદમાં પરિસંવાદો, ચર્ચાબેઠકો તેમ જ વિચારગોષ્ઠિઓ આમેજ હતાં. શહીદ ટીપ્પુ સુલતાન નગર મહેલના મેદાનમાં ૧૭ ફેબ્રુઆરીએ આમ સભા મળી હતી. એ ૧૭ ફેબ્રુઆરી હું ક્યારે ય નહીં ભૂલું; તે માટે બે કારણો મને જડે છે. એ દિવસે મને ડપમું બેસતું હતું અને હું હવે વિધિવત્ જૈફ આદમી બનતો હતો. વળી, મારી સમૂળી જિંદગીમાં આટલો ઉત્સાહવર્ધક દિવસ મેં ક્યારે પણ અનુભવ્યો નહોતો.

આ જાહેર સભામાં એકાદ લાખ લોકોથી ક્યાં ય વધારે લોકો ઉપસ્થિત હતાં. બહુ મોટી સંખ્યા કહેવાય. પરંતુ વાત એ અગત્યની નહોતી. તેમાં જે લોકો આવ્યા હતાં તેમાંના ૮૦ % લોકો યુવાન વયનાં હતાં, તેનું મને મહત્ત્વ છે. અનેક રાષ્ટ્રોમાં બનતું મેં દીઠું છે તેની સરખામણીએ આ નોખી ઘટના હતી. અહીં યુવકો રાજકારણમાં સમ્મિલિત થઈ રહ્યાં હતાં, તેનાથી અલિપ્ત નહોતા થતાં. એ લોકો સક્રિય બનવા પોતે તૈયાર છે તેની સાહેદી આપતા હતાં.

એ સભાનું મહત્ત્વ તમને સમજાવવા સારુ અને હું શા માટે ઉત્સાહિત હતો તે કહેવા માટે મારે તમને એ સમૂળી પરિષદનો જે હેવાલ અબીહાલ પ્રકાશિત થયો છે, તો તેના સંપાદકના ઉદ્દબોધાતમાંથી કેટલુંક ટાંકવું છે. આ અહેવાલનું મથાળું છે : 'રિસર્જન્સ' (પુનરુત્થાન).

"કોઈ પણ જાતના અતિરેક વગર કહી શકાય કે ભારતીય મુસ્લિમોના ઇતિહાસમાં, આ ભારત સમર્થન પરિષદે અગત્યનો બીજભૂત ફાળો આપ્યો છે. સમાધાન તેમ જ સલામતી મેળવવા માટે પાછલા થોડાક દશકાઓ દરમિયાન અંધારામાં ફાંફાં કર્યા પછી, હવે તેઓ વયસ્ક બન્યા છે તેમ જ અણવિકાસની લપસણી ગલીઓમાંથી બહાર આવી ગયાં છે. અસહ્ય જુલમ વેઠનારાઓ તથા અધિકારવિહોણાઓ પહેલવહેલી વખત એક જ નેજા હેઠળ ભેગા મળી રહ્યા છે તેથી ભારતીય ઇતિહાસમાં આ પરિષદે જળવિભાજક પરિસ્થિતિ પેદા કરી છે. તે લોકોએ પોતાનાં વર્તમાન તથા ભાવિ અંગેની રાસ પોતાના હાથમાં મક્કમતાથી જકડી રાખવાનો નિર્ધાર કરેલો છે. જુદા જુદા માહોલમાંથી, આસ્થાઓ ને વિચારધારાઓ તેમ જ વિવિધ સંસ્કૃતિઓમાંથી આવતા લોકોનો એ સંગમ હતો. અને તેમનો સંદેશ સ્પષ્ટ હતો : *હવે તેમને કોઈ ગૃહીત કરી શકશે નહીં.*"

ભારત માટેની બીજી કેટલીક અગત્યની ચિંતાઓની મારે વાત છેડવી જોઈએ, પરંતુ સમયના અભાવે એમાં જવાનું ટાળું છું. એ વિશે ફક્ત ઇશારો જ કરી દઉં છું. અમેરિકાના નવ્ય રૂઢિવાદીઓ અને તેમના ઝાઈઅનિસ્ટ સાથીસહોદરો ભારતમાં દુનિયાના એ ભાગનું ઇઝરાયલ જોવા ઇચ્છે છે. મારા મત મુજબ, જો ભારત જગતને ચોક આ તબક્કે

તેમના ભણી ફંટાયું તો ભારતને જ સહન કરવાનું આવશે. જાગતિક ચોપાટની આ રમતજાળમાં એક ભણી અમેરિકા અને પશ્ચિમ યુરોપ છે તો સામે બીજી પાસ, રશિયા અને ચીન છે. બિનજોડાણની કેડીએથી ફંટાઈ જતા તેને ભારે મોટી ખુંવારી સહેવાની થાય એમ છે.

અને આવું જો બને તો, હું ય વાઈનભરી પ્યાલી હાથમાં લઈશ અને ભારતના હીરક મહોત્સવ ટાંકણે તેની સ્વતંત્રતાનાં હું ય ગુણગાન ગાઈશ. એ ગુણગાન આમ હશે :

**'લોકશાહી જીવતી જાગૃત રાખવાને સારુ એ સૌ પોતપોતાનો સક્રિય ફાળો આપી શકે અને સાથે સાથે દરેકને સારુ સમતાભર્યા ન્યાય તેમ જ શાંતિ કાજે સક્રિય હોય તેવા ભારતનું જ માત્ર સમર્થન નહીં, જ્યાં જ્યાં ભારતીયો વસે છે ત્યાં ત્યાં તમામેતમામને ય તે કારણ તેવું જ સમર્થન મળજો.'**

*('ઇન્ડિયન મુસ્લિમ ફેડરેશન'ના બે દિવસીય પરિસંવાદમાં રજૂ થયેલા મૂળ અંગ્રેજી વક્તવ્યનો અનુવાદ. – અનુવાદક - વિપુલ કલ્યાણી.*

*લેખકે 'ઇન્ડિપેન્ડન્ટ ટેલિવિઝન ન્યૂઝ' તેમ જ 'બ્રિટિશ બ્રોડકાસ્ટીંગ કોરપોરેશન'માં સંવાદદાતા તરીકે લાંબા ગાળાની સેવાઓ આપી છે.)*

e.mail : alan_hart_esq@btinternet.com

અનુસાર જો કોઈ એક પણ જીવને ઉગારવાનું રાખીએ તો તે માનવજાતને ઉગારવા સમ લેખાવું જોઈએ. સાદિયા દેહલવી દલીલ માંડતાં રહ્યાં.

જાણીતા પત્રકાર અને બ્રિટન ખાતેના ભૂતપૂર્વ ઉચ્ચાયુક્ત કુલદીપ નાયરનો એક નિબંધ, તેમની "ડેક્કન ક્રૉનિકલ"માંની 'બિટવીન ધ લાઈન્સ' કટારમાં હાલ વાંચવા મળ્યો. તે લખતા હતા : પશ્ચિમના કેટલાક દેશોમાં મુસ્લિમો પ્રત્યેની વલણમાં, ત્રાસવાદના ઓછાયા હેઠળ, રંગભેદની પણ માત્રા જોવા મળે છે. સન ૧૯૯૦ દરમિયાન આવું ચિત્ર ઉપસતું મેં યુનાઈટેડ કિંગ્ડમમાં અનુભવ્યું હતું. એ દિવસોમાં હું લંડનમાં ભારતનો ઉચ્ચ આયુક્ત હતો. બ્રિટિશ સમાજમાં રંગભેદ ફરી માથું ઊંચકતો હતો. ભારતીય ઉપખંડથી આવતા કોઈ પણ લોકને 'પાકી' કહીને ફિટકારવામાં આવતા હતા. સુધરેલી ગોરી વસતી ય ખૂલે મને આવી વાત તિરસ્કાર સાથે કહ્યા કરતી. મારા વિસ્મય વચ્ચે અશ્વેત લોકો તે સહ્યા કરતા, પરંતુ તેનો સ્વીકાર કરતા જ નહીં.

કુલદીપ નાયર, આગળ જતાં, દલીલ માંડે છે : આવા પૂર્વગ્રહોની ઝીંકાઝીંક વચ્ચે સરળતાએ મુસ્લિમો હાથમાં આવી જતા. વડા પ્રધાન તરીકે પોતાના આખરી દિવસો દરમિયાન, માર્ગરિટ થેચરે, એકદા, મને કહેલું : સામ્યવાદી સોવિયેત સંઘના મરણ પછી, જગતની સામે ઈસ્લામનો સૌથી મોટો ખતરો છે. મારી ધારણા મુજબ તે ઈસ્લામી આદિ તત્ત્વ સિદ્ધાન્તવાદ(ફન્ડામેન્ટલિઝમ)ની વાત કરતાં હતાં. દેશાગમન(ઈમિગ્રેશન)નાં નામ હેઠળ નવાનવા કેવા અને કયા કાયદા કાનૂનો અને નિયમનો બ્રિટન લાદશે તેનો જ વિચાર મને ધ્રૂજાવતો હતો. મહદ્ અંશે એશિયાઈઓની વિરુદ્ધ જ તેની નજર રહેવાની. આવી વલણ સહજ દેખાતી હતી.

બ્રિટનમાં ગંભીર કોયડાઓનો ગંજ ખડકાયો છે. ઈરાકમાંનાં યુદ્ધને લીધે જે કંઈ પરિસ્થિતિ પેદા થઈ છે, તે તેમાંનું એક અગત્યનું કારણ છે. જ્યારે બીજાં જે કંઈ કારણો છે તેમાં બીજો મત પણ મહત્ત્વનો સાબિત થયો છે : મુસ્લિમો સાચ્ચેસાચ માને છે કે પશ્ચિમ-જગત વિશ્વ ઉપર છવાઈ જવા માગે છે તેમ જ પશ્ચિમી સંસ્કૃતિને અને સભ્યતાને ઈશ્વર માટે કોઈ પણ પ્રકારનો આદરભાવ નથી. વળી, પશ્ચિમી સમાજમાં સ્ત્રીઓને જે રીતે દર્શાવવામાં આવે છે તથા તેમના ભણી જે રીતે વર્તાવ થતો રહ્યો છે તેમાં તેમને બીભત્સતા વર્તાય છે.

મુસ્લિમોને ફરિયાદો છે. કેટલીક સાચી છે તો કેટલીક કાલ્પનિક પણ છે. પરંતુ તેનો અર્થ એમ નથી કે તે ધર્મમાં કંઈક ખરાબી છે. કુલદીપ નાયરે લખ્યું છે તેમ, ત્રાસવાદ એ ઈસ્લામનો અંશ નથી. જેહાદના પુકાર ક્યારેક ખોટા કારણોએ કરવામાં આવે છે. તે ઈસ્લામના ઊસૂલોની વિરુદ્ધ પણ જતા જાણ્યા છે. આપણી સામે તુર્કસ્તાનનો દાખલો છે. તે ઈસ્લામી દેશ છે, પરંતુ આપણે તુર્કી ત્રાસવાદની વાત હજુ જાણી નથી. હજુ ઝાઝા દિવસો તેને થયા નથી, ત્યાં ધર્મનિરપેક્ષવાદની તરફેણમાં બહુ જ મોટું સરઘસ કાઢવામાં આવ્યું જ હતું.

મુસ્લિમ સમાજમાં જુદા જુદા વિચારોને કારણે ઘણું સારું ઊભું થઈ શકે છે. વિવિધ કોમો વચ્ચે કદાચ તંદુરસ્ત સંપર્ક સાથે વિચારવિમર્શ થઈ શકે છે. લોકશાહીના પાયામાં, અલબત્ત, આ જરૂરી બાબત છે તેમ આપણે સ્વીકાર્યું છે, તેમ મને ખાતરી છે. વિચારોમાં નોખા પડવાનો અધિકાર વિશેષપણે વ્યવહારમાં સચવાતો આવે એ ય જરૂરી બને છે. આવું તુર્કસ્તાનમાં, પાકિસ્તાનમાં, બંગલાદેશમાં અને ભારતમાં બનતું રહ્યું છે તેમ અહીં યુનાઈટેડ કિંગ્ડમમાં પણ બનવું જોઈએ.

જાણીતા પત્રકાર અને લેખક મુબાશર જાવેદ અકબર, તાજેતરમાં, પૂછતા હતા : બાબરીથી માંડીને બસરા સુધીની ઘટનાઓને કારણે ઉશ્કેરાટમાં કોઈ એક કફીલ કે પછી કોઈ એક શકીલ નિરપરાધો સામે સ્વીકારી ન શકાય તેવી હિંસા આચરી બેસે તો શું તેને કારણે તમામ હિંદી મુસલમાનોને શિક્ષા કરવી જોઈએ ? પછી તેમનો સવાલ આગળ ધપતો રહ્યો : ગુજરાતમાં જે ત્રાસવાદને છૂટો દોર અપાયો અને મુસલમાનો પ્રત્યે જે પ્રકારનો હિંસાચાર થયો તેથી શું આપણે હિંદુ ધર્મને કે પછી તમામ હિંદુઓને દોષિત ગણવાના કે ?

પ્રૉફેસર સઈદ ઈકબાલ હસનયૈન કહે છે તેમ, ઈસ્લામમાં આસ્થા રાખનારાઓએ આંતરમુખ થઈને કુરાનના પાયાગત ઊસૂલો ફેર વાચીને તપાસી જવાની જરૂર છે. ઉદ્દામવાદ અને અંતિમવાદને પુષ્ટિ આપતી વાત રજૂઆતમાં છે કે નહીં તે સંભાળથી જોઈ લેવી જરૂરી છે. કેટલાક ઉદ્દામ ઈસ્લામવાદીઓ તથા ઈમામો પોતાને અનુકૂળ અર્થ કરીને વિવેચના કરે છે અને તેને કારણે હિંસાચારની આ સેળભેળ થતી હોવાનું આ વિદ્વાન પ્રાધ્યાપકને લાગે છે. સઈદ ઈકબાલ હસનૈન દલીલ કરતા હતા કે ભારતમાં તેમ જ અહીં બ્રિટનમાં મુસ્લિમ બૌદ્ધિકોએ જાહેર સમાજ જીવનમાં સક્રિય ફાળો આપવો જરૂરી છે અને ઉદારમતી વિચારધારા અને સમતાવાદી વલણની તરફેણ તેમણે કરતા રહેવી જોઈએ.

## વિસરી જઈ ખમાવી લઈએ

*સન ૨૦૦૨ના અનુ-ગોધરા હત્યાકાંડમાં સંડોવાયેલી આપણી કોમના માણસોએ હવે માફી આપીને આપણી કોમના શૈક્ષણિક તથા આર્થિક વિકાસનાં કામોમાં જોતરાઈ જવું જોઈએ. આપણે જોયું છે કે ૨૦૦૨ના હોમી હુલ્લડોમાં, જાણે કે, આપણી કોમને અસ્પૃશ્ય બનાવી દેવાઈ હતી. આથી સ્તો, આપણે સલામતી, સમતા અને ન્યાય માટે મથવું જ જોઈએ.*

*મારી ઉપર તથા મારા કુટુંબીજનો ઉપર જે લોકોએ હુમલો કરેલો તેમને ક્યારના ય મેં માફ કરી દીધા છે. મુસ્લિમ બિરાદરીના લોકોએ હવે આ હુમલાખોરોને માફ કરી દેવા જોઈએ, તેમ મારું માનવું છે. આ નરાધમ હત્યાકાંડમાં જે લોકો સંડોવાયા છે, તેમને તથા જેમના પરે અદાલતમાં કામ ચાલી રહ્યું છે, તેમને મારા મુસ્લિમ ભાઈભાંડુઓએ ક્ષમા આપવી જોઈએ, તેવી દિલભરી અપીલ હું કરું છું. મોટા ભાગના હિન્દુઓ શાંતિભર્યા કોમી એખલાસમાં આસ્થા રાખે છે, તેમ મારું માનવું છે.*

*એમ છતાં, કોઈ એક પક્ષ કે પછી કોઈ એક નેતાના ભયને કારણે આવો નિર્ણય આપણે કરીએ છીએ, તેમ કોઈએ લગીરે માનવું નહીં. હું આવી અપીલ એટલા માટે કરું છું કે આવું પગલું અલ્લાહતાલાને ખૂબ જ ગમશે. મક્કા ખાતેના વિજય બાદ, પોતાને હેરાનપરેશાન કરવામાં લાગી પડેલા તમામ વિરોધીઓને પયગમ્બર સાહેબે માફ કર્યા જ હતા. ઈસ્લામના ભારે મોટા ઊસૂલ સાથે આમ આ માફી પૂરેપૂરી બંધ બેસતી હશે.*

*ગુજરાતની આગામી ચૂંટણીઓમાં આપણી કોમના આગેવાનો, આ કે તે પક્ષ જોડે સંકળાવા, જે રીતે મથી રહ્યા છે તે જોઈને મને કમકમાં આવે છે. આગામી એક દાયકા સુધી મુસ્લિમ કોમે ચૂંટણીઓમાં ભાગ ન લેવો જોઈએ, એવો મારો મત છે. આ ગાળા દરમિયાન, આપણે સૌએ આપણી શૈક્ષણિક આર્થિક સવલતો નક્કર પાયા પર અંકે કરી લેવી જોઈએ. જે ઉમેદવારો જનજીવનની તથા માલમિલકતની સલામતી માટેની બાયંધરી આપી શકે તેમ જ મુસ્લિમ કોમ જોડે ન્યાયી અને સમુચિત વર્તનવ્યવહાર કરવાની ખાતરી આપી શકે તેને જ મતદાન આપવાનું આપણે રાખવું જોઈએ.*

*અમુકતમુક ટકાવારીમાં બંધાઈ જઈ, આપણા પ્રતિનિધિઓને ધારાસભામાં મોકલવાના પ્રયાસમાંથી બચીએ. આ જ રાજકારણીઓએ આપણી કોમના આર્થિક તેમ જ શૈક્ષણિક વિકાસનાં કામો માટે સાધનસંપત્તિનો ઉપયોગ કરવાનાં કામોમાં મથવું રહે છે. આમ થાય તો જ આગામી એક દાયકામાં આપણી કોમ પોતાના પગ પર ઊભી રહી શકશે.*

**– જૂઝાર એસ. બંદૂકવાળા**

બીજી તરફ ... તો, આવા આ ત્રાસવાદના આ હુમલાઓમાં, અનિષ્ટનો ભોગ બનનાર, આખરે, છે કોણ ?

જવાબ તો સ્પષ્ટ છે – નાગરિક. ઉદાહરણ રૂપે, ફક્ત હિન્દુઓ જ નહીં; માત્ર મુસલમાનો જ નહીં; એકલા ઈસાઈઓ જ નહીં; તેમ ફક્ત યહૂદીઓ પણ નહીં. અનિષ્ટનો ભોગ બનનારાઓ છેવટે તો લોકો જ છે. આ સમજણે સ્વીકારવું તો લગીર અઘરું નથી. કે પછી મોટા ભાગના લોકોએ આંખે ડાબલા ચડાવ્યા છે અને જગતને એક માત્ર ધાર્મિક રંગે જોવાનું રાખવું છે ? વળી, મોટા ભાગના આ ત્રાસવાદી હુમલાઓ, આ

દેશમાં અને અન્યત્ર સઘળે જાહેર સ્થળે થયા છે. તેમાં મંદિરો, મસ્જિદો, દેવળો, ગુરુદ્વારાઓ વગેરે વગેરેનો પણ સમાવેશ છે. બધી આસ્થાવાળાઓ, ઘણી માન્યતાના લોકો ય તેમાં સામેલ હોય. વળી, કેટલાક નાસ્તિક પણ હોવાના; તો કેટલાક અજ્ઞેયવાદીઓ પણ હશે. તેવા લોકો ય મરાયા હશે ને ?

થોડીક સ્વસ્થતા કેળવીને આટલું સમજીએ : કોઈ બાઈ માણસ બુરખો પહેરે એટલે શું તે ત્રાસવાદી બની જાય છે કે ? જેમ કોઈ સન્નારી ઘૂંઘટ ધારણ કરે એટલે તે ઉદ્દામવાદી બનતી જ નથી. કોઈક વળી દાઢી રાખે, મસ્જિદમાં જઈ બંદગી કરે એટલે તેને ત્રાસવાદમાં શ્રદ્ધા હશે તેમ આપણે કેમ માની લઈએ ? એમ પાઘડી પહેરવાથી, લાંબા કેશ રાખવાથી, ગુરુદ્વારામાં જવાથી કે પછી કપાળે તિલક કરવાથી, ધોતિયું પહેરણ પહેરવાથી પણ તે ત્રાસવાદી હોવાનું ચિત્ર ઉપસવું નહીં જ જોઈએ. આ ઉપલકિયા ભેદભાવોથી આપણું વતન ભર્યુંભાદર્યું બનતું આવ્યું છે. ફક્ત એટલું જ જોઈએ કે અસહિષ્ણુતાની લપેટમાં આપણે લગીરે આવી ન જઈએ. કેટલાંક ભાન ભૂલેલાં તત્ત્વો અહીંતહીં સર્વ પડેલાં છે. બેંગલોરવાળા પેલા ઓસ્ટ્રલિયાના દાક્તરનો દાખલો તો સામે જ પડ્યો છે. તેમાં સૌ કેવા ખોટા પડ્યા !!

પરિણામે, ગાંડાતૂર, વિવેકહીન તેમ જ ક્ષુદ્ર જમણેરી વલણના પત્રકારો, રાજકારણીઓ અને બીજાત્રીજા આગેવાનોનો હકીકત ભર્યા તર્ક સાથે સામનો કરતા રહીએ. તેમની રમતમાં તે જીતી ન જાય તેથી સતત મહેનત લઈએ અને સક્રિય બની જઈએ. આ બહુ જ અઘરું કામ છે. પણ તે કર્યા સિવાય ચાલવાનું નથી. ચોમેર કાલ્પનિક ચિત્ર ચીતરીને લોકોને ભડકાવવાનું કાવતરું થતું આવ્યું છે. તે ભાંડો સતત ફોડતા રહીએ.

મારે તમને સંસ્થાનવાદી ઇતિહાસમાં લઈ જવા છે. આ જ દિવસોમાં, સન ૧૯૫૨માં, જોમો કેન્યાટાને બ્રિટિશ શાસકોએ અટકમાં લીધા હતા. કેમ ? તો કહે કે તે માઉ માઉમાં ભળેલા હતા અને તેના આગેવાન હતા. તત્કાલીન સંસ્થાન મંત્રી ઓલિવર લીટલટનનું અવતરણ જ ઘણું બધું કહી જાય છે : 'માઉ માઉના ત્રાસવાદની યોજના બહુ જ ઠંડે કલેજે તૈયાર કરવામાં આવી છે. એક જ મુખ્યાલયમાંથી તેનો દોરી સંચાર કરવામાં આવતો રહ્યો છે અને શાસનને ખતમ કરવાનું જ એક માત્ર તેનું ધ્યેય રહેલું છે …'

ઇતિહાસ આપણને, હકીકતમાં, બીજું જ જણાવે છે. માઉ માઉ ત્રાસવાદી આંદોલન હતું જ નહીં. હા, તેમાં હિંસક હથિયારોનો ઉપયોગ થયો છે, એ ખરું. નેતાજી સુભાષચંદ્ર બોઝની હિંદી રાષ્ટ્રીય સેનાની પેઠે તે ય રાષ્ટ્રવાદી પરિબળ જ હતું. એમ તો આ સંસ્થાનવાદી ઇતિહાસકારોએ સુભાષબાબુ માટે, એમની આરઝી હકુમત માટે ય, ક્યારે પણ સમજણવાળા અને સાચા વિચારો પેશ કર્યા છે ખરા ? … માટે એમના હાથમાં રમી જવાનું ટાળીએ અને બુદ્ધિનો તથા તર્કનો પણ ઉપયોગ કરીએ.

લોર્ડ મેઘનાદ દેસાઈના મત મુજબ, લંડનમાં તે પહેલવહેલા ૧૯૬૫માં આવ્યા તે દિવસોમાં, 'કાળાઓને ભાડે રાખતા નથી' એવાં પાટિયાં ઠેરઠેર જોવા મળતાં હતાં. હવે તેવાં પાટિયાં નથી. તમે આજે લંડનમાં પરિભ્રમણ કરો તો તમને પાટનગરમાં ચોમેરે ગોરાઓ કરતાં બિનગોરાઓના સવિશેષ ચહેરાઓ જોવા મળે છે. લંડનમાં જ શા માટે, બ્રિટન ભરમાં પણ બહુસાંસ્કૃતિક વિસ્તારો જોવાના મળે છે. તેને કારણે પ્રશ્નો ઊભા થાય છે, પરંતુ તેનો ઝડપી ઉકેલ પણ સાંપડે છે. આ બહુસાંસ્કૃતિકવાદને હવે રાજકારણનો ઢોળ ચડ્યો છે. રાજકારણનો આ ડંખ ઉતારવા માટે આપણે ય કટિબદ્ધ થવું જોઈશે અને તેનો આત્મા ફરી પ્રસ્થાપિત કરવા મથવું પડશે.

નિર્ધન લોકોને રંગભેદનો ઝાઝેરો સામનો કરવાનો આવે છે, તેમ મેઘનાદભાઈનું કહેવું છે. મિશ્ર સમાજમાં વિપરિત હાલતમાં જીવન ગુજારવાને કારણે નિશાળમાં મન ગોઠવી શકાતું નથી અને ઝાઝી પ્રગતિ નોંધાતી નથી. પ્રમાણમાં સારા આવાસ મેળવવાની મુશ્કેલીઓ ખડકાય છે. રોજગારીની તકો દેખાતી નથી. સલામતીની સરિયામ ગેરહાજરી વર્તાય છે.

ગોરી નિર્ધન પ્રજાને પણ આવું આવું સહેવાનું થાય છે. અને પછી સમાધાન શોધવા કાળા / બજરિયા ચામડીના લોકો ભણી રોષ કાઢે છે. મેઘનાદ દેસાઈ આને આવકની અસમાનતાના કોયડાવાળા કોઠામાં મૂકે છે. ગરીબાઈ ગોરી તેમ જ બિનગોરી જનતાને એક સરખી અડેનડે જ છે. અહીં આપણે રંગભેદ બાબત હળવાશ લેવાનું વિચારવાનું નથી, પરંતુ આ બધા સવાલો સમજવા માટે તેના મૂળ કારણોની સમજણ પણ કેળવવાની છે.

લંડન તેમ જ ગ્લાસગો ખાતે નિષ્ફળ બનેલા બોમ્બધડાકામાં જૂજ હિંદીઓ સામેલ થયા તેથી ભારતની ધર્મનિરપેક્ષ નીતિને પલીતો મૂકાયો નથી. આદિ તત્ત્વ સિદ્ધાન્તવાદ(ફન્ડામેન્ટલઝિમ)ની આપણા લોકો પર બહુ જ ઓછી અસર થઈ છે. આથી, આપણે આપણા યુવકો સંગાથે સેતુ રચવા દિલની અને દિમાગની કેડીઓ કંડારવી જોઈશે. સર ગુલામ નૂન કહે છે તેમ, સ્વ-વિકાસને બદલે અનેક તકલીફોનો ઢેર નિહાળતી તેમ જ ઉદારમતવાદી બ્રિટિશ સંસ્કૃતિથી હેબતાઈ ગયેલી એ બિચારી મુસ્લિમ જનતાને અહીં બ્રિટનમાં સાંસ્કૃતિક આઘાત લાગતો રહે છે અને પછી કમ ભાગ્યે દુષ્ટ પરિબળોના તે શિકાર બની બેસે છે. આપણાં લોકશાહી મૂલ્યો, આપણી બહુસાંસ્કૃતિક, ધર્મનિરપેક્ષ વિરાસતને અકબંધ રાખવાને આપણે દરેક સ્તરે આવા આવા સવાલોના જવાબ મેળવવા રહે છે. ચાલો, આપણા આ બહુસાંસ્કૃતિક સ્થાનને મજબૂત કરવાનાં કામમાં આપણે ય જોડાઈ જઈએ.

અસગરઅલી એન્જિનિયર પોતાના ઇન્ટરનેટી બ્લોગમાં, તાજેતરમાં, એક સરસ નિબંધ રજૂ કરતા લખે છે : યુનાઈટેડ કિંગ્ડમ, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા તથા કેનેડામાં વસતા ઘણાં ભારતીયોએ જે તે મુલકોના અર્થતંત્રમાં નોંધપાત્ર ફાળો આપેલો જ છે. છતાં, તે પછી પણ, તેઓને સામાજિક પ્રકારની પૂર્વ ગ્રંથિઓનો સામનો કરવાનો આવે છે. સામાજિક, સાંસ્કૃતિક તેમ જ આર્થિક સમજણ મુજબ એ સૌ જે તે મુલકમાં સરળતાએ ગોઠવાઈ ગયા હોય તેમ લાગતું નથી. આ પશ્ચિમી દેશના તે સૌ પૂરેપૂરા નાગરિક પણ છે, અને છતાં તેઓ જાણે કે કોઈક પ્રકારનો સામાજિક અને સાંસ્કૃતિક બહિષ્કાર અનુભવે છે. પશ્ચિમી સમાજમાંની રંગભેદી પૂર્વ ગ્રંથિઓ તેમને એકીકરણ સારુ મજબૂતપણે અવરોધક સાબિત થાય છે.

ઑક્ટોબર મહિનાના આરંભથી બ્રિટનમાં 'રૈસિયલ એન્ડ રિલિજિયસ હેટ્રેડ એક્ટ' (વર્ણીય અને ધાર્મિક દ્વેષભાવ ધારો) અસ્તિત્વમાં આવ્યો છે. પરિણામે ઇંગ્લૅન્ડ અને વેલ્સમાં ધાર્મિક દ્વેષભાવ ચગાવવાથી હવે ફોજદારી ગુનો થાય છે. ગૃહ ખાતાના પ્રધાન વર્નન કૉકર, આથીજસ્તો, કહેતા હતા : આપણા સમાજમાં આપણે દરેકની સલામતી જાળવવા તેમ જ આવા ઘૃણાસ્પદ વર્તન વિરુદ્ધ ધારો ઘડવા કટિબદ્ધ છીએ. આપણો ઉદ્દેશ તો અહીં સભ્ય સમાજ ઊભો કરવાનો છે, કે જ્યાં દરેક પ્રકારના પૂર્વગ્રહોથી વેગળા આપણાં શક્તિસામર્થ્ય અનુસાર આપણે મુક્ત જીવન જીવી શકીએ.'


આપણે બ્રિટનવાસીઓએ હવે બે વાનાં કરવા જરૂરી છે : એક, બહુસાંસ્કૃતિક વિચારધારા બાબત બેવડાં ધોરણો ત્યાગીએ અને કોઈ પણ જાતના કોમવાદ વિરુદ્ધ જાહેર મતવિચાર ઉચ્ચારવાનું રાખીએ. અને બે, આપણા સમાજની ઉદારમતવાદી પાંખ પ્રત્યે કુણી લાગણી રાખતા થઈએ અને તેને દરેક પ્રકારનાં શક્તિસામર્થ્ય મળી રહે તેમ જોઈએ. આગ્રા યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ મન્ઝૂર અહમદ કહે છે તેમ, કોઈ પણ વિકાસશીલ બહુસાંસ્કૃતિક સમાજમાં લઘુમતીઓને ત્રણ પડકારો ઝીલવાના થાય છે – સ્વઓળખ, સમાનતા અને સલામતી. આપણે આનો ય વિચાર કરવો રહે છે અને તેનો ય જવાબ ખોળવાનો છે.

બ્રિટનને આપણે જો લાંબા ગાળા માટે મજબૂત બહુસાંસ્કૃતિક શાસન તરીકે જોવા ઇચ્છતા હોઈએ તો, જવાહરલાલ નેહરુએ, એકદા, જે ભારત માટે કહેલું તે અહીં પણ મનથી, વચનથી, કર્મથી અમલી કરવું રહેશે : 'આપણી લઘુમતીઓ પ્રત્યે સંપૂર્ણ ન્યાયી વર્તન વર્તાવ કરવાં જ જોઈશે, અને તે આપણું પ્રથમ પગલું બનવું જોઈએ.'

*('ઇન્ડિયન મુસ્લિમ ફેડરેશન'ના નેજા હેઠળ, ૨૧-૨૨ ઑક્ટોબર ૨૦૦૭ના દિવસો દરમિયાન, લંડન ખાતે, ભરાયેલા બે દિવસીય પરિસંવાદમાંની રજૂઆત આધારિત)*

# વાદળથી વાતો કરે ... !

'હાઉસ ઑફ કૉમન્સ' યાને કે આમ સભાની બેઠકો આઘ પાછી ફેરવવી પડે એવી પરિસ્થિતિ ઊભી થાય, એવું વર્તાય છે. તેને નવો ઓપ આપવાની જરૂરિયાત છે અને તેનાં છાપરાં સમેતની મરામત કરવાની એક યોજના તૈયાર કરવામાં આવી છે. આ છાપરાંની જ મરામત જો હાથ ધરવામાં આવે, તો આમ સભાનો ખંડ એક નહીં, બે નહીં, ત્રણ ત્રણ વરસ સુધી બંધ રાખવો જરૂરી થાય. ઓગણીસમી સદી દરમિયાન, ભરતર ઢાળેલાં લોઢાંની (કાસ્ટ આયર્ન) સામગ્રી વડે બનાવેલાં આ છાપરાંનાં સમારકામ માટે જ આશરે ૨૫૦ મિલિયન (૨૫ કરોડ) પાઉન્ડનો અંદાજિત ખરચો ઊભો છે. આ યોજના જો અસ્તિત્વમાં આવે તો સાંસદો માટે અત્યાધુનિક સગવડ મળી શકે, તેમ વિચારાય છે.



વળી, આમ સભા માટે જે ઈલેક્ટ્રીક વાયરીંગ થયું છે તે ય હવે જૂનું થયું છે અને કામ ન લાગે તેવું બની ગયું છે. તે સઘળું વીજળિક કામ પણ નવેસરથી કરવું પડે તેમ છે. આમ સભા બેસતી ન હોય એવા એવા વિશ્રાન્તિના સમયગાળામાં જ આ સમારકામ જો હાથ ધરવામાં આવે, તો જે તે કામની સમયમર્યાદા પચીસેક વરસની થવા જાય. વળી તેનો અંદાજિત ખર્ચ પણ વધી શકે ખરો !

પરંતુ આવા આ ત્રણ ત્રણ વરસ લગી, સાંસદો મળી જ ન શકે, તેની બેઠકો ય ન થઈ શકે તે લગીર કેમ ચલાવી લેવાય ? સંસદીય લોકશાહીની આ જનેતાને સારુ એમ થવું શક્ય જ નથી, એવું વિચારી પણ ન શકાય.


તો ? શું કરવું ? એ તો હજુ 'ભેંસ ભાગોડે, છાશ છાગોડે અને ઘરમાં ધમાધમ'નો હાલ ખેલ છે ! બંને સંસદગૃહોના સત્તાવાળાઓ આ અંગે વિગતે અભ્યાસ કરી રહ્યા છે અને તે વિશે હજુ કોઈ આખરી નિર્ણય પણ લઈ શકાયો નથી. અબીહાલ આ સમૂળી યોજના ભારે વિવાદાસ્પદ દેખાય છે. એક સાંસદે તો કહ્યું ય ખરું કે તે 'સંપૂર્ણપણે અવ્યવહારુ' યોજના છે. આશરે ૩૬ વર્ષથી સાંસદ રહેલા ટૉરી પક્ષના સભ્ય નિકલસ વિન્ટરટન, વળી, કહેતા હતા કે આ તો ઊલ્લુ બનાવવાની વાત છે. શેખચલ્લીની વાતો છે, ભાઈસાહેબ ! આટઆટલા વરસો સુધી સમારકામનું, ભલા, વિચાર્યું જ નહીં ? અને હવે આ ગોકીરો ? આમ સભા કેમ મળશે ? ક્યાં મળશે ? વિશિષ્ટ સમિતિઓની બેઠકોનું શું ? મત આપવાની વેળાએ સાંસદો કઈ રીતે દોડભાગ કરીને પહોંચશે ? આ અને આવા સવાલોની કોઈ લાંબી વિચારણા થઈ નથી લાગતી, એવું એવું એ કહેતા હતા.




હવે.... [illegible] ...!

વારુ, આમ સભા (હાઉસ ઑફ કૉમન્સ), ઉપરાંત ઉમરાવ સભા(હાઉસ ઑફ લૉર્ડ્સ)ના સમૂળા મહાલયને 'પેલેસ ઑફ વેસ્ટમિનસ્ટર' પણ કહેવામાં આવે છે. આ મહાલયમાં આવી બેઠક માટે બીજી કોઈ સગવડ નથી; એથી બીજાંત્રીજાં ઠેકાણાં શોધવા રહે. આ યોજના અંગે વિચાર કરનારાઓએ 'ચર્ચ ઑફ ઈંગ્લૅન્ડ'ના વડા મથક, 'ચર્ચ હાઉસ'ને આવી યાદી પર લીધું છે. વળી, મેથોડિસ્ટ ચર્ચનો 'મેથોડિસ્ટ સેન્ટ્રલ હૉલ', 'ક્વીન ઈલિઝાબેથ ટૂ કોન્ફરન્સ સેન્ટર' ઉપરાંત ટેમ્સ નદી કાંઠે આવેલું 'ગ્રેટર લંડન કાઉન્સિલ'નું જૂનું વડું મથક નામે 'કાઉન્ટી હૉલ'નો ય યાદીમાં સમાવેશ છે.

આ જંગી સમારકામ જો હાથ ધરવામાં આવે, તો આમ સભાગૃહ ઉપરાંત કેટલીક વિશિષ્ટ સમિતિઓ તેમ જ ઉમરાવ સભાગૃહને ય તે અસરકર્તા નીવડી શકે છે. મોટા ભાગનાં સાંસદોનાં દફતરો 'પેલેસ ઑફ વેસ્ટમિનસ્ટર'ના પરિસરમાં, આજુબાજુમાં, હોવાથી એ સૌ ત્યાંથી રોજિંદું કામ કરે જ છે. આમ સભાને વચગાળાના સમય માટે જો ખસેડવામાં આવે તો નવી કામચલાઉ જગ્યા પૂરતી સલામત અને ભારે નજીક જોઈએ કે જેથી અમુકતમુક ફરજિયાત મતદાન માટે ઝડપે જવાઆવવા સાંસદોને સુગમતા પણ હોવી જરૂરી છે.




બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, જર્મન બોમ્બમારામાં આ મહાલયને નુકસાન પહોંચેલું અને તે વેળા સાંસદોની સભા બેઠક

નજીકના 'ચર્ચ હાઉસ' ખાતે ખસેડવી પડી હતી. થોડો સમય સાંસદોએ પડખેની પાર્ક લૈન હૉટેલમાંથી પોતાનો રોજિંદો વ્યવહાર ગોઠવ્યો હતો.

'હાઉસ ઑફ કોમન્સ કમિશન'ના એક સભાસદ નીક હારવી તો કહેતા હતા કે આમ સભાને આ સંબંધક નિર્ણય લેતા વરસો ય લાગી શકે છે. આ આખી યોજનાને વ્યવહારમાં આણી શકાય તે સારુ સ્વાભાવિકપણે સાંસદો તલસ્પર્શી ચર્ચાવિચારણા કરે અને પછી નિર્ણય લે તેમ પણ બને. અબી હાલ, તો આ બધી વાદળ સાથે જ વાતો થતી હોય તેમ વર્તાય છે, તેમ તેમનું માનવું હતું.

આમ સભામાં હાલ ૬૪૬ મતદાર વિસ્તારનાં અકેક પ્રતિનિધિ બિરાજે છે. બંને ગૃહોમાં આમ સભા અગત્યનું ગૃહ છે અને તેનું વજન દેશવિદેશમાં પ્રતિષ્ઠા પામેલું છે. સન ૧૫૧૨ના અરસા સુધી રાજવી પરિવાર આ વેસ્ટમિનસ્ટર મહાલયમાં નિવાસ કરતો હતો. હેન્રી આઠમાના રાજ્યકાળમાં આ મહાલયમાં આગ લાગી હતી અને રાજવીએ સમગ્ર પરિવારને ખાલી કરી જવા આદેશ આપેલો, એમ ઇતિહાસ નોંધે છે. રાજવી પરિવાર ત્યાં વસતો હતો તેથી તેને વેસ્ટમિનસ્ટર પેલેસ નામ અપાયું હતું.

અહીં વેસ્ટમિનસ્ટર હૉલ છે અને તેની રચના ૧૦૯૭-૯૯ના અરસામાં કરવામાં આવી હતી. આ સભા ખંડમાં છતને ટેકો આપવા એક સ્થંભની રચના કરવામાં આવી છે. જ્યારે એ વિશાળકાય સભાખંડની કેટલીક દીવાલો તે દિવસથી છેક આજે ય અકબંધ છે. વિવિધ ભાતીગળ વ્યવસ્થાવાળો યુરોપને તે સૌથી મોટો સભાખંડ હોવાનું લેખાતું રહ્યું છે. એક જમાનામાં અહીં 'રૉયલ કોર્ટ્સ ઑફ જસ્ટીસ' નામક કાનૂની અદાલત બેસતી અને ૧૩૦૫માં સર વિલિયમ વૉલેસ, ૧૬૦૬માં દારૂગોળા ષડ્યંત્રના કાવતરાખોરો તેમ જ ૧૬૪૯માં રાજવી ચાર્લ્સ પહેલા પર અહીં જ કામ ચલાવાયું હતું. ૧૮૩૪ની આગમાં આ મહાલય મહદ અંશે બળીને ખાખ થઈ ગયું હતું અને તેને ત્રીસ વરસની જંગી કાળજી સાથે ફરી ઊભું કરવામાં આવેલું.

'બીગ બેન' નામે જગત ભરમાં જાણીતાં બનેલાં ક્લોક ટાવરની રચના ઇ.સ. ૧૮૪૮માં કરવામાં આવી હતી. જુલાઈ ૧૮૫૯માં તેની પહેલવહેલો ઘંટારવ થયો હોવાનું નોંધાયું છે. પ્રથમ 'કમિશનર ઑફ વર્ક્સ સર બેન્જામિન હૉલની યાદમાં આ ટાવરને 'બીગ બેન' નામ મળ્યું હોય તેમ કહેવાય છે. જ્યારે સન ૧૮૫૭માં, બ્રિટનના વિજેતા પહેલવાન બનેલા બેન કોન્ટની યાદમાં પણ આ નામ પણ પડ્યું હોય તેમ પણ કેટલાકનું માનવું છે.

બ્રિટિશ બ્રોડકાસ્ટીંગ કોરપોરેશનની વેબસાઈટ પરેથી, સંપૂર્ણ સદ્દભાવથી, આ લેખમાં લેવાયા બંને ચિત્રો તેમ જ આ નકશો–રૂપરેખા લીધાં છે.

# તપસી ગયાં લપસી, ને જોગી થયા ભોગી


જેમ્સ વૉટસન. એનું નામ. ... પણ, કોણ જેમ્સ વૉટસન ? ડી.એન.એ. ક્ષેત્રે વિજ્ઞાનમાં ઊંડું સંશોધનકામ કરનાર અમેરિકાના વિવાદાસ્પદ વિજ્ઞાનીની જ આપણે વાત કરીએ છીએ. યાદ હશે : સન ૧૯૬૨ના અરસામાં, બીજા બે વિજ્ઞાનીઓ જોડે, એમને તબીબીશાસ્ત્રનું નૉબેલ પારિતોષિક એનાયત થયેલું.

વારુ, બ્રિટનના એક અખબારી હેવાલ મુજબ, અબી હાલ, એમણે કહેલું : યુરોપિયનો કરતાં આફ્રિકનો બુદ્ધિકૌશલમાં ઉતરતી કક્ષાના હોય છે ! ... ... બસ, પત્યુ !! ... અને તેને કારણે ચોમેર હોબાળો મચી ગયો. લંડનમાં જ, તાજેતરમાં, એ હતા અને વિજ્ઞાન સંબંધક વિશ્વવિખ્યાત સંગ્રહસ્થાનમાં એમનું એક જાહેર વ્યાખ્યાન પણ ગોઠવાયેલું. માનશો ? આગલી જ સાંજે એ રદ્દ જાહેર થયું ! અને પછી ચોમેર આલોચનાઓનો ગંજ ખડકાતો ગયો. અને જેમ્સભાઈએ પોતાના આ મંતવ્ય માટે જાહેરમાં રંજ વ્યક્ત કર્યો અને માફી પણ માગી !

જાણકારોના કહેવા મુજબ, જેમ્સ વોટસન તો તડ ને ફડ કરનારા આદમી છે. એ પોતાના વિચારો બહુ જ ઝડપે અને પ્રામાણિકપણે વ્યક્ત કરી દે છે. એમ તો માર્ટિન એમીસ નામના જગજાહેર અંગેજી લેખકે પણ હમણાં 'ચેનલ ફોર'ને આપેલી મુલાકાતમાં પણ આ જ રીતે, પરંતુ બીજે મુદ્દે, તડ અને ફડ કર્યું છે. ખેર !

## લંડન કૉલિંગ !

આ મહિનાની અધવચ્ચે, મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં, ઑસ્ટ્રેલિયા અને ભારતની ક્રિકેટ ટીમ વચ્ચે મેચ રમાયેલી તેની એક ઘટનાની રોચક વાતોએ, દરમિયાન, અહીંના સમૂહ માધ્યમોમાં અગ્રસ્થાન લીધું છે. છાપાંઓ ઉપરાંત, બ્રિટિશ બ્રોડકાસ્ટીંગ કૉરપોરેશનના સમાચાર પ્રસારણોમાં ય 'ભારતીય રસિયાઓ રંગભેદ




It has gone from bad to worse, sir. They are carrying laptops and chatting with their friends by net!

(સદ્દભાવ : "ડેક્કન ક્રૉનિકલ", ૧૮.૧૦.૨૦૦૭)

આચરતા ઝડપાયાં' હતાં, એમ કહેવાતું રહેલું. ઑસ્ટ્રેલિયન ક્રિકેટવીર એન્ડ્રુ સિમન્ડ્સ ભણી આ મુંબઈ ગરાં પ્રેક્ષકોએ વાંદરવેડા આચર્યા હતા અને હૂપાહૂપી કરેલી. પરિણામે, કહે છે કે ચારપાંચ લોકોને અટકમાં લેવાયાં છે.

બીજી પાસ, ઑસ્ટ્રેલિયાથી નીકળતા "ડેયલી ટેલિગ્રાફ"માં લખાણ હતું : 'મધ્ય ભાગ સુધી આ શ્રેણીના દરેક બેટ્સમેનને, એક પછી એક કાન ફાડી નાંખે એવી નિંદાઓનો મારો સહેવો પડેલો. ... પ્રેક્ષકો, ઉપર તળે, ગોરિલાઓની પેઠે કૂદાકૂદ કરતા માલુમ પડતા હતા. ઝાટકો લાગે એવી નિંદાનાં બાણ વરસાવતાં હતાં અને જાનવરની જેમ અવાજ કરતા હતા.' તો, નવી દિલ્હીનું "હિન્દુસ્તાન ટાઈમ્સ" 'ધ અગ્લી ઇન્ડિયન ?'નું મથાળું બાંધીને પહેલે પાને વળી ઘટનાનો ફોટો ય છાપે છે.

ક્રિકેટર યુવરાજસિંહ આ ઘટના વકરાવવા માટે સમૂહમાધ્યમોને ભાંડે છે; અને પછી ઈચ્છે છે કે નજીકમાં 'આપણે ઑસ્ટ્રેલિયા જઈએ ત્યારે આના પડઘા ન પડે તેવી અપેક્ષા રાખીએ.' પડખેના શ્રીલંકામાં પણ તેના પડઘા પડે તેવી ભીતિ હાલ ઊભી થઈ છે. આ બધી ઘટનાઓની પછીતે પછીતે વિલાયતની વધુ ઘટનાઓ તપાસીએ.

દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગના તાજેતરમાં ખેલાયેલી વિશ્વ સ્તરની ક્રિકેટ સ્પર્ધામાં, આખરી મુકાબલો ભારત અને પાકિસ્તાનની ટીમ વચ્ચે સોમવાર, ૨૪ સપ્ટેમ્બર ૨૦૦૭ના દિવસે હતો.

પાંચ રનથી ભારત વિશ્વવિજેતા જાહેર થયું. સ્વાભાવિક, અહીં -તહીં- સર્વત્ર ચોમેર આનંદનો ઉછાળો જોવા મળતો રહ્યો.



ઘેલછાની પરાકાષ્ટા : સોમવાર ને ૨૪ સપ્ટેમ્બર ૨૦૦૭ : ઈલિંગ રોડ, વેમ્બલીમાંનાં દૃશ્યો




આનંદના ઉછાળા સાથે કે પછી સામે કોઈને ય તકરાર હોઈ જ શકે. પરંતુ, લેસ્ટરમાં, લંડનમાં તેમ જ અત્ર-તત્ર-અન્યત્ર જે રીતે ભારતીય સમાજના કેટલાક લોકોનો ઉન્માદી વર્તાવ રહ્યો તેનાથી આપણી ગરિમા સંચવાઈ નથી, ખરડાઈ છે અને ઝાંખી થઈ છે.

અમદાવાદના એક સિવિલ ઈજનેર અહીં હતા. એ કહેતા હતા એ દિવસે મિત્રો સંગાથે વેમ્બલીના ઈલિંગ રોડ પર એ હતા. ક્રિકેટ મેચ રમાતી હતી એથી બાજુમાં આવી 'કોરલ' નામક બેટીંગ શોપમાંની મોટા સ્ક્રીન પર બીજાઓની જોડાજોડ એ ય જોવા બેઠા. અકડેઠઠ લોકો ભરાયા હતા. નેવું-નવાણું ટકા ભારતીયો અને તે ય પાછા ગુજરાતીઓ. મોટા ભાગના ભણતર કે પેટિયું રળવા માટે અહીં આવેલા ગુજરાતીઓ હતા. એમાંના કેટલાકનું વર્તન વિચિત્ર હતું. મોટે મોટેથી બોલતા હતા. ગાળાગાળી ચાલતી હતી. બૂમબરાડા થતા હતા. અને પેઢીના મેનેજર અકળાતા. દરેકને બહાર નીકળી જવાનો આદેશ અપાયો. હુડુડુડુ કરતું ટોળું ઈલિંગ રોડ પર ઠલવાયું અને પછીનો તાસીરો જોવા જેવો હતો. આ ઈજનેર તાજા જ ભારતથી આવ્યા હતા પણ તે ખુદ આ અનુભવથી હેબતાઈ ગયા. એમને શરમ છૂટતી હતી અને પછી એ ખુદ ત્યાંથી નીકળીને વેમ્બલીના બીજા લતા ભણી ફંટાઈ ગયા.

ક્રિકેટના અદ્વિતીય રસિયા અને આ દેશના અગ્રગણ્ય એક શહેરી લેસ્ટરની પરિસ્થિતિની વાત કરતા હતા. એ કહે : આ 'ભારતપ્રેમી' લોકોનાં વર્તનવ્યવહારે ભારે નીચાજોણું કરેલું. રસ્તા પર તે કીડિયારાંની જેમ પથરાઈ ગયેલા અને રસ્તાપરના ધમધમતા વાહનવ્યવહારને રોકીને નાચતાગાતા હતા. રાહદારીઓ અને ગાડીચાલકોને ભારે હાલાકી પહોંચતી અનુભવાતી રહી. પછી ઉમેરીને એ કહે : બહુ શરમ લાગતી હતી. આપણા લોકો આવું કરે ? એમને આ દેશના કોઈ શિસ્ત અને કાયદાપ્રણાલિની સમજણ ખરી કે ? ભારતની જીતનો મારો ય આનંદ બધો પીગળી રહ્યો હતો અને આ ઘેલછાનો રંજ પીડતો હતો.

અને આટલું ઓછું હોય તેમ, સ્થાનિક "લેસ્ટર મરક્યૂરી" સાંજિયા અખબારમાં, સતત પખવાડિયા સુધી, આ વર્તનવહેવાર અંગે લેસ્ટરવાસીઓની ટીકાની ઝડી વરસતી રહી. કેટલાંક ચર્ચાપત્રીઓ કહેતા હતાં એક તો આ દેશમાં આવવું છે, અહીંની મહેમાનગતી માણવી છે અને માથેથી આ દેશનાં નીતિનિયમનો જાળવવા નથી. તો પછી એ લોકો, ભલા, અહીં આવતા કેમ હશે ?

બીજા એક આગેવાન કહેતા હતા : આ ઘેલછાનું જાહેર પ્રદર્શન કરવા આ સૌ નજીકના જાહેર પાર્કમાં કરવા કેમ નહીં ગયા હોય ? ત્યાં એમને કોઈ રોકત પણ નહીં. કદાચ બીજાં પણ જોડાયા હોત ! … એ તો ઠીક, આવી આવી ઘટનાઓને કારણે ગ્રંથિઓ બંધાય છે, પૂર્વગ્રંથિઓ વકરે છે અને તેની પછીતે રંગભેદ માઝા મૂકે છે. આનો વિચાર આ દરેકને છે ખરો કે ? — આ મહાભારત સવાલ એ કરતા હતા.

સવાલ થાય છે : આવો આ ઉન્માદ કેમ પેદા થતો હશે ? તેને ખુદ સીમિત કરીને જાળવી ન શકાય તો કાયદાકાનૂને પોતાનો પરચો બતાવી એ દરેકને ઝબ્બે કરવા જોઈએ અને શિસ્તનું પાલન કરવા તાતાં પગલાં ભરવાં જોઈએ. દાયકાઓથી દૂધમાં સાકર ભળી જાય તેવી આપણી વસાહતને સારુ કાંકરીચાળો કરવાનો કોઈને ય અધિકાર નથી તે આપણી જમાતના આ 'કોહવાયેલા સફરજંદો'ને ય સમજાવવું જોઈશે. આ દેશમાં આવતા આ પરદેશી ઈમિગ્રાન્ટોને દાખલ કરતી વેળા, કોઈક પ્રકારનો 'રિઑરિઅન્ટેશન' તાલીમ શિબિર ફરજિયાત કરવાનું ય સરકારે હવે વિચારવું અને અમલમાં મૂકવા જેવું છે. આવી તાલીમ શિબિરની ફી આવા દરેક તાલીમીઓ પાસેથી વસૂલ કરવી જોઈએ. આમ બને તો ય કોઈક પ્રકારની વ્યવસ્થા ઊભી થઈ શકશે. અન્યથા આ તો નરી અરાજકતા છે.

•

# તકરાર રહને દીજિયે … !

મકબૂલભાઈ ફરી પાછા સમાચારમાં છે. હા, આપણે મકબૂલ ફીદા હુસૈનની જ વાત કરીએ છીએ. ૧૭ સપ્ટેમ્બર ૧૯૧૫ના દિવસે મહારાષ્ટ્રના પંઢરપુર ગામે જન્મેલા, જગતના, અને ખાસ કરીને ભારતના, આ ભારે નામી ચિત્રકાર હવે ૯૨ વર્ષના થયા છે. આજકાલ એ લંડન આવ્યા હતા. અહીંના રોકાણ દરમિયાન, બ્રિટિશ બ્રોડકાસ્ટીંગ કોરપોરેશન સાથેની એમની એક મુલાકાત ગોઠવાઈ હતી. તેનો હેવાલ રોચક છે. મુલાકાત લેનાર પત્રકાર વંદનાનું ગૂઢાર્થ લખાણ રસપ્રદ છે : '*શોહરત ને દામન થામા તો વિવાદોં ને ભી ઉનકા સાથ કભી નહીં છોડા.*'


આપણા જમાનાના એ બડા મોટા ચિત્રકાર 'ગજગામિની' જેવી ફિલ્મના દિગ્દર્શક તરીકે તો પ્રખ્યાત છે; પરંતુ એ ત્યાંથી હવે આગળ ગયા છે. એ અહીં લંડનની આ મુલાકાતમાં કહેતા હતા : લતા મંગેશકર લોકપ્રિય ગાયિકા છે, પરંતુ મહાનતમ ગાયિકાનો ખિતાબ તો મદુરાઈ શણ્મુગવદિવુ શુભલક્ષ્મીને જ અપાય.

મુલાકાતી એમને પૂછતા હતાં : હુસૈન સાહેબે, ૧૯૬૬માં, 'થ્રૂ ધ આઈઝ ઑફ અ઼ પેન્ટર' નામક ફિલ્મ બનાવી હતી. તે ફિલ્મને બર્લિન ફિલ્મોત્સવનું પારિતોષિક એનાયત થયું હતું. પરંતુ આજકાલ ભારતીય ફિલ્મોને આવાં કેમ ઈનામો મળતા નથી ? મકબૂલભાઈનો જવાબ રોચક હતો. એ કહે : સિનેમાની ભાષા શું ચીજ છે ? આપણે તો મનોરંજન માટે જ ફિલ્મ બનાવીએ છીએ. ખાસ કરીને બોલીવુડમાં તો એમ જ થતું રહ્યું છે. મનોરંજન કોઈ ખરાબ વસ્તુ નથી. લોકો માટે તે જરૂરી છે અને આવકાર્ય પણ છે. પરંતુ દર વખત લોકોને સાથે રાખીને કામ થતું નથી. ગીત ગાવામાં તમે લતા મંગેશકરનો લો તો હજારો લોકો આવશે અને સાંભળશે. પરંતુ એનો અર્થ એ નથી તે મહાનતમ ગાયિકા છે. એ લોકપ્રિય જરૂર છે. બીજી તરફ, એમ. એસ. શુભલક્ષ્મીને જુઓ. એમને સાંભળા સો-બસો માણસો ય કદાચ હોતા નથી. પણ તે કેવાં ગાયક ! … એ માપે કુન્દનલાલ સહગલ પણ મહાનતમ હતા નહીં. એ જરૂર લોકપ્રિય હતા. પરંતુ સંગીતની બારિકાઈ એમાં છે તેમ માનવું જ નહીં. આમ જનતામાં દરેકને સંગીતની આવી બારિક સૂઝસમજ હોતી નથી. એ સૌ સંગીત માણે છે.

અને તેમાં તેમને મનોરંજન મળે છે. કુન્દનલાલ સહગલની લોકપ્રિયતા સામે પંડિત જસરાજ, કે પછી, બડે ગુલામ અલી પણ મુકાબલો ન કરી શકે. પરંતુ પંડિત જસરાજ, બડે ગુલામ અલી સરીખા ગાયકો હકીકતે મહાન ગાયકો સાબિત થયા છે. ... ... વારુ, હુસૈન સાહેબ જોડે આ મુલાકાતીએ એમની ચિત્રકારીમાંથી જાગેલા વિવાદોની પણ વાત છેડી હતી. ખેર !



એમ. એસ. શુભલક્ષ્મી



એમ. એફ. હુસૈન

હવે મહાભારત સવાલ છે : ગુજરાતી સંગીતમાં તો પછી કોણ લોકપ્રિય ? કોણ મહાન ? અને કોણ મહાનતમ ? આવા આવા સવાલ મનમાં થયા કરે છે. આ સવાલના જવાબ ખોળવામાં લેખક - પત્રકાર - ચિત્રકાર મિત્ર રજની વ્યાસે દીધી મૂડી સિલકમાં છે. 'ગુજરાતની અસ્મિતા' નામનો અગત્યનો તેમનો સંદર્ભગ્રંથ વિશેષ કામનો નિવડ્યો છે. લેખકે તેમાં 'રતનદીવડા' નામનો સરસ વિભાગ કર્યો છે. વિભાગના આમુખમાં જ રજની વ્યાસ નોંધે છે : 'પ્રજાનું ગૌરવ છે તેનું પ્રજાકીય અસ્મિતાને ગૌરવવંતી કરતી સામુદાયિક પ્રવૃત્તિઓની સિદ્ધિમાં, પણ તેના દીપસ્તંભો બની રહે છે એ પ્રજાના જ ખમીરની વ્યક્તિગત અભિવ્યક્તિ સમા 'જ્યોતિર્ધરો'. વિવિધ ક્ષેત્રે કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓ પોતાની આગવી વ્યક્તિગત પ્રતિભાથી અને પોતાના વિશેષ પુરુષાર્થથી આગળ ઊપસી આવે છે ને ગિરિમાળાનાં શિખરોની જેમ પ્રજાનાં ગૌરવશિખરો બની રહે છે.' ... વાહ, વાહ !

સોળમી સદીમાં વડનગરમાં તાના અને રીરી નામે બે બહેનો હતી. ચાંપાનેરના વસવાટી બૈજુ બાવરા ય છે. તેની તોલે કેટલા ઊભી શકે ? એગણીસમી સદીના આરંભમાં જૂનાગઢના આદિત્યરામ વ્યાસ પણ કમાલના સંગીતકાર હતા. ભાવનગરના ડાહ્યાભાઈ શિવરામ નાયક, ખંભાત પાસેના જહાજ ગામે જન્મેલા પંડિત ઓમકારનાથ ઠાકુર તો ગઈ કાલની જ મહામોટી વિરાસત છે. રજની વ્યાસ, તદુપરાંત, યશવંત પુરોહિત, શિવકુમાર શુક્લ, રણછોડલાલ સી. મહેતા, ભીખુભાઈ ભાવસાર, અમુભાઈ દોશી, બળવંતરાય ભટ્ટ, મહારાણા જશવંતસિંહજી, રસિકલાલ અંધારિયા, અતુલ દેસાઈ, કૃષ્ણકાન્ત પરીખ, કંચનલાલ મામાવાળા થઈને સુખ્યાત હવેલી સંગીતકારો અને ગાયકો – ચંપકલાલ છબીલદાસ નાયક, ભગવતીપ્રસાદ પ્રેમશંકર ભટ્ટ અને વિઠ્ઠલદાસ બાપોદરાને આવરી લે છે. અને પછી, લેખક 'સપ્તસૂરના સાધકો'ની વાત છેડે છે અને તેમાં પંડિત વાડીલાલ શિવરામને સાંકળે છે. સુગમ સંગીત ક્ષેત્રે, અલબત્ત, અવિનાશ વ્યાસ, નિનુ મઝુમુદાર, દિલીપ ધોળકિયા, ક્ષેમુ દિવેટિયા, કૌમુદી મુનશી, નિરુપમા શેઠ, વિભા દેસાઈ, રસિકલાલ ભોજક, અજિત શેઠ, પુરુષોત્તમ ઉપાધ્યાય, હંસા દવે, રાસબિહારી દેસાઈ, ગૌરાંગ વ્યાસ, આશિત દેસાઈ, હેમા દેસાઈ, ઉદય મઝમુદાર, શ્યામલ મુનશી, સૌમિલ મુનશી, સોલી કાપડિયા, વગેરે વગેરેથી અમની નોંધ આગળ ધપે છે અને તે હર્ષદા - જનાર્દન રાવળ, સુધા દિવેટિયા, પરેશ નાયકને પણ આવરી લે છે. બીજી તરફ, ગુજરાતના લોકસંગીતની રજૂઆત કરતાં, મેરુભા ગઢવી, કાનજી ભૂટા બારોટ, દિવાળીબહેન ભીલ, નિરંજન રાજ્યગુરુ, દુલા ભાયા કાગ, પિંગળશી ગઢવી, હેમુ ગઢવી, રતિકુમાર વ્યાસ, પ્રફુલ દવેની પણ નોંધ જોવા મળે છે.

આ આને આવાં અનેક સંગીતકારો - ગાયકોમાં લોકપ્રિય કોણ, મહાન કોણ, મહાનતમ કોણ ?

વારુ, આ તળ ગુજરાતીની વાત છેડાઈ. ડાયસ્પોરિક ગુજરાતી આલમમાં ક્યાં ય છે એવાં એવાં નરવાં ગુજરાતી ગાયકો અને સંગીતકારો ? થોડુંક માથું ય ખંજવાળવું પડે છે. પણ આફ્રિકાની ધરતી પરે, એક દા, ભજનની દુનિયામાં કેટલાક પરખંદા ભજનિકો હતા. એમાંના આજે ઘણાં ય લોકોના દિલમાં બિરાજમાન છે. હીરજીબાપાની ભજન મંડળીના અનેક ભજનિકો એમાં ખસૂસ આવે. રવજી ભોજા કાટવા ય સાંભરે છે. પ્રાગજીભાઈ લાડવા આજે ય અહીં મશહૂર છે. એમ દ્વારકાના ગિરનારી ભજની કાનદાસબાપુના શિષ્ય ઈંગ્લેન્ડનિવાસી સામંત સિસોદિયા પણ ખરા. સુગમ સંગીતને ક્ષેત્રે અહીં વિલાયતમાં જ્યોતિબહેન કામત તેમ જ ચંદુભાઈ મટ્ટાણીનાં પાણી જોરદાર ઉછાળા મારે છે. આફ્રિકા તેમ જ બ્રિટનમાં નામ રોશન કરનાર અમૃત ગજ્જર, કાદર દરવેશ, ગુણવંત પંડ્યા, મનેશચંદ્ર કંસારાને તો પહેલી હરોળમાં લેવા પડે. એ ચારે ય હવે મોટે ગામતરે સિધાવી ગયા છે. અને એમની જગ્યા લેશે કોણ ? ... હે કોઈ લેને હારા ?!?

**પાનબીડું :**

*બોસા-એ-રુખસાર પર તકરાર રહને દીજિયે*
*લીજિયે યા દીજિયે ઈન્કાર રહને દીજિયે*

- હફીઝ જૌનપુરી

## ઘોડિયાઘર કે અંદામાન ?

**○ સંસ્કૃતિરાણી દેસાઈ**

*ઊંઘાડી દે છે આપણને બધાને બેબીસિટર રાત*
*એટલે શાંતિ જળવાય*
*અને અરાજકતા ન ફેલાય.*
*સૂઈ જાય છે મોટા ભાગના તો*
*રમકડાં આપે છે થોડાંકને કામમાં પરોવવા*
*ને થોડાંકને સપનાં.*
*કોઈ ભેંકડો તાણી રડે છે તો શાંત પાડવા*
*સુવડાવે છે, થાબડીને, વહાલ કરીને.*
*માતાપિતાએ આ સારું ઘોડિયાઘર*
*શોધી કાઢ્યું છે*
*કે જ્યાં પોતાનાં અસંખ્ય બાળકોને મૂકી*
*જતાં રહ્યાં છે પોતાંને કામે*
*જેથી કોઈ તેમનાં કામમાં બિલકુલ વ્યત્યય ન પાડે.*
*દિવસ દરમ્યાન વ્યવસ્થા જાળવે છે*
*વૉર્ડન સવાર પણ.*
*થોડાંને ભણવા મોકલે છે, તો થોડાંને કામે*
*તો વળી થોડાંને બેકાર રાખ્યાં છે વિવિધતા માટે.*
*ઘણી જ સારી રીતે નિભાવે છે*
*આટલાં બધાં બાળકોની વ્યવસ્થા એ બેય જણ.*
*પણ આનાથી વધારે નાવિન્ય ન હોઈ શકે વ્યવસ્થામાં ?*
*માતાપિતા આવવાનાં છે ને પાછા?*
*આ ઘોડિયાઘર જ છે ને ? કે છે અંદામાન ?*
*રાત બેબીસિટર છે કે જેલર ?*
*આપણે બાળક છીએ*
*કે*
*ગુન્હેગાર ?*
*તમારું શું માનવું છે?*

# પુનરપિ પુનરપિ – પુનરાવર્તનમ્

○ હરનિશ જાની

એક મિત્રએ મને ટીકા કરી કે 'હરનિશભાઈ, તમારો "સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે..." લેખ મેં અમેરિકાનાં, લંડનનાં અને ગુજરાતનાં મેગેઝિનોમાં વાંચ્યો.'

મેં પૂછ્યું, 'વાંચ્યો કે જોયો ?' પછી ઉમેર્યું, 'એકનો એક લેખ ત્રણવાર ન વંચાય. સિવાય કે તમારે યાદશક્તિના લોચા હોય.'

તેમણે છતાં મને સલાહ આપી કે મારે 'એમ ન કરવું જોઈએ.'

મેં તેમને સમજાવ્યું કે આમાં પૈસા કમાવાનો ઈરાદો જરા ય નથી. લેખકોને કે બિચારા કવિઓને કેટલાં મેગેઝિનો આર્થિક પુરસ્કાર પૂરા પાડે છે ? અરે ! આ ઈન્ટરનેટના જમાનામાં કેટલાં મેગેઝિનો પૈસા બનાવતા હશે ? કે જેથી પોતાના લેખકોને કાંઈક આપી શકે ? એટલે ત્રણ મેગેઝિનમાં એકનો એક લેખ છાપવા આપવા પાછળ પૈસા તો હોઈ જ ન શકે. મારો લેખ લંડનનાં – અમેરિકાનાં – અને ગુજરાતનાં મેગેઝિનોમાં છપાયો. મારી ગણતરી પ્રમાણે અમેરિકામાં તે ત્રણ મેગેઝિનો મંગાવનારા એક ડઝન ગ્રાહકો છે. એવા જ ડઝન ગુજરાતી ભાષા પ્રેમીઓ બ્રિટનમાં હશે. ગુજરાતમાં તમને ડઝન ભાષા પ્રેમીઓ મળે એમ કહેવાની હિમ્મત કરું એટલો મૂર્ખ હું નથી. ગુજરાતનાં જ મેગેઝિનો અને છાપાં વસ્તીના પ્રમાણમાં ખપતાં નથી. ત્યાં આપણી પ્રજા અમેરિકાનાં કે બ્રિટનનાં મેગેઝિનો વાંચવા ક્યાં નવરી છે ! એટલે આપણે આપણા લેખ ત્રણ ખંડમાં પહોંચાડવા હોય તો ત્રણે ખંડમાં છપાવો. અમેરિકન જર્નાલિસ્ટ ઍન્ડી રૂની અને ટૉમ ફ્રીડલૅન્ડ જેવાનો એક લેખ ચારસો પાંચસો છાપાંઓમાં છપાય છે.

મને લાગે છે કે તેમણે મારો આ આઈડિયા ઉઠાવ્યો છે ! બીજી રીતે જોઈએ તો અમેરિકામાં આ પ્રણાલિકા બહુ સામાન્ય છે.

પરદેશના ગુજરાતી મરજીવા સંપાદકો અને તેના શુભેચ્છકો આ મેગેઝિનોને જીવતાં રાખે છે. આમાં ઈન્ટરનેટ પર પ્રસિધ્ધ થતાં મેગેઝિનોના સંપાદકો પણ ગણાય. પરદેશની ભૂમિ પર મેગેઝિન ચલાવવાં એ મરજીવાનાં કામ છે. ગુજરાતી ભાષાની સેવા ઘરની શાંતિ જોખમમાં મૂકીને કરવી પડે છે. કારણકે પાઈની પેદાશ નહિ અને ઘડીની નવરાશ નહિ. એ કઈ ઘરવાળી (કે ઘરવાળો ?) વધાવે ? એટલે પરદેશના સંપાદકોને મરજીવા કહેવા પડે છે. તો એ મેગેઝિન કેમ બહાર પાડે છે ?

એક વખતે મારા બાલુકાકાના હાથમાં દવાની ગોળીઓ હતી તે તેમણે મારા દેખતાં ફેંકી દીધી. મેં પૂછ્યું કે દવામાં વિશ્વાસ નથી તો ડૉક્ટર પાછળ કેમ પૈસા ખર્ચ્યા ?

બેટા, ડૉક્ટરે જીવવાનું છે ને !

તો પછી ફાર્માસિસ્ટ પાસે દવા કેમ ખરીદી ?

બેટા, ફાર્માસિસ્ટે જીવવાનુ છે ને !

તો પછી દવા કેમ ફેંકી દીધી ?

બેટા, આપણે પણ જીવવાનું છે ને !

તેવા આ સંપાદકો ભાષા માટે જીવવાની ધૂણી ધખાવીને બેઠા છે

લેખની વાત તો બાજુએ ગઈ પરંતુ તમે એકનો એક જોક કોઈને બીજીવાર કહી જોજો ને ! મારા બાલુકાકાને તો આપણે કહીએ ને કે 'એક હતા સરદારજી' ત્યાંથી જ તે ભડકીને કહેશે કે 'સરદારજીનો જોક તો સાંભળ્યો છે.'

એટલે હવે મારે જોક કહેવો હોય ત્યારે સરદારજીનો જોક લાલુ યાદવના નામે કહી દઉં છું. પરંતુ મુશ્કેલી તો ત્યારે થાય છે કે જ્યારે કોઈ આપણને એકનો એક જોક બે–ત્રણ વાર કહે છે. બીજી વખતે તો કહેનારનો ઉત્સાહ ઓર હોય છે. અને એ ન કહે તો એનો ભાઈ જોક કહે. એટલે સદ્દગૃહસ્થ બનીને ગંભીર મોઢું રાખીને સહન કરી લેવાનું. જોકમાં સરદારજી ક્યારે લાલુ યાદવ બને અને લાલુ યાદવ ક્યારે બ્લોંડ બને તે કહેવાય નહીં. દરેક જોકમાં વિનોદની માત્રા સરખી હોય.

એક લેખ બે કે ત્રણ મેગેઝિનોમાં ન જોઈ શકનારાઓને કવિ સંમેલનોમાં પહેલી હરોળમાં બેસવાનો વાંધો નથી. તમે કદી વિચાર્યું છે કે આપણાં આ કવિ સંમેલનોમાં કવિઓ પોતાની એકની એક કૃતિઓ જુદા જુદા મુશાયરામાં અગણિત વખત વાંચે છે. વરસોથી વાંચે છે. એના એ જ શ્રોતાગણ, એના એ જ ડોકાં ધુણાવે છે. ઘણાં – મોટી ઉંમરના – કવિઓ પોતાના જુનાં કાવ્યો લાવે છે. શ્રોતાઓમાંના




તમારે ના ખાવું હોય,
... તો અમને આલો !



જી, હું ભારતનો ચંદ્રયાત્રી બોલું છું ! શું આ ચંદ્ર નથી ? તો અમે કયા ગ્રહ પર છીએ, કહેશો પ્લીઝ ?



હું મેગેઝિનનો તંત્રી જ છું ! સર્ક્યુલેશન વધારવા માટે મારે આસિસ્ટંટ જોઈએ છે, તમારે જોડાવું છે ?



પૈસા ક્યાં માગ્યા છે, સાહેબ ? હું તો લિફ્ટ માગું છું !

# સુએઝની નહેરનો નાનકડો ઈતિહાસ

૦ કાન્તિ મેપાણી

વાહનવ્યવહારમાં રેલગાડીઓ અને વિમાનો આવ્યાં એ પહેલાં પૂર્વમાંથી પશ્ચિમમાં જવા માટે આગબોટો એક જ માત્ર સાધન હતું. અને એ આગબોટોને પૂરા આફ્રિકા ખંડની પ્રદક્ષિણા કરીને જવું પડતું. બ્રિટન પોતાનાં પૂર્વનાં સંસ્થાનો પર આગબોટો મારફત જ પોતાની હકૂમત ચલાવતું હતું, એમ કહીએ તો ય ચાલે.

પણ આફ્રિકાની પ્રદક્ષિણાવાળો આ માર્ગ બહુ જ લાંબો હતો. ઈ.સ. ૧૮૩૦માં બ્રિટનની રૉયલ નેવીના ટૉમસ વર્ઘાર્ન નામના એક દૂરંદેશી અમલદારને આ સમસ્યાનો ઉકેલ સૂઝી આવ્યો. એણે ઈજિપ્તમાં ચોર્યાસી માઈલનો એક રસ્તો બંધાવ્યો. એ રસ્તા પર એણે પ્રવાસીઓ માટે હોટેલો અને વિશ્રામગૃહો ઊભાં કર્યાં અને ઘોડાઓની સગવડ કરી આપી.

ઈજિપ્તમાં ભૂમધ્ય સમુદ્રનાં કાંઠે આવેલા એલેકઝાન્ડ્રિયા બંદરથી માંડી લાલ સમુદ્રના બંદર એલ - સુવૅલ્સને જોડતો આ માર્ગ ઓવરલેન્ડ રૂટ તરીકે ઈતિહાસ અને ભૂગોળ બંનેમાં પંકાઈ ગયો.



**સુએઝ નહેરનું સને ૧૮૮૧માં થયેલું રેખાંકન**

બ્રિટનની પેનિન્સ્યુલર એન્ડ ઓરિયેન્ટલ સ્ટીમ નેવિગેશન કમ્પની - પી. એન્ડ ઓ. તરીકે જાણીતી થયેલી સ્ટીમર કંપનીની આગબોટો એલેકઝાન્ડ્રિયાના બંદરે માલસામાન અને માણસોને ઉતારે. એ બધાં ય ચોર્યાસી માઈલનો જમીન-પ્રવાસ કરી સુએઝના બંદરે પહોંચે. ત્યાં એમને હિન્દુસ્તાન લઈ જવા માટે બીજી સ્ટીમર ઊભી હોય. પ્રવાસીઓની અને માલસામાનની આ અવર વ્યવસ્થા ત્રીસેક વર્ષ સુધી ચાલી. એમાં હાલાકી ખૂબ જ હતી. પણ કોઈ અંગ્રેજ બચ્ચાએ એનો ઉકેલ ના શોધ્યો.

છેવટે, ઈ.સ. ૧૮૬૯માં ફ્રાન્સના એક કાબેલ ઈજનેર ફર્ડીનાન્ડ 'દ લસેપ્સે એનો ઉકેલ શોધ્યો. એણે બ્રિટને બનાવેલા ઓવરલેન્ડ રૂટની બરાબર સમાંતર એક નહેર રણમાં ખોદી જેનાથી ભૂમધ્ય સમુદ્ર અને રાતો સમુદ્ર એકબીજા સાથે જોડાઈ ગયા.

એ નહેર સુએઝની નહેરના નામે ઈતિહાસમાં પ્રસિદ્ધ થઈ ગઈ. રાતોરાત બ્રિટને બનાવેલો ઓવરલેન્ડ રૂટ નકામો થઈ ગયો. પણ લસેપ્સે એ રૂટના સર્જક વર્ઘાનર્નનું બાવલું સૂએઝ પાસે ઊભું કરાવી એના પુરુષાર્થને આ શબ્દોમાં શ્રદ્ધાંજલિ આપી : એણે અમને માર્ગ બતાવ્યો.

---

ઘણાં ડોબા એ કાવ્યો કે ગઝલો, સાંભળી સાંભળીને ડોસા થયા હોય છે. ઘણાંને તો એટલું મોઢે હોય છે કે ગઝલકાર શેરની એક લીટી બોલે તે પહેલાં તો તે પોતે શે'રની બીજી લીટી આજુબાજુના સાંભળે એમ ગણગણી ઉઠશે.

તેમ છતાં એ ગઝલકારનો બીજો મુશાયરો હોય તો તે પહેલી ટિકીટ મેળવશે. અને પહેલા બેસશે. પહેલી વાહ વાહ કહીને પહેલું ડોકું ધુણાવશે. તેમાં ગુજરાતથી અમેરિકા આવતા મુલાકાતી કવિઓએ એક મહિનામાં બાર બેઠકો કરવાની હોય છે. ગયા વરસે એક કવિની ન્યુજર્સીમાં ત્રણ બેઠકો શુક્ર, શનિ અને રવિવારે યોજાઇ. મારે ત્રણ જુદા જુદા યજમાન મિત્રોને કારણે ત્રણે ય ભરવી પડી. ત્રીજે દિવસે તે કવિ મને પહેલી લાઇનમાં બેઠેલો જોઇને સ્તબ્ધ થઇ ગયા. કોઇને એમની કવિતાઓ આટલી ગમી શકે એ વિચારે એમને આંચકો લાગ્યો ! એટલે મારે તેમને કહેવું પડયું કે 'વાત એમ છે કે ત્રણે જગ્યાએ ફૂડનું કેટરિંગ સુખડિયાનું છે. એમના સમોસાની તોલે ન્યુજર્સીમાં કોઇ ના આવે.'

રિપિટીશનની બાબતમાં સંગીતકારો કાંઇ ઓછો જુલમ નથી કરતા ! હજુ પણ સંગીતકારો પોતાના જલસાઓમાં અવિનાશ વ્યાસ અને ગૌરાંગ વ્યાસનાં ૧૯૪૦નાં ગીતો ગાયા કરે. *'નજરના જામ છલકાવીને ચાલ્યા કયાં તમે'; 'મારા ભોળા દિલ નો'* કે પછી *'પંખીડાને આ પિંજરું જુનું જૂનું લાગે'*... જેવાં ગીતો દરેક સુગમ સંગીતના પ્રોગ્રામમાં આજે પચાસ વરસે પણ ખોખારા ખાઇને, શ્રોતાઓને ગમે છે એ બહાને ગાય છે. તેમની વાત પણ ખરી છે. ઑડિયન્સમાં બે ચાર કાકાઓ વીતી ગયેલા જમાનાને યાદ કરીને રંગમાં આવી જાય છે. અને વાહ વાહ કરે છે. તેમાં ગરબાની તો વાત જ અનોખી છે.

માતાજી પણ કહેતાં હશે કે 'પાવા તે ગઢથી ઉતરું ખરી પણ આ તમે એકના એક ગરબા ગાવાના બંધ કરો તો.' આજે બોલિવુડ પણ રફીને ભૂલ્યા સિવાય રેશમિયાને વધાવે છે. પરંતુ આપણે તો હજુ નદીની રેતમાં રમતું નગર શોધ્યા કરીએ છીએ. કદાચ એમ પણ હોય કે અવિનાશ વ્યાસે ગુજરાતી સંગીતમાં ખૂબ ઊંચી રેખા દોરી છે. જેને હજુ સુધી કોઇ આંબી શક્યું નથી. કાંઇ નહીં. ઇસ્માઇલ દરબાર પણ ગુજરાતી જ છે ને ! આપણે ખુશ થાવ.

આપણે ધ્યાનથી જોઇએ તો નવી ટૅકનોલોજી સાથે બદલાવું પડશે. કૉમ્પ્યુટરે જગત નાનું બનાવી દીધું છે. આજે અખા, પ્રેમાનન્દ અને નરસિંહની વાતોનાં એકનાં એક વડાં ઊતાર્યાં કરવા કરતાં નવા કવિઓને વધાવીએ. ઇન્ટરનેટ ઉપર કેટલા ય નવા કવિઓ નિત નિત નવી કૃતિઓ પીરસે છે. એને ચકાસીએ. ટી વીના 'સા રે ગ મ' જેવા માધ્યમ દ્વારા લતા મંગેશકર જેવી કેટલી ય પ્રતિભાઓ નિખરી રહી છે. એને બિરદાવીએ. તમે કદી વિચાર્યું છે કે જેમ જેમ ટેકનોલોજી વિકસી રહી છે તેમ તેમ માણસ ઈશ્વર બક્ષિત શકિતઓ ગુમાવી રહ્યો છે અને પાંગળો બનતો જાય છે ?

પરંતુ તે એક જુદો વિષય છે !

e.mail : harnish5@yahoo.com

## ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનની તારીખોમાં ફેરફાર

**અમદાવાદ:** ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી અધિવેશન ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૭થી ૨૪મી ડિસેમ્બર, ૨૦૦૭ દરમિયાન રાખવામાં આવ્યું હતું, પરંતુ અનિવાર્ય સંજોગોમાં આ તારીખમાં ફેરફાર થયો હોવાનું પરિષદના વહીવટી મંત્રી રતિલાલ બોરીસાગરે જણાવ્યું છે. હવે અધિવેશન ૨૮મી ડિસેમ્બર, ૨૦૦૭થી ૩૦મી ડિસેમ્બર, ૨૦૦૭ દરમિયાન યોજાશે. બેઠકો અને વક્તાઓમાં યથાવત્ રહેશે.

આ સુએઝની નહેર માણસના ભેજાની એક અદભુત કરામત તો ખરી જ. પણ સાથે સાથે માનવ ઈતિહાસની એક મહત્ત્વની કડી. પૂર્વ પર જમાવેલા યુરોપિયન સામ્રાજ્યની એક અત્યંત આવશ્યક કડી.

આ નહેરનો વહીવટ કૅરોની ઑટૉમન ખેદીવ નામની એક કંપની ચલાવતી હતી. સુએઝની નહેરના ખરા ઉપયોગ કરતાં એનો ભપકો વધારે હતો. આ નહેરે યુરોપનાં લડાયક જહાજોનો માર્ગ સરળ કરી આપ્યો. પણ એમાંથી જે નફો મેળવવાનો હતો એ મળ્યો નહીં. અને ઊલટું એના માલિકો માટે એની સંભાળ અને સંરક્ષણ બંને માથાના દુઃખાવા જેવાં થઈ પડ્યાં.

ઈંગ્લૅન્ડના વડા પ્રધાન બૅન્જામીન ડીઝરાયલીની ચાણક્ય બુદ્ધિએ આ તક જોઈને કૅરોની દેવાળિયા કંપની ઑટૉમન ખેદીવ પાસેથી ચાળીશ લાખ પાઉન્ડમાં આ નહેર ખરીદી લીધી. અને કુશળતાપૂર્વક એનો વહીવટ ચલાવીને એમાંથી અઢળક નાણાં પેદા કર્યાં.

સુએઝની નહેરની આર્થિક કે રાજકીય ઉપયોગિતા જે હોય તે. પણ દશ વર્ષના ટૂંકા ગાળામાં આવું ભગીરથ કામ પાર પાડનાર ફ્રેન્ચ ઈજનેર લૅસૅપ્સ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

આ નહેરનાં ખોદાણ માટે લૅસૅપ્સે હજારો મજૂરો પાસેથી કઈ કુનેહ વાપરી આટલા ટૂંકા ગાળામાં આ અશક્ય લાગતું ઈજનેરી કામ પૂરું કરાવ્યું એ એક વિસ્મયજનક ઘટના છે. ઈ.સ. ૧૮૬૯માં નહેરના માર્ગમાં એક મોટો ખડક આવ્યો. એને ખસેડવો એ હજારો માણસોના ગજા બહારની વાત. એને તોડાય તો જ નહેરનું કામ આગળ વધે અને તો જ રાતા સમુદ્રનું પાણી ભૂમધ્ય સમુદ્ર સુધી પહોંચી શકે.

એ માટે ઈજિપ્તના રાજા ઑટૉમન ખેદીવને મનાવવામાં આવ્યા. એમની પાસેથી હજારો ટન દારૂગોળો મેળવવામાં આવ્યો. અને સુરંગો ફોડી આ જબરદસ્ત ખડકને તોડવામાં આવ્યો. એ ખડક તૂટ્યો અને જ્યારે રાતા સમુદ્રનું પાણી ભૂમધ્ય સમુદ્ર તરફ ધસમસતું વહેવા માંડ્યું અને જહાજોનો કાફલો નહેરનાં પાણીમાં આગળ વધવા માંડ્યો ત્યારે નહેરના બંને કાંઠે ઉભેલી માનવમેદની આનંદની કિકિયારી કરી ઊઠી.

ત્યાર પછીનાં નેવું વર્ષ સુધી સુએઝની નહેરનો વહીવટ-વહેવાર કશા ય કલહ વગર ચાલ્યો. નહેરના માલિકોને નહેરમાંથી ખાસ કમાણી તો ના થઈ. પણ નહેરનું આટલું બધું આર્થિક અને રાજકીય મહત્ત્વ જોઈ બ્રિટને સાવ ગેરવાજબી રીતે ઈજિપ્ત પર પોતાનો કબજો જમાવી રાખ્યો. અને ફ્રાન્સ અને બ્રિટન બંને રાષ્ટ્રો સુએઝની નહેર જાણે એમની બાપીકી મિલકત હોય તેમ વર્તતાં હતાં.

બીજા વિશ્વયુદ્ધ બાદ આ બંને રાષ્ટ્રોનાં વળતાં પાણી થવા માંડ્યાં. એમણે જમાવેલાં એક પછી એક થાણાં એમના હાથમાંથી સરી જવા માંડ્યાં. એવામાં ઈ.સ. ૧૯૫૬માં ઈજિપ્તમાં ગમાલ અબ્દુલ નાસર સત્તા પર આવ્યા. અને એમણે ફ્રાન્સ અને બ્રિટન બંનેની હકાલપટ્ટી કરી સુએઝની નહેર પોતાના કબજામાં લઈ લીધી. ફ્રાન્સ અને બ્રિટન ઈજિપ્તની આવી ઉદ્ધતાઈ સાંખે ખરાં ? એમણે ઈજિપ્ત સામે લડાઈ શરૂ કરી.

અમેરિકાને આ પરિસ્થિતિની વાસ્તવિકતા સમજાઈ ગઈ - જે ફ્રાન્સ કે બ્રિટન સ્વીકારવા તૈયાર નહોતા. અમેરિકાએ ફ્રાન્સ કે કોઈને સાથ આપ્યો નહીં. અને અમેરિકા પોતાની પડખે ના હોય તો ફ્રાન્સ કે બ્રિટન ઈજિપ્ત સાથે જંગ ખેલવા તૈયા નહોતાં. એટલે આ બંને રાષ્ટ્રોને નાકે લીટી તાણીને ઈજિપ્ત સામે હાર કબૂલ કરવી પડી. એની સાથે યુરોપિયન સામ્રાજ્યનો સૂરજ આથમવા માંડ્યો. અને અત્યારે પણ એ જમાનાના બ્રિટિશરો માટે તો સુએઝની નહેર એક દુઃખદ સંભારણું છે.

અને જુઓ તો ખરા. સુએઝની નહેર જ્યારથી ઈજિપ્તના કબજામાં આવી ત્યારથી એની પ્રતિષ્ઠા અને એની ઉપયોગિતા જાણે હોલવાવા માંડી. અત્યારે એના વહીવટમાં અંધેર છે. અને આ તો મોટીમોટી આગબોટોનો યુગ છે. એ આગબોટો માટે સુએઝની નહેર હવે સાંકડી પડે છે. એટલે તો એમને પહેલાંની જેમ જ આફ્રિકાની પ્રદક્ષિણા કરીને પૂર્વ - પશ્ચિમના પ્રવાસો કર્યા વિના છૂટકો નથી.

સુએઝના પૂર્વ - પશ્ચિમના પ્રવેશદ્વાર જેવાં પોર્ટ સૈયદ અને સુએઝ સિટી એવાં ગંધાઈ રહ્યાં છે કે કોઈ પ્રવાસીને ત્યાં જવાનું મન નથી થતું. અને આ નહેર જે ઠાઠમાઠ અને આર્થિક મહત્ત્વ એક વખત ભોગવતી હતી એ બધું ય આ જમાનાની વાસ્તવિકતામાં વરાળ થઈને ઉડી ગયું.

આ નહેરને બાંધનાર ઈજનેર લૅસૅપ્સનું બાવલું તો ઈ.સ. ૧૯૫૬માં તોડી નાખવામાં આવ્યું. એટલો બધો આક્રોશ ઈજિપ્તના મનમાં બ્રિટન અને ફ્રાન્સ માટે હતો - જાણે એ બાવલું આ બે રાષ્ટ્રોની દાદાગીરીનું પ્રતીક ન હોય. અને જે નહેર એણે સર્જી એ નહેરના આથમતા સૂરજ સાથે લૅસૅપ્સનો પોતાનો સૂરજ પણ આથમી ગયો.

સુએઝની નહેરના ઈતિહાસ પર નજર નાખીએ તો ક્યારેક એમ લાગે છે કે આ આખો ય પ્રકલ્પ ખોટા દમામ અને મૂર્ખાઈનું પ્રતીક હતો. એના વગર પણ જૂનો જે માર્ગ હતો એનાથી મુસાફરો - પ્રવાસીઓ વધારે ખુશ થાત.

અને હકીકતમાં દુનિયાની મોટામાં મોટી નહેરો કે મોટામાં મોટા બંધ ભલે માનવબુદ્ધિ અને માનવશક્તિ માટે યશકલગી જેવાં હોય. પણ એ બધાં આખરે તો માનવીનાં મિથ્યાભિમાનનાં પ્રતીક પુરવાર થયાં છે.

આવી રીતે નહેરો ખોદીને કે જળમાર્ગો બાંધીને પૂર્વ અને પશ્ચિમને જોડવાનો. પૂર્વની સંપત્તિ પશ્ચિમમાં લાવવાનો. પૂર્વ - પશ્ચિમ વચ્ચે એકતા સ્થાપવાનો જે કંઈ પ્રયાસ થયો છે એ નિષ્ફળ ગયો છે. પુરુષ અને સ્ત્રી એકબીજાંથી જુદાં છે. ધર્મ અને વિજ્ઞાન એક બીજાંને આમને સામને છે એવી જ રીતે પૂર્વ અને પશ્ચિમને એક બીજાંથી જુદાં રાખવાનો કુદરતનો ઈરાદો છે. નહીંતર એ બે વચ્ચે સો માઈલના રણને બદલે કુદરતે પોતે જ ત્યાં જળમાર્ગ બનાવ્યો હોત.

આજે સુએઝની નહેરને કોઈ યાદેય નથી કરતું. માલવાહક જહાજોના વિશાળ કદના કારણે આ નહેર એમના માટે તો નકામી થઈ ગઈ છે. અને મહાકાય વિમાનોએ પ્રવાસીઓને સુએઝની નહેર ભુલાવી દીધી છે.

e.mail : mkantilal@aol.com

•

## લે કર સ્વાગત !

○ પ્રવીણ કે. મહેતા 'બાલપ્રેમી'

*આશ ને આભાસમાં ખુદ માનવ ક્યાં અથડાય છે*
*વાત એની એ જ છે પણ સાર જો બદલાય છે*
*આભ કેરાં નયનમાં કાજલ બની વિખરાય છે*
*એ કૃષ્ણ છે કે કંસ, એ હજુ ન મને સમજાય છે!*
*કોકિલાનો સૂર સૂનો, કાગ આ શું ગાય છે ?*
*સંતના પરદા મહીં આ કોણ જો પુજાય છે!*
*આંસુનો દરિયો મળ્યો ને સ્મિત બિંદુમાં મળ્યું*
*કાચ જેવી આ જિંદગી ટૂકડાં બની ઠૂકરાય છે!*
*ગીત આ ગોપી તણું વેણુ સુરે રઝળી રહ્યું*
*પત્થર તણાં કૃષ્ણ કાળા ત્યાં જમુનામાં ન્હાય છે!*
*વેદનાનો સંગ મળ્યો લે, ખુશીમાં તણખલું*
*લે કર સ્વાગત હસી, એ જિંદગી કહેવાય છે!*

[Apartment A 318, 10000 - 45th Avenue North,
PLYMOUTH MN 55442 U.S.A.]

# પડદા વિનાનું ત્રિઅંકી નાટક

○ મંગુભાઈ પટેલ

અંક - ૧

*(સરકીટ હાઉસમાં પ્રધાનો અને કેટલાંક ધારાસભ્યો સાથે મિટિંગ ચાલે છે. મુખ્યમંત્રી અધ્યક્ષસ્થાને છે.)*

**મુખ્યમંત્રી :** મિત્રો, જલદી બોલો. હવે, લાંબા શાસનના દહાડા ખતમ થવા આવ્યા છે. કોઈ ગામ લોકાર્પણ કે શિલાન્યાસ વિનાનું ન રહેવું જોઈએ.

**મિ. ચાંચડ :** સાહેબ, ગઈ કાલે બહુચરાજીથી કિન્નરોનું પ્રતિનિધિમંડળ આવ્યું હતું. તેમની ફરિયાદ હતી કે મોદી સાહેબે દીકરીઓ માટે, આદિવાસીઓ માટે, વનવાસીઓ માટે, દરિયાખેડૂ માટે લોકાર્પણ અને પેકેજો જાહેર કર્યા; અમારે માટે કંઈ નહીં ?

**મુખ્યમંત્રી :** મિ. ચાંચડ, બહુચરાજીથી આવેલાને રાજી કરવા એ આપણો ધર્મ છે. વ્યંઢળોની વાત વ્યાજબી છે. વિધાનસભામાં વ્યંઢળો પેદા કરવાના કામમાં રોકાયેલો હોવાથી તેમના તરફ ધ્યાન અપાયું નથી. મિ. ચાંચડ, તાબડતોબ પ્રથમ પ્રાયોરિટી આપી તકતીઓ અને શિલાઓ તૈયાર કરાવો. આ બધામાં આરસપહાણનો પથ્થર બરાબર વાપર્યો છે ને ? ગુજરાત રાજ્ય ભુસાય પણ તકતી ના ભૂસાવી જોઈએ.

**મિ. ચાંચડ :** સાહેબ, જીઓલોજી ડિપાર્ટમેન્ટની સલાહ લઈ તાજમહાલમાં વાપર્યા હતા તેવો જ, નમો બ્રાન્ડ, આરસપહાણ તકતીઓ અને શિલા માટે વાપર્યો છે.

**મુખ્યમંત્રી :** શાબાશ, આવા સચિવ જોઈએ. વ્યંઢળ સમાજના પ્રમુખને કહેવડાવો, સાહેબ બહુચરાજી આવી તમને રાજી કરશે. સાથે 'મોદી ગરબાવલી'નું વિમોચન પણ રાખશે. મુંબઈના મુર્ધન્ય સાહિત્યકાર કલાલ તે વિધિ કરશે.

અંક - ૨

*(બહુચરાજીનું પટાંગણ, આખું પ્રધાન મંડળ, ધારાસભ્યોની પલટણ અને વ્યંઢળો)*

**સિનિયર કિન્નર :** (આરતી ઉતારે અને ગાય)

*ભલે પધાર્યા મોદી મારે આંગણે*

*તમને વારેવારે લઉં ઓવારણાં*

*તમને ભાવે વધેરું મારે આંગણે*

**શિક્ષણમંત્રી :** અલ્યા, વધેરું નહીં, વધાવું.

**કિન્નર :** (તાળી પાડીને) બહેન, આમાં મારી ભૂલ નથી. મોદી સાહેબની ગરબાવલીનો ગરબો છે. સરકારી પ્રૂફ રીડરે લોચો માર્યો છે. વધાવાનું વધેરું કર્યું.

**વ્યંઢળના પ્રમુખ :** ગુજરાતના કર્ણધાર આપણે આંગણે આવી આપણી શોભામાં વધારો કર્યો છે. તે આપણાથી રૂડા છે અને આપણે તેમનાથી રૂડા છીએ. દરેક સમાજ તેમને કંઈકને કંઈક ભેટ આપે છે. અને તેમને અમારો પોષાક, ચૂંદડી અને મા ભવાનીની મ્યાન વગરની તલવાર ભેટ આપીએ છીએ. (હરખમાં આવી પ્રધાનમંડળ અને ધારાસભ્યો જોરદાર તાળીઓ પાડે છે. મુખ્યમંત્રીની આંખ ફરકતાં તાળી પાડનાર ત્યાં જ અટકી જાય છે.)

**શિક્ષણમંત્રી :** આ બધી વસ્તુઓને માની પ્રસાદી માની કંકુ છાંટણાં કરી તેને વધાવું છું અને મોદીખાનામાં રાખવાનો હુકમ કરું છું. (જોરદાર તાળીઓ)

**વ્યંઢળ મંત્રી :** મોદી સાહેબને તલવારો ભેગી કરવાનો શોખ છે. ગાંધીજી બીજા સમાજના હોવાથી તેમણે અંગ્રેજો પાસેથી રાજ્ય અપાવ્યું, પણ મોદી સાહેબ આપણા હોવાથી અંગ્રેજો પાસેથી શિવાજીની તલવાર પાછી અપાવશે. તેઓ ટીપુ સુલતાનની તલવાર અને શિવુના વાઘનખ પણ પાછા લાવે તેવી વિનંતી. બહુચરમાતકી જૈ ! અંબામાતકી જૈ ! (તાળીઓનો વરસાદ - પ્રધાનમંડળમાં ગણગણાટ. આવતી ચૂંટણીમાં આ કિન્નરનું પ્રધાનમંડળમાં સ્થાન. આપણાંમાંથી કોઈનું પત્તું કપાયું સમજો. મુખ્યમંત્રીની આંખ ફરી. નીરવ શાંતિ.)

**મુખ્યમંત્રી :** મિટ્રો (નાકમાંથી) તમને મળી આનંદ થયો. અમને બધાંને તમારાથી જુદા ગણતા નહીં. (તાળીઓ) જાપાનની દીકરી તમારા પર મહાનિબંધ લખી રહી છે. તમારી પ્રવૃત્તિની નોંધ જાપાને લેવી પડે. તમે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. મને લોકોએ કૃષ્ણ તરીકે ચિતર્યો તેમાં ખોટું શું છે ? કારણ કૃષ્ણ પણ એનકાઉન્ટર કરતા. મને તમે મા ભવાનીનાં સ્વરૂપે જોયો. મા ભવાની પણ એનકાઉન્ટર કરતી. હમણાં ગુફામાં જતા રહેલા સ્વામી સચ્ચિદાનંદે **હિંસા પરમો ધર્મ**નું સૂત્ર આપ્યું છે. તમારી વસ્તી વધે તે જોવા આતુર છું. **'ગુજરાત રાજ્ય વ્યંઢળ ઉત્કર્ષ મંડળ'**ની રચનાની જાહેરાત કરું છું. (તાળીઓ) તમને બ્યૂટી પાર્લર ચલાવવાનું લાયસન્સ આપવામાં આવશે. તાળીઓ પાડવાના શ્રમનું જૂદું મહેનતાણું. વરસમાં મારા અને કમળના ફોટાવાળા બે ડ્રેસ મફત રાજ્ય સરકાર આપશે. આગામી ચૂંટણીમાં બે સીટ પણ તમને ફાળવીશ.

**સરપંચ :** મોદી સાહેબ, તમારામાં સંખ્યા પૂરતી છે. ભાઈશા'બ, અમારામાં ગાબડું શું કરવા પાડો છો ? (હસાહસ)

(પ્રવચન ચાલુ ...)

... તમારાં માટે વ્યંઢળ, ફાતડા, હીજડા, કિન્નર જેવા શબ્દો મને કઠે છે. મેં અહીંના સાહિત્યસ્વામીઓ અને દરિયાપારના સાહિત્યસ્વામીઓ પાસેથી એક જ શબ્દ મંગાવ્યો છે. કારણ હું તમારા માટે એક નગરી બાંધવાનું પેકેજ જાહેર કરું છું.

**ફાતડો :** સાહેબ, એમાં આટલા બધાં સાહિત્યસ્વામીઓને શું કરવા તકલીફ આપો છો ? હું જ શબ્દ આપું : 'શીખંડીનગર' (તાળીઓના ગડગડાટ વચ્ચે નામ વધાવી લેવામાં આવ્યું. આ ફાતડાને 'શબ્દસ્વામી'નો ખિતાબ આપવામાં આવ્યો.)




What! No India and Pakistan when you were young? Life would have been so dull... without the cricket wars!

(સદભાવ : "ડેક્કન ક્રોનિકલ", ૫.૧૧.૨૦૦૭)

અંક - ૩

**એનાઉન્સર :** સભાજનો, હવે પછીનો કાર્યક્રમ બાજુમાં શંખલપુરવાળીના ચોકમાં થશે, જ્યાં મોદી સાહેબના હસ્તે લખાયેલ 'મોદી ગરબાવલી'નું અગાઉ જાહેર થયા મુજબ મુંબઈના કલાલ વિમોચન કરશે. (તાળીઓ) (કસેટમાં ગરબો વાગે).

*આવા તો રાજ્ય શા હોય, અલી બહુચરી*
*દિવેલ અમારું, દિવેટ અમારી, દીવો કરે મોદી.*
*ધોળા દિવસે લોકોને તારા બતાવે, અલ્યા મોદી*
*આંધળીએ દળ્યું અને કૂતરે ખાધું, અલ્યા મોદી.*
*શંખલપુર સોહામણું, તારું ગાંધીનગર બિહામણું મોદી.*

**(અલ્યા, બંધ કરો. ... કૉંગ્રેસની કસેટ આવી ગઈ છે !)**

(મોદી સાહેબ મંચ પર સ્થાન લે છે.
'મોદી ગરબાવલી'નું વિમોચન થઈ ગયું.)

**મુંબઈના કલાલ :** આપણે સૌ જાણીએ છીએ કે મોદી બત્રીસલક્ષણા છે. પણ ગરબાવલીનું સર્જન કરી તેમણે એક લક્ષણ ઉમેર્યું. મને ખાતરી છે, મારા પછી સાહિત્યકારનું સ્થાન તેઓ શોભાવશે.

**મુખ્યમંત્રી :** ગુજરાતની જનતાને એટલી જ ખબર છે કે હું કવિ છું. વાર્તાકાર પણ છું. તમે જાણી લો હું ગાઈ પણ શકું છું. પણ રેશમિયાની જેમ નાકમાંથી. નાચી પણ શકું છું. હું મારા શીખંડી સાથીઓ સાથે ગરબે રમીશ. સ્ત્રી ગાય તે ગરબો. પુરુષ ગાય તે ગરબી. અને શીખંડીઓ ગાય તે સરગવો. (તાળીઓ)

(મુખ્યમંત્રી એકાએક મંચ પાછળ જતા રહે છે અને ભેટ આપેલો કિન્નરોનો પોષાક પહેરવાનું શરૂ કરે છે. આયોજનપૂર્વક બીજા ડ્રેસ તૈયાર હતા. બધાં પ્રધાનો પણ પહેરવા લાગે છે. પ્રધાનોનો ગણગણાટ. મોદીની આંખ લાલ.)

માતાજીનો મને ગેબી અવાજ સંભળાયો છે. 'જો તારે ચૂંટણી જીતવી હોય તો ઘાઘરી પહેર, થશે તારા પર મહેર.' મિત્રો, શાસન કરવું હોય તો ઘાઘરી પહેરવી પડશે. (અબીલ ને ગુલાલ સાથે જયઘોષ : 'જય માતાજી !' 'જય અંબે !' 'જય બહુચર !' – ના નાદ વચ્ચે ગરબો ગવાય છે.)

*શંખલપુરના પૂજારીએ મોદી સાહેબને કૂકડો આપ્યો છે તે લઈ પલટણ ગાંધીનગર પહોંચી. સચિવાલયના ઓટલે સચિવ ભોંયરા, ભોંયરા તરફ મોઢું રાખી બેઠાં છે.*

**ભોંયરા :** ( મુખ્યમંત્રીની કેબીનમાં જઈ) સાહેબ, ગજબ થઈ ગયો. લોકાર્પણ અને શિલાન્યાસની પથ્થરા તકતીઓ ગામડેથી ઢગલા બંધ પાછી આવી છે. ભોંયરું ભરાઈ ગયું છે.

**મુખ્યમંત્રી :** ભોંયરા, તેનું કારણ શું ?

**ભોંયરા :** તકતી ઉપરનાં લખાણોમાં આપણી ટેક્સબુકો જેવા છબરડા લોકાર્પણને બદલે લોદાર્પણ, મોદી તરપણ શિલાનાસ, સત્યાનાશ, શિલાવ્યાસ અને શિલાત્રાસ - કંઈ કહેવાની વાત નથી. બાકીની તકતીઓ ગમાણમાં ચોટાડી છે અને તળાવમાં ધોવાનો પથ્થરો બનાવી છે.

**મુખ્યમંત્રી :** તમે નાટક અને કળાના અને સાહિત્યના માણસ છો, તો આવું કેમ બન્યું ?

**ભોંયરા :** સાહેબ, મેં જોડણી અને લખાણ જોવા માટે નવીના અને જૂનીના રાખેલા, ગુજરાતીના અધ્યાપકો. તેમની લડાઈએ ગુજરાતી ભાષાની મા પરણી નાંખી !

**મુખ્યમંત્રી :** મિ. સચિવ, તમારાથી આવું એલફેલ ન બોલાય. એલફેલ બોલવાનો મારો અધિકાર છે. મિ. ભોંયરા, નવી તકતીનાં લખાણો મને બતાવજો. મારી ચાંચ સાહિત્યમાં ડૂબે છે.

**ભોંયરા :** સાહેબ, ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે. હવે આપણે તકતી વાંચવાની જરૂર નથી.

*(રાષ્ટ્રગીત આવડતું હોય તો જ ગાવું. – બાકી, 'જય હિંદ' ચાલશે. શંખલપુરનો કૂકડો ગાંધીનગરના વાતાવરણમાં ગોઠવાઈ ગયો છે. મોદી સાથે નવા હેલીકોપ્ટરમાં ફરે છે. જરૂર પડે ત્યાં **કૂકડે કૂક** બોલે છે. જાગતે રહો અને ઉઠાડવાની જવાબદારી તેણે કમાન્ડોને આપી છે.*
*... ... કૂકડે કૂક ... !!)*

[Manthan Twins, off Aalay and Tanmay Flats,
Bodakdev, Judges' Bunglow's Road,
AHMEDABAD - 380 054, India]

•

# કોઈ એક જમાનામાં

○ સંસ્કૃતિરાણી દેસાઈ

*કોઈ એક જમાનામાં*
*જ્યારે રાત, રાત ન હતી*
*ને દિવસ, દિવસ ન હતો*
*ત્યારે*
*વચન આપ્યું હતું કે મળવું એક બીજાને.*
*પણ પછી તો રાત, રાત બની ને*
*દિવસ બન્યો દિવસ.*
*દિવસ રાતને શોધતો આગળ નીકળી જાય છે*
*પછી જ આવી પહોંચે છે રાત.*
*દિવસને શોધતી.*
*રાત તો કોઈની શોધમાં આવતી હોય*
*એવું બિલ્કુલ જાણવા જ દેતી નથી.*
*ખબર પડી જાય તો પ્રોબ્લેમ થાય ને !*
*દિવસે તો એક વખત તેના ભાઈબંધને*
*થાકીને કહી દીધું કે*
*'અલ્યા, તારી મદદ જોઈએ છે.*
*વાત એમ છે ને ...*
*કંઈ નહીં, કંઈ નહીં.' કહીને ચાલી ગયો.*
*આવું કાંઈ થઈ રહ્યું છે*
*તે તો ખબર જ નથી આપણને*
*નહીં તો રોકી ન પાડીએ દિવસને*
*કે ઊભો રહે જરા વધારે*
*તારી શોધમાં રાત આવતી જ હશે હમણાં.*
*કેટલી ઈમાનદારીથી વચન પાળવાનો પ્રયત્ન કરી રહ્યાં છે*
*આ બંને*
*સૈકાઓથી !*

[2/C Nanik Niwas, Warden Road,
MUMBAI - 400 026, India]

e.mail : sanskritidesai@yahoo.com

# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું



કોઈ પર્વત ચિત્રમાં દોરી શકું એ બળ નથી
એટલે આજે ઝરણમાં સ્હેજ પણ ખળખળ નથી
દૂર છે એ કારણે પ્હોંચાય નહિ - એવું નથી
કૈં ન દેખાતું જો તારા નામનું ઝળહળ નથી
આ સડક ક્યાં જાય છે એમાં કશોયે રસ નથી
ક્યાંય મારું ઘર નથી કે હોય એવું છળ નથી
આ નગરનો રંગ છે લ્યો સાવ પથ્થરિયો છતાં
વૃક્ષ કોઈ રોપવાની કોઈ પણ ચળવળ નથી
ઊગશે એમાં પછી ગુલમ્હોર થઈ ચહેરા બધા
આજ છોને દર્પણોને ખોલવાની કળ નથી

– હર્ષદ ચંદારાણા

•



ભલા, કેટલાં સાલ થયાં હશે ? કહે છે કે આ છબિઓ સન ૧૯૬૦ના અરસાની છે. ... ૪૬-૪૭ થયાં જ હોય ! અહીં વેમ્બલીના સડબરી હિલ વિસ્તારમાં જાણીતા લેખકમિત્ર ઉપેન્દ્ર ગોર વસે છે. તેમની કનેથી આછબિઓ મળી છે.

યુગાન્ડાના મ્બાલે નગર પાસેના એક પહાડનું આરોહણ કરતા કેટલાક યુવાનોની આ બંને છબિઓ છે. ચિત્રમાં નટુભાઈ પટેલ, જગદીશ ગોરધનભાઈ પટેલ, ઉપેન્દ્ર કૃષ્ણનાથ ગોર અને પ્રવીણ પટેલ જોવા મળે છે. પાંચમા યુવાનનું નામ ઉપેન્દ્રજીને, હાલ, સાંભરતું નથી. કોઈને સાંભરે છે, ખરું?



ત્રીજી છબિ. મૂળ દ્વિજેન્દ્રનાથ રોયનું 'શાહજહાઁ' નાટક ભજવાયું. તેનું એક દશ્ય છતું કરે છે. અહીં શહેનશાહ ઔરંગઝેબનો દરબાર છે. ઑરંગઝેબનું પાત્ર ભજવે છે હરિપ્રસાદ જોશી. ઘણું કરીને એ આજકાલ વડોદરામાં વસે છે. એક દરબારીના પાત્રમાં દિવંગત શિક્ષક અને સાહિત્યકાર ભાનુશંકર ઓધવજી વ્યાસ છે. ઔરંગઝેબના સેનાપતિના પાત્રમાં, હાલ ઘણું કરીને ઉત્તર લંડનમાં રહેતા આપણા જાણીતા ચિત્રકાર શિક્ષક અરવિંદભાઈ ઓઝા માલુમ પડે છે. જ્યારે દારાસિકોહનું પાત્ર ભજવે છે ઉપેન્દ્ર ગોર.

આ આખું નાટક શાહ સાહેબે દિગ્દર્શીત કરેલું, એમ ઉપેન્દ્ર ગોર નોંધે છે. આ સજ્જનનું આખું નામ કોઈને સાંભરે ખરું ? બીજી પાસ, આ નાટક હશે તો ગુજરાતીમાં, પણ તે કોનો અનુવાદ હશે ? છે કોઈને સ્મરણ ?

આ દરેક નાનીનાની વિગતમાહિતી ગુજરાતી ડાયસપોરિક ઇતિહાસની કડી છે. એ દરેકના અંકોડા મેળવી આપવાનો ય આપણો ઉપક્રમ છે. એમ તો "ઓપિનિયન"નું અસ્તિત્વ પણ આવા આવા ડાયસ્પોરિક યજ્ઞને સારુ ઓરશિયો બનવાનું છે.

# — ગૂફતગૂ

(૧)

## આપણે ખરેખર કોના માટે ગૌરવ લઈ શકીએ ?

○ અંજલિ સિંહા

અમેરિકાના એક નાનકડા રાજ્ય લુસિયાનાની ગવર્નરપદની ચૂંટણીમાં ભારતીય મૂળના બૉબી જિંદાલ જીત્યા. લગભગ તમામ અખબારો અને ટીવી ચેનલોએ બૉબી જિંદાલના વિજયને કોઈ ને કોઈ સ્વરૂપે ભારતના ગૌરવ તરીકે જોયો છે. અલબત્ત, ૧૯૭૦માં ભારત છોડ્યા પછી ભારતમાં પગ નહીં મૂકનાર અને બુશની જેમ જ બદલાની ભાવના ધરાવનાર બૉબી જિંદાલ જીતે તો તેનાથી ભારતનું માથું ગૌરવથી કેમ ઊંચું થાય છે ?

ખબર નથી આપણે ત્યાં કેટલા લોકો જાણે છે કે બૉબી જિંદાલ સનાતની પરંપરાના ખ્રિસ્તી હોવાના નાતે ગર્ભપાતનો વિરોધ કરે છે. ડાર્વિનના ઉત્ક્રાંતિવાદને બદલે તે 'ઇન્ટેલિજન્ટ ડિઝાઈન'ની વાત કરે છે, જે એક રીતે ઈશ્વરીય વિકાશ – ક્રિયેશનીઝમનું જ બીજું નામ છે. બૉબી જિંદાલ અશ્વેત અને અન્ય શ્વેતેતર વર્ગોના વિકાસ માટે સાઠમા દાયકામાં ત્યાં બનાવેલી એફરમેટિવ એક્શન (જેને આપણે ત્યાંની સામાજિક રીતે વંચિત વર્ગના વિકાસ માટે અનામતની નીતિ સમકક્ષ ગણી શકાય)નો વિરોધ કરે છે.

લુસિયાના રાજ્યની વસતીમાં ત્રીજા ભાગના અશ્વેતો છે. તેમાંથી લગભગ કોઈએ એમને મત આપ્યો નહોતો. તે અકારણ નહોતું. વળી, બુશ જે તેમની હિંસકનીતિઓને કારણે વિશ્વભરમાં બદનામ થયા છે, તેના કટ્ટર સમર્થક ગણાતી કોઈ વ્યક્તિ કોઈ ઊંચા હોદ્દે પહોંચે તો તેમાં ભારતનું ગૌરવ કઈ રીતે વધે ?

આ દેશને જો બૉબી જિંદાલ પર ગર્વ હોય તો વંશવાદની હિમાયત કરનારી અમેરિકામાં ચર્ચિત એક પુસ્તકના ભારતીય મૂળના લેખક ડિસોઝા પર પણ ગર્વ હોવો જોઈએ. કહેવાય છે કે ડિસોઝા અમેરિકાના શ્વેત વગદાર લોકોના નિકટના વક્તાઓમાં ગણાય છે. જનાબ ડિસોઝા પ્રસ્તુત પુસ્તકમાં કાળાઓ સાથે અને અન્ય ગોરા નહીં એવાં લોકો સાથે થતા ભેદભાવોને વાજબી ઠેરવે છે.

બૉબી જિંદાલની વ્યક્તિગત બાબત છોડી દઈએ તો પણ એ વિચાર કરવો જરૂરી છે કે કોઈ પણ દેશનું, ત્યાંના લોકોનું માન કઈ રીતે વધે છે. વ્યક્તિ વિશેષની પ્રગતિ તેના મૂળ દેશની ઈમેજ બિલ્ડિંગમાં કઈ રીતે ભૂમિકા ભજવે છે ? આમ તો માનવતાના વિકાસમાં યોગદાન આપનાર કોઈ પણ વ્યક્તિની સિદ્ધિ બધા માટે ગર્વની વાત કરી શકાય છે. અલબત્ત, ભારતીયોના ગર્વના માપદંડનો પ્રશ્ન છે ત્યાં સુધી આપણા માપદંડો કંઈક વિચિત્ર હોય એવું લાગે છે.

પ્રચંડ બેન્ક બેલેન્સ, પશ્ચિમી વિશ્વ તરફથી મળેલાં પ્રમાણપત્રો, તમે કઈ 'સ્કૂલ'માં તૈયાર થયા છો કે કોના માટે કામ કરો છો, એવા માપદંડોને આધારે આપણે ત્યાં ગર્વ અનુભવવામાં આવે છે. વિશ્વના સ્ટીલ ઉદ્યોગના ઉભરતા કિંગ લક્ષ્મી મિત્તલ પર આપણે ઓવારી જઈએ છીએ. જેમના માટે પશ્ચિમી દેશોમાં એવી ચર્ચા ચાલે છે કે તેમણે ઉદ્યોગોમાં શ્રમ કાયદાઓનું ઉલ્લંઘન કર્યું છે. એવી જ વાત ઇન્દ્રા નૂયી કે અન્ય વિશે કહી શકાય.

વિદેશોમાં વિજય પતાકા લહેરાવનારા ભારતીયો પર ગર્વ કરનારા આપણને ખ્યાલ પણ નથી હોતો કે ન્યૂયોર્કના ટેક્સી ડ્રાઇવરોના મજબૂત યુનિયનની મહિલા નેતા એક હિંદુસ્તાની છે. જેની આગેવાનીમાં તાજેતરમાં સફળ હડતાળો થઈ. આપણને એમઆઈટીમાં કાર્યરત લખનીના કોઈ મૃગાંક સૂરનું નામ યાદ આવતું નથી. જેના સંશોધનને નોબેલ પારિતોષિક યોગ્ય ગણાવાઈ રહ્યું છે.

આપણે કલ્પના ચાવલા કે સુનીતા વિલિયમ્સ પર ગર્વ લઈએ તો સમજાય. પરંતુ 'બ્રાઉન અમેરિકન'નો અંચળો ઓઢવામાં ફન્ડામેન્ટલિઝમના ફરજંદ પર આપણે શા માટે ગર્વ કરવો જોઈએ ?

**બૉબી જિંદાલ હોય કે લક્ષ્મી મિત્તલ કે ઇન્દ્રા નૂયી માટે સમાજનો વિકાસ કે વૈજ્ઞાનિક પ્રગતિ અને માનવતાના હિતમાં સંશોધન એજન્ડામાં નથી. પ્રશ્ન એ નથી કે કોઈ ક્યાંનું છે, બલકે એ છે કે કોણ શું કરે છે અને તેના પ્રયાસથી ઈતિહાસમાં નવો અધ્યાય કઈ રીતે જોડાય છે.**

**તેનો પ્રયાસ સામાન્ય લોકોના હિતમાં છે, ઉચ્ચ મૂલ્ય સ્થાપિત કરનાર છે કે નહીં ! આ દિશામાં પછી ભારતીય પગલાં માંડે કે કોઈ અમેરિકન, આપણને બંને પર ગર્વ થશે !**

*(લેખિકા દિલ્હી યુનિવર્સિટીની સત્યવતી કૉલેજમાં કાઉન્સેલર તરીકે કાર્યરત છે)*

(સદ્દભાવ : "દિવ્ય ભાસ્કર", ૨૫.૧૦.૨૦૦૭)

•

(૨)

## દુર્લભ પુસ્તકોનો ડિજિટલ અવતાર

○ દીપક મહેતા

અઢારમી સદીના અંત સુધી આપણાં ભાષા - સાહિત્યમાં હસ્તપ્રત યુગ ચાલતો હતો. નરસિંહ મહેતાથી દયારામ સુધીના કવિઓની અને બીજી અસંખ્ય કૃતિઓ હસ્તપ્રતો રૂપે સચવાઈ રહી. પણ હસ્તપ્રતોનો ફેલાવો અત્યંત મર્યાદિત. થોડા વિદ્વાનો કે ધનિકો કે ધર્મપુરુષો જ હસ્તપ્રતો સુધી પહોંચી શકતા. આમજનતાએ તો ગમતી કૃતિઓ કંઠસ્થ કરવી પડતી. ૧૮૦૮માં મુંબઈના કુરિયર પ્રેસમાં છપાઈને ડો. રોબર્ટ ડ્રમન્ડનું પુસ્તક 'ધ ગ્રામેટિકલ પાર્ટ્સ ઑફ ગુજરાતી, મહરટ્ટ એન્ડ ઇંગ્લિશ લેંગ્વેજિસ' બહાર પડ્યું એ સાથે આપણે ત્યાં મુદ્રિત પુસ્તકોનો યુગ બેઠો. એક જ પુસ્તકની સેંકડો કે હજારો નકલ એક સાથે છપાવા લાગી અને પુસ્તક પરનો અમુક વર્ગનો વિશેષાધિકાર ધોવાઈ ગયો. વીસમી સદીના અંત સુધીમાં સાહિત્યનાં અને સાહિત્યેત્તર પુસ્તકોનો લાખો, બલકે કરોડો નકલ લોકોમાં ફરતી થઈ. પણ છાપેલાં પુસ્તકોનું આયુષ્ય મર્યાદિત. વળી ઘણાં પુસ્તકો એક વાર છપાયા પછી બીજી વાર ફરી છપાય નહીં તેથી દુર્લભ બની જાય. વળી છાપેલાં પુસ્તકો મોટી સંખ્યામાં સંઘરવા માટે ઘણી મોટી જગ્યા જોઈએ. મુંબઈ જેવાં શહેરોમાં તો જાહેર પુસ્તકાલયો માટે પણ જગ્યાના સાંસા. પણ હવે ૨૧મી સદીમાં ફરી એક નવો યુગ બેઠો છે, ડિજિટલ પુસ્તકનો યુગ. હવે પુસ્તકોને વેબ સાઈટ પર જઈને વાંચી શકાય છે, નાનકડી સીડી પરથી વાંચી શકાય છે.

૧૮૬૫માં સ્થપાયેલી મુંબઈની ગુજરાતી ફાર્બસ સભાએ હવે ડિજિટલ યુગમાં પ્રવેશ કર્યો છે. સંસ્થાના સમૃદ્ધ પુસ્તકાલયમાં અનેક દુર્લભ પુસ્તકો સંઘરાયેલાં છે. તેમાંનાં ઘણાં જર્જર-જીર્ણ અવસ્થામાં છે. આવાં પુસ્તકોને બચાવીને ડિજિટલ રૂપે સીડી પર મૂકવાનાં કામનો આરંભ સંસ્થાએ કરી દીધો છે. આ પ્રકલ્પના પહેલા તબક્કામાં ૧૮૬૭ સુધીમાં પ્રગટ થયેલાં જે ૪૦ જેટલાં પુસ્તકો સભાના પુસ્તકાલયમાં છે તેને ડિજિટલ ઈ-બુક તરીકે સીડી પર મૂકવામાં આવશે. બીજા તબક્કામાં ૧૮૬૮થી ૧૯૦૦ સુધીનાં પુસ્તકોમાંથી પસંદ કરેલાં મહત્ત્વનાં પુસ્તકો આ રીતે રજૂ થશે. જે પહેલી બે સીડી તૈયાર થઈ છે તેમાંનું એક પુસ્તક છે ૧૮૧૮માં પ્રગટ થયેલું 'ઉનાની હકીમ લોકોનો ઉહવાલ.' આ પુસ્તક છપાયું હતું ફરદુનજી મર્ઝબાનજીના મુંબઈના છાપખાનામાં. ફાર્બસ ગુજરાતી સભાના પુસ્તકાલયમાંનું આ જૂનામાં જૂનું પુસ્તક છે. આ પુસ્તક અલબત્ત, અનુવાદ છે પણ તે કેટલાક કારણોસર અત્યંત મહત્ત્વનું બની રહે છે. ૧૮૬૭ સુધીમાં પ્રગટ થયેલાં ગુજરાતી પુસ્તકોની સૂચિ એલેક્ઝાન્ડર ગ્રાન્ટ અને જેમ્સ બી. પીલ નામના બે વિદ્વાન અંગ્રેજ અધિકારીઓએ તૈયાર કરી હતી. તેમાં આ પુસ્તક નોંધાયું નથી. નથી નોંધાયું એ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની

લાઈબ્રેરીની સૂચિમાં કે મુંબઈની કામા ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યૂટની લાઈબ્રેરીના મુદ્રિત કેટલોગમાં. ૨૦૦૪માં પ્રગટ થયેલી ગુજરાતી આદિમુદ્રિત ગ્રંથોની સૂચિમાં પણ આ પુસ્તકની માહિતી નથી. ફરદુનજીના પૌત્ર કેકોબાદ બેહેરામજી મર્ઝબાને લખેલું ફરદુનજીનું જીવન ચરિત્ર ૧૮૯૮માં પ્રગટ થયું હતું. ફરદુનજીનાં લખેલાં અને છાપેલાં પુસ્તકોની સૂચિ આ જીવન ચરિત્રને અંતે છાપી છે. તેમાં પણ 'ઉનાની હકીમ લોકોનો અહેવાલ'નો ઉલ્લેખ નથી. આવું અત્યંત દુર્લભ પુસ્તક હવે સીડી ઉપર સુલભ બન્યું છે.

સીડી પર ડિજિટલ રૂપે મુકાયેલું બીજું પુસ્તક છે. એલેકઝાન્ડર કિનલોક ફાર્બસનું મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠીએ લખેલું જીવનચરિત્ર. ફાર્બસની પ્રેરણાથી ૧૮૬૫ના માર્ચની ૨૫મીએ મુંબઈમાં 'ગુજરાતી સભા'ની સ્થાપના થઈ અને તેના પ્રમુખસ્થાને ફાર્બસની અને મંત્રી તરીકે મનસુખરામની વરણી થઈ. પણ તે પછી થોડા જ વખતમાં, ૧૮૬૫ના ઓગસ્ટની ૩૧મીએ માત્ર ૪૪ વર્ષની ઉમ્મરે ફાર્બસનું અવસાન થયું. ત્યાર બાદ 'ગુજરાતી સભા' સાથે ફાર્બસનું નામ જોડવામાં આવ્યું અને મનસુખરામે તેમનું જીવનચરિત્ર લખ્યું જે ૧૮૬૯માં પ્રગટ થયું. ફાર્બસના અવસાન પછી ચારેક વર્ષમાં જ પ્રગટ થયેલું આ પુસ્તક ફાર્બસના જીવન, કાર્ય ને લેખનની સવિસ્તાર માહિતી આપતું એકમાત્ર ગુજરાતી પુસ્તક છે.

આ બન્ને પુસ્તકો સીડી પર એવી રીતે મુકાયાં છે કે જાણે છાપેલું પુસ્તક વાંચતાં હોઈએ એમ જ લાગે. છાપેલું પુસ્તક વાંચતી વખતે બે પાનાં નજર સામે હોય છે તેમ અહીં પણ રહે છે. છાપેલાં પુસ્તકની જેમ જ પાનાં ફેરવી શકાય છે - એક પછી એક, કે પછી અમુક ચોક્કસ પાનાં કે પછી પાનાં આપોઆપ ફરતાં રહે એવી પણ સગવડ છે. અને કાગળ પર છપાયેલા પુસ્તક કરતાં સીડી પરની આ ડિજિટલ ઈ-બુકનું આયુષ્ય ઘણું લાંબું હોય છે. બીજાં પાંચ પુસ્તકો પણ આ રીતે ટૂંક સમયમાં જ રજૂ થવાનાં છે. પ્રાપ્તિસ્થાનઃ ફાર્બસ ગુજરાતી સભા, કીર્તન કેન્દ્રના મકાનમાં ત્રીજે માળે, ઉત્પલ સંઘવી સ્કૂલની સામે, સંત જ્ઞાનેશ્વર માર્ગ, મુંબઈ-૪૦૦૦૪૯. ફોનઃ ૨૬૨૫૦૯૧૦. પ્રત્યેક સીડીની કિમ્મત રૂ. ૧૦૦. ■

(સદ્દભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર", ૧૮ ઑક્ટોબર ૨૦૦૭)

•

(૩)

# મારી નિસબત બીજા સવાલ સાથે

**○ રમેશ ઓઝા**

૨૦૦૨માં ગુજરાતમાં થયેલાં કોમી હુલ્લડો વાસ્તવમાં યોજનાપૂર્વકનો અને સરકારી મદદ સાથેનો મુસલમાનોનો નરસંહાર હતો એ વિશે આ લખનારના મનમાં ક્યારેય શંકા નહોતી. જે લોકો આ હકીકત અંગે શંકા ધરાવતા હતા તેવા લોકોની શંકાનું નિર્મૂલન તહેલકાના સ્ટિંગ ઓપરેશન પછી થઇ જવું જોઇએ. 'આજ તક' ચેનલે પ્રસારિત કરેલા તહેલકાના સ્ટિંગ ઓપરેશને સાબિત કરી આપ્યું છે કે ૨૦૦૨નો હત્યાકાંડ યોજનાબદ્ધ અને સરકારી મદદ સાથેનો હતો. વાચકોએ ખલનાયકોના સગા મોઢે આખી વાત જોઇ-સાંભળી લીધી છે એટલે તેની વિગતો અહીં આપવાની જુરુર નથી. અહીં માત્ર બીજી એક હકીકત તરફ ધ્યાન દોરવું છે જે હકીકત હજુ સગા મોઢે ભલે કહેવાઇ નથી, પણ છે સો ટકા સત્ય.

૨૭મી ફેબ્રુઆરીએ ગોધરામાં સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના એક ડબ્બામાં આગ ચાંપવાની ઘટના બની તેના ગણતરીના કલાકોમાં વેર લેવાની યોજના બને, ગુજરાતમાં ગામડે-ગામડે શસ્ત્રસરંજામ પહોંચતો કરવામાં આવે, દંગાખોરોને તૈયાર કરવામાં આવે, મુસ્લિમ ટારગેટ નક્કી કરવામાં આવે અને યોજનાનો સાર્વત્રીક તેમ જ સફળ અમલ કરવામાં આવે તે શક્ય છે? સુજ્ઞ વાચકો ઇશારો સમજી ગયા હશે. ઇશારો એ છે કે સાબરમતી એક્સપ્રેસના ડબ્બાને આગ ચાંપવાની ઘટના પણ મહિનાઓ પહેલા ઘડવામાં આવેલી યોજનાનો એક ભાગ હતો. ખલનાયકોએ પોતે જ કહ્યું છે કે તેમની ફેક્ટરીઓમાં શસ્ત્રો બનાવવામાં આવ્યાં હતાં. કેટલાક શસ્ત્રો બીજાં રાજ્યોમાંથી આયાત કરવામાં આવ્યાં હતાં. નક્કી કરેલા ટારગેટના સ્થળે તેને પહોંચતા કરવામાં આવ્યાં હતાં અને જુરુર પડયે કાર્યકરોને તાલિમ પણ આપવામાં આવી હતી. હવે કોઇ પણ સંજોગોમાં આ ચોવીસ કલાકમાં શક્ય બને? જે હકીકત હજુ સુધી કહેવાઇ નથી તે હવે પછી સગા મોઢે કહેવામાં આવશે. આપણામાં કહેવત છે કે પાપ એક દિવસ છાપરે ચઢીને પોકારે છે.

હકીકત અને શંકાની વાત બાજુએ મૂકીએ. સ્ટિંગ ઓપરેશન પછી લોકો જે પ્રશ્નો પૂછી રહ્યા છે તેની વાત કરીએ. પ્રશ્ન એ છે કે આનું પરિણામ શું આવશે? વિધાનસભાની આગામી ચૂંટણીમાં નરેન્દ્ર મોદી અને ભાજપને આનાથી ફાયદો થશે કે નુકસાન એ પહેલો પ્રશ્ન છે. બીજો પ્રશ્ન એ છે કે ગુનેગારોને સજા થશે ખરી? આ બે પ્રશ્નોમાંથી પહેલા પ્રશ્ન સાથે મને ખાસ નિસબત નથી. લોકતાંત્રિક વ્યવસ્થામાં ભાજપને ફાયદો પણ થઇ શકે છે અને નુકસાન પણ થઇ શકે છે. બધો મદાર લોકોની વિવેકબુદ્ધિ પર છે અને લોકોના વિવેકને ત્રાજવે તોળવો શક્ય નથી.

મારી અને આ દેશની નિસબત બીજા પ્રશ્ન સાથે છે. ગુનેગારોને સજા થશે ખરી? અને જો નહીં થાય તો તેનું શું પરિણામ આવશે? જે રાયફલ સંજય દત્તે કોઇ દિવસ વાપરી નથી અને વાપરવાનો ઇરાદો નહોતો તેને માત્ર શસ્ત્ર ધરાવવા માટે છ વર્ષની સખ્ત કેદની સજા થાય અને એક ગર્ભવતી મહિલાના ગર્ભને ચીરીને રસ્તાની વચ્ચોવચ તેની હત્યા કરનારો છુટ્ટો ફરે, તો તેની ભારતની એકતા અને કોમી એખલાસ પર અસર થાય કે ન થાય? બીજા શબ્દોમાં કહીએ તો મુંબઇ અને કોઇમ્બતુરમાં બોમ્બ વિસ્ફોટ કરનારા મુસ્લિમ ત્રાસવાદીઓને સજા થાય અને મુંબઇ અને અમદાવાદમાં યોજનાબદ્ધ હિંસા કરનારા હિન્દુ ત્રાસવાદીઓનો વાળ પણ વાંકો ન થાય તો શું એ ઘટના પ્રતિક્રિયા ઉપજાવ્યા વિના વિસરાઇ જવાની છે? જેઓ આવું માને છે અને ગેલમાં આવીને શુરાતનના SMS કરે છે તે મુર્ખાઓના સ્વર્ગમાં રાચે છે. કાયદો જો પક્ષપાત કરશે અને હિન્દુ ગુનેગારોને સજા નહીં કરે તો ત્રાસવાદી હિંસા માટે આપણે તૈયાર થઇ જવું જોઇએ. વારંવારના આવા અનુભવ પછી ત્રાસવાદનો વિરોધ કરનારા મુસલમાનો પણ તેને માટે સહાનુભૂતિ ધરાવતા થઇ જશે. એક વાત નોંધી લેજો. પુલીસ કે શસ્ત્રો કોઇ દેશ કે પ્રજાનું રક્ષણ નથી કરી શકતાં. ઇઝ્રાયલ અને અમેરિકાના દાખલા આપણી સામે છે. આટલાં વર્ષો અને આટલી તાકાત પછી પણ ત્રાસવાદ સામેની લડાઇ નિષ્ફળ નિવડી છે.

હિંસા ત્યારે જ શમે છે જ્યારે હિંસાના કારણનું શમન કરવામાં આવે. કાશ્મીરમાં નિષ્પક્ષ ચુંટણી થયા પછી હિંસાની ઘટનાઓમાં ઘટાડો થયો છે. આવો જ અનુભવ પંજાબનો છે. પુલીસ અને શસ્ત્રોથી કાશ્મીર અને પંજાબ શાંત થયાં નથી. લોકોના મનમાં રહેલી કડવાશ દૂર થાય પછી વેર માટે કારણ રહેતું નથી અને જ્યારે વેર માટે કારણ રહેતું નથી ત્યારે ત્રાસવાદીઓને હિંસા માટે બહાનું બચતું નથી. લોકમાનસની ઉપેક્ષા કરીને ત્રાસવાદ પણ ટકી શકતો નથી. જે સમાજમાં માણસને પોતાના દેશના કાયદા પર અને પોતાના પડોશીના ઇરાદા પર ભરોસો ન હોય તે સમાજ ત્રાસવાદમુક્ત ન હોઇ શકે. આપણે ગેલમાં આવી જઇને અને ઉઘાડા પક્ષપાત તરફ આંખ આડા કાન કરીને કેવા દિવસોને આમંત્રણ આપી રહ્યા છીએ તે વિચારી લેજો. ગુનેગારોને તો કાંઇ થવાનું નથી કારણ કે તે સત્તાધારી વર્ગના છે. સશક્ત છે. કિંમત આપણા જેવા સામાન્ય માણસે ચુકવવી પડશે. હવે પછી આખા ભારતમાં ગુજરાતીઓ અને ગુજરાત ત્રાસવાદીઓનું ખાસ નિશાન બને તો આશ્ચર્ય નહીં પામતા.

ગેલમાં આવીને SMS કરનારાઓ અને રાજી થનારાઓની વિકૃતિ ક્ષમ્ય છે. એમાં તેમનો વાંક નથી. સામાન્ય માણસના માનસને પરિષ્કૃત કરનારાઓ અને જુરુર પડયે કાન આમળનારાઓ ડરના માર્યા કે મતલબના માર્યા ચૂપ છે. કેટલાક તો સીધી કે આડકતરી રીતે હિંસાની વકિલાત પણ કરી રહ્યા છે. સમાજમાં લોકમાનસને પરિષ્કૃત કરવાનું અને કાન આમળવાનું દાયિત્વ વિચારકોનું અને સંસ્કાર પુરુષોનું છે. દુર્ભાગ્યે આ બાબતે ગુજરાત આજે રાંક છે.

e.mail : ozaramesh@gmail.com

*******************************

# એતાનશ્રી –

## કેટલાકનું ગુજરાતી સમજાયું નહીં !

○ ફેબ્રુઆરીમાં શરૂ કરેલી મુસાફરીમાં હોંગકોંગ, દિલ્હી, રાજકોટ, દુબઈ, ટોક્યો, ઓસાકા, હિરોશીમા, અને વચ્ચે વચ્ચે લાંબાલચ એરપોર્ટમાં ફરી, ફરી, થાકી, હારીને ઘર ભેગા થઈ ગયા છીએ. ઘર સલામત હતું અને એવું પેક હતું કે જાળાં, બાવા કે બાવીઓ અંદર ઘુસી ગયા ન હતા. પણ ઘરની બહાર આગળ-પાછળ ગોઠણ સુધીના ઘાસનું લશ્કર કબજો કરીને બેઠું હતું. તેના પર વીડરસ્વીપરની મશીનગન, લોનમાવર ટેંક અને દાતરડાના હેંડગ્રેનેડથી અઠવાડિયા સુધી હુમલો કર્યા પછી તેનો નાશ કરાયો. ભૂગર્ભમાં છૂપાઈ ગયેલ ઘણા વીડ હજી ગોરીલા પદ્ધતિથી હુમલો કર્યા કરે છે.

આ બધા ધમસાણમાં મનને તાજગી અને આનંદપ્રમોદ આપવા માટે, કોઈ હોલીવુડના કલાકારો લશ્કરની છાવણીની મુલાકાત લે તેમ, 'ઓપિનિયન'નો જમ્બો વાર્તાઅંક આવી પહોંચ્યો. તમે ભઈ, ખોદી ખોદીને અચ્છી વાર્તાઓ શોધી કાઢી છે. બધી વાર્તાઓની અલગઅલગ છણાવટ કરું તો મારું કમ્પ્યુટર થાકી જાય અને કોઈના વખાણ વધારે થઈ જાય તો કોઈને ખોટું પણ લાગી જાય - જેમકે દેરાણીની રસોઈના વખાણ કરીએ તો જેઠાણી મોઢું મચકોડે - એટલે સો લેખકોને સમુહમાં ધન્યવાદ આપું છું. વાંચતાં વાંચતાં મેં દિવાલ પર લટકતા ગુજરાતના નકશા તરફ નજર કરી. નકશા નીચે ધબકતા ગુજરાતનો મને આછો ખ્યાલ આવ્યો. પણ માળું, કેટલાકનું ગુજરાતી મને સમજાયું નહીં. જો કે મારું ગુજરાતી આમ તો પાકું ન જ કહેવાય ને ? 'ગુજરાતીલેક્સિકન'માં પણ એ શબ્દો મળ્યા નહિ, રતિભાઈને લખવું પડશે.

તમે ગાંધીજીને યાદ કર્યા તે ગમ્યું. અહિંના ગુજરાતી સમાજે ઘણા વરસોથી ગાંધી જયંતિ ઉજવી નથી. એક વાતનો મને વિચાર આવ્યો. વેમ્બલી, યુકેમાંથી પ્રસિદ્ધ થતા 'ઓપિનિયન'માં છાપવા માટે ત્યાંના જીવનનો પરિચય થાય તેવી વાર્તા લખવા જેવા પ્રસંગો વેમ્બલી કે લેસ્ટરના ગુજરાતી સમાજમાં નહિ બનતા હોય !

**– પ્રવીણ વાધાણી**

[4 Fiona Court, GLEN WAVERLEY, Victoria 3150, Australia]

## પુસ્તકો સાથે દોસ્તી કરવા જેવી છે

○ ઑગસ્ટ ૨૦૦૭ના અંકના 'એતાનશ્રી'માં વલ્લભભાઈ નાંઢાએ નિર્દેષ કરેલું વિધાન 'આપણું વાંચન એ જ આપણાં જીવનનું ખરું પ્રતિબિંબ છે.' – આમ તો ગુજરાતી સાહિત્ય અકાદમીના અનેકવિધ કાર્યક્રમો પૈકી પુસ્તક મેળા સંદર્ભે કરેલું આ વિધાન છે. તે નોંધે છે : 'આપણે સર્જકો પુસ્તકમેળામાં ગયા પણ આપણામાંથી. ટેબલ પર ગોઠવેલાં અન્ય સર્જકોનાં પુસ્તકો સમીપે ખરીદવાં નહીં પણ જોવા ખાતર પણ કેટલા ગયા ?' આ ટકોર હ્રદય સોંસરવી ઊતરે તેવી છે. તે વધુમાં નોંધે છે : 'પુસ્તકોનો ડર લાગે છે ? પુસ્તકો સાથે દોસ્તી કરવા જેવી છે. પ્રત્યેક પુસ્તક સાહિત્ય, કળા, વિજ્ઞાન - વગેરેની મહામૂલી ખાણ છે. દરેક પુસ્તક તેના લેખકના જ્ઞાન અને અનુભવનું દોહન છે. આખી પ્રજાનો સામુદાયિક વિકાસ તેની સર્વદેશીય ઉન્નતિ પુસ્તકના વ્યાસંગથી શક્ય બને.' મેકોલેને ટાંકીને નોંધે છે : 'ગાડી ઘોડા કે મોજશોખને બદલે પુસ્તકોના સહચારમાં હું એકાંત ગાળવાનું વધુ પસંદ કરું.'

સમગ્ર રીતે વિચારતાં તેમનાં સૂચનો અવશ્ય આવકારદાયક છે. જીવનવિકાસના વિવિધ વિકલ્પોના પાયામાં વાંચન, મનનનચિંતન અને છેલ્લે શક્ય હોય તો લેખન અગત્યનો ભાગ ભજવે છે. આપણી વિશ્વે વસેલી વિસ્તૃત વસાહત એક વ્યવહારુ અને વેપારી માનસિકતા ધરાવતી જીવનશૈલીને વરેલી છે. વિશ્વના પ્રત્યેક ખૂણે પોતાની ભાષામાં બોલાતી અને ગણાતી આવેલી પ્રજા છે. વાંચનપ્રિયતાની શરૂઆત ઘેરથી થાય છે. માતાપિતા સ્વજનો અને સાચા સન્નિષ્ઠ શિક્ષકોનાં સાંનિધ્ય સાથ સાંપડ્યાં હોય તો ઘર, પાઠશાળા કે કૉલેજોમાં પ્રામાણિક પ્રયાસોથી પ્રત્યેકની વાંચન પ્રત્યે રુચિ કેળવાય છે.

આપણાં સર્જકોનાં પુસ્તકોની પ્રકાશનસંખ્યાના આંકડા, આપણી સામૂહિક વાંચનપ્રિયતા કેટલી છે, તે દર્શાવે છે. સર્જક સાહિત્યકૃતિ સર્જે છે નિજાનંદ માટે અને ક્યાંક પણ કોઈ વાંચશે તેવી આકાંક્ષા સાથે – લખાશે તો વંચાશે પછી એ ખરીદીને કે અન્ય પાસેથી લઈને તો ક્યાંક પુસ્તકાલયો કે ગ્રંથાલયો પાસે જઈને. પુસ્તકોમાંથી મળતાં જ્ઞાન આવશ્યક જરૂરિયાત ઊભી ન થાય ત્યાં સુધી જાતે ત્યાં પહોંચનાર કેટલા ? જ્યાં ઓટલો ત્યાં રોટલો બંને ય પ્રાપ્ત કર્યા પછી મળતા સમયમાં વાંચન, મનન કે લેખનનો પ્રારંભ થાય એમ આપણી માનસિક્તા માને છે પણ અનુભવવા જેવું છે. – સમય પસાર કરવા ... લાંબી કે ટૂંકી મુસાફરીમાં ગાડી, વિમાન કે બસમાં, એકાંતમાં કે ઘરમાં પણ પુસ્તક જેવું સમર્થ સાધન ક્યાંથી મળશે ?

પરિવર્તન પામતા સમય કે સમાજને સમજવા પુસ્તક વાંચન અનુભવવા જેવું છે. જીવનનાં મૂલ્યો અને જીવનવિકાસ માટે આવા અનુભવો વૈચારિક શૂન્યતાને ટાળીને વિસ્તૃત કે વિશિષ્ટ જ્ઞાનનાં શૃંગો પ્રતિ ઉન્નત થતાં વિચારો આપણી માનસિકતામાં અવશ્ય જાગૃતિ લાવશે જ. ખાવું, પીવું, ઊંઘવું, જાગવું તેમ જ વાંચવું, વિચારવું ય વરવું લક્ષણ બની જશે ને પળ પળ જીવનમાધુર્ય છલકતું લાગશે. વાંચનથી જીવનના અનુભવોને અને તેની અખિલાઈને સમજવાનો તેમ જ નિજ જીવનની માનસિકતા સાથે ચૈતસિક ઉદ્યમથી ધીરે ધીરે ઉત્સુકતા અને રુચિમાં વિવિધતા આવશે. આજનો યુગ ઈન્ટરનેટનો આવ્યો છે. બટન દબાવતાં બધું જ સહજમાં પ્રાપ્ત પણ થાય છે. હા, વાંચવાની ઘટી ગયેલી ભૂખ અન્ય ઉપકરણોથી પણ કદાચ ઉઘડે ય ખરી. પણ ... 'પડી પટોળે ભાતઃ ફાટે પણ ફીટે નહીં.' – હશે તો ... કૂમળાં છોડને વાળો તો વળશે પછી જોવાનું નહીં રહે ત્યાં સુધી તો ... રાહ જોવી જ રહી ... શુભસ્ય પ્રયાસમ્ ! શિવાસ્તે પ્રસ્થાનમ્ ... !

**- ઉપેન્દ્ર ગોર**

[24 Fernbank Avenue, SUDBURY HILL, Middlesex, HA0 2TR, U.K.]

## ખૂબ જ સ-રસ અંક

○ "ઓપિનિયન"નો સપ્ટેમ્બર અંક મળ્યો. પહેલાં અનિલ વ્યાસને ધન્યવાદ આપું કે એક અમૂલ્ય ખજાના જેવો, વાર્તાઓથી સભર – અને એક એકથી ચડિયાતી, ભારતના ખ્યાતનામ લેખકોની કસાયેલી કલમે લખાયેલી – વાર્તાઓ, પ્રજા સમક્ષ મૂકી એક વિરલ કાર્ય કર્યું છે. ખૂબ જ સ-રસ અંક.

**- નવીન વિભાકર**

[6291, Rock Creek Circle, ELLENTON, FL 34222, U.S.A.]

## લોકભોગ્યતા કળાને ભરખી ગઈ છે

○ સૌ પ્રથમ, "ઓપિનિયન"માં મારી વાર્તાને સ્થાન આપવા બદલ તમારી ને અનિલ વ્યાસની પાસે આનંદ ને આભારની લાગણી મૂકું.

'રાજકપૂરનો ટાપુ'નું ઈંગ્લિશ કરીને કિશોર જાદવે તેના **Contemporary Gujarati Short Stories**માં સમાવી છે. એનું રેડિયો નાટક આકાશવાણી, રાજકોટ પરથી હજ્જારો વાર પ્રસારિત થયું છે, થતું રહે છે. એક મિત્રે અમેરિકાના ૧૨ શહેરોમાં એનું પઠન કર્યું છે.

જો કે, અત્યારે (એટલે છેલ્લે પચ્ચીસીમાં) વાર્તાનું ખરું મૂલ્યાંકન થયું નથી. લોકભોગ્યતા કળાને ભરખી ગઈ છે. પોતાને બચાવવા સૌ પોતપોતાની ટોળકીમાં આંકડા ભીડીને ઊભા છે. એમાં ભાઈ અનિલ વ્યાસનું ગજું શું ? પણ, એ બહાને અનુઆધુનિક ગુજરાતી વાર્તામાંની 'કેટલીક' ભાવકો સામે મૂકાય એ પણ ખોટું નથી. એ માટે પણ

તમે અભિનંદનના અધિકારી છો. અન્યત્ર, કિશોર રાવળ પણ કેસૂડાં"માં વાર્તાઓ મૂકે છે.

- 'માય ડિયર જયુ'

['Avanilok', 3 Shantinagar Society, 2273, Hill Drive, BHAVNAGAR - 364 002, India]

## લગે રહો, મુન્નાભાઈ !

○ સપ્ટેમ્બરનો વાર્તાઅંક કેવો છે એમ કહેતા પહેલાં મગનલાલે મગના બાકરા કર્યા. વાતનાં વડાંને વાગોળતાં તકલીફ ઊભી કરી.

પાન ૧૧ ઉપરના મગનલાલને પાન ૧૨ ઉપર ગોત્યા પણ અનુસંધાનમાં માર પડ્યો. તો પાન ૨૦ ઉપર જડ્યા. બોલ્યા, આં અંકના પાનાં પર નથી, પણ ૫૧ છે. જશ જાય છે સંપાદક ત્રિપુટીને ફાળે. સંદર્ભે ઠેકું વેરી લીટલ. છબરડા અને ક્ષમા એણે છપાવાણ માટે સાહજિક કરી છે. પ્રથમ ગ્રાસે મક્ષીકા – લગે રહો મુન્નાભાઈ !

હવે તસવીર રિપ્રોડક્શનનો ઉઠાવ સારો આવે છે. મારી ઈચ્છાથી જો પ્રગતિ થતી હોય તો તેમ અવશ્ય કરું.

- હીરાભાઈ એમ. પટેલ

[67 Newark Road, LUTON, Bedfordshire, LU4 8LE, U.K.]

## 'ગોવાલણી'થી 'મીરાણી' – એક સુહાની સફર

○ "ઓપિનિયન"નો સપ્ટેમ્બર અંક વાર્તાઅંક તરીકે બહાર પડ્યો, તે પણ ખાસા પર પાનાંનો – વાહ ! કમાલ કરી છે. અંક ખૂબ ગમ્યો. 'ગોવાલણી'થી શરૂ કરી પ્રવીણસિંહ ચાવડાની 'મીરાણી' સુધીની સફર સુહાની રહી. મારા માનીતા જાણીતા વાર્તાકાર વિનેશ અંતાણીની વાર્તાઓ મને ખૂબ ગમે છે. હમણાં હમણાં હિમાંશી શેલતની 'સુવર્ણફળ' – "ગુજરાત ટાઈમ્સ"માં પણ વાંચી. ખૂબ સુંદર લખે છે. 'સુન્દરમ્'ની 'ખોલકી' બહુ જાણીતી ને ગમતી ટૂંકી વાર્તા છે. ભગવતીપ્રસાદ શર્મા, સુરેશ જોષી, રજનીકાન્ત પંડ્યા, ચુનીલાલ મડિયાની ટૂંકી વાર્તાઓ ગમી.

ચુનીલાલ મડિયાના ભત્રીજા અશ્વિન મડિયા અહીં પ્લીમથમાં (મિનેસોટા, અમેરિકા) છે. અમે ઘણી વાર મળીએ છીએ. તેમના પુત્ર જે. મડિયા યુનાઈટેડ સ્ટેટ્સની કૉંગ્રેસમાં ચૂંટાવા ઊભા રહેનાર છે.

વાર્તાઅંક મનેશભાઈ કંસારાને સ-આદર સમર્પિત કર્યો છે. તેઓએ સાહિત્યસર્જનને ક્ષેત્રે ઉમદા કામ કર્યું છે. શાસ્ત્રીય સંગીતમાં તેમની ખૂબ ઊંડી સમજણ હતી. તેમનું સિતારવાદન પણ માણ્યું છે. ... વાર્તાઅંક માટે ધન્યવાદ.

ઑક્ટોબર અંક પણ મળ્યો. અમૃતા પ્રીતમ કવયિત્રી હતાં. તેમનું સર્જન પંજાબી ભાષામાં થયું છે. તેનો અનુવાદ, કાવ્યો તો વાંચ્યાં છે. 'રેવન્યુ સ્ટેમ્પ' આત્મકથારૂપે લખાઈ છે. વાંચવી ગમે તેવી અને ભાવવાહી શૈલી અને નિખાલસતા સમગ્ર પુસ્તકમાં નિતરતી દેખાય છે.

મિત્ર વિનય કવિની ટૂંકી વાર્તા 'રાહી રાહ ભૂલે તો ?' વાંચી. ટૂંકી વાર્તા સર્જનમાં વિનયભાઈ વધુ ખીલે છે, એમ મારું માનવું છે. વળી તે ગઝલો જથ્થાબંધ લખે છે. સારા ગઝલકાર ! લખતે રહો - ઔર ખિલતે રહો, વિનયભાઈ ! વલ્લભ નાંઢા એક ઉત્તમ વાર્તાલેખક છે. ભારતનાં સમસામયિકોમાં તેમની વાર્તાઓ પ્રસિદ્ધ થાય છે. યુનાઈટેડ કિંગ્ડમમાં કદાચ પ્રથમ નંબરે આવે, એમ મને લાગે છે.

બીજા લેખો વાંચ્યા, ગમ્યા. 'મળ્યાં વર્ષો ... 'માં જેનો ઉલ્લેખ છે તે મનસુખભાઈ લવજી કારા અમારા પાડોશી હતા. ખૂબ સારા પરિચિત ને સારા વેપારી. લવજી કારાના ચાર પુત્રોમાંમાં તે સૌથી મોટા. શાંત પ્રકૃતિ ને ઓછા બોલા !

મેં ગઝલોની શરૂઆત ૧૯૪૮માં મોરબીથી પ્રસિદ્ધ થતાં માસિક 'ફૂલ' માટે કરેલી / લખેલી. જો કે તેમાં બંધારણનું માળખું નબળું હતું. ભાવનગરથી પ્રગટ થતાં 'ગઝલ' સામયિકમાં ૧૯૭૩ આસપાસ મારી ગઝલ છપાયેલી. તે સ્પર્ધા માટે તેઓએ માગણી કરેલી. અદમ ટંકારવીની પણ ગઝલ તેમાં હતી. 'પીળાં પર્ણો'. જેને બીજું ઈનામ મળેલ ત્યારે. ૧૫૦ ગઝલો મળેલી. તેમાંથી ૪૮ ગઝલનો ખાસ સંગ્રહ બહાર પાડેલ. વિદેશમાં વસતા ગઝલકારમાં હું એક જ તેમાં હતો. ત્યારે દારેસલામમાં હતો. દેશ ફરવા ગયો, ભાવનગર. ત્યારે સંપાદક અમારા પડોશી હોવાથી, કહે : ગઝલ લખો છો તો એકાદ આપતા જાવ ! તે તેમને ગમી ને છાપી.

પછી ગઝલો લખી, પણ વિનયભાઈ જેટલી નહીં ! નૈરોબીથી પ્રગટ થતાં "વિનસ", "આફ્રિકા સમાચાર" કમ્પાલાના "જાગૃતિ" વગેરેમાં ગઝલો, ગીતો પ્રગટ થતાં. બહાદુર માંગરોળાએ દારેસલામથી છાપું કાઢેલ. તેમાં પણ રચનાઓ પ્રસિદ્ધ થતી. રસિકભાઈ આચાર્ય "ચેતન" પ્રસિદ્ધ કરતાં. તેમના પિતા પાકા થિયોસોફિસ્ટ હતા. હું પણ થિયોસોફિકલ સોસાયટીનો સભ્ય હતો. અમે ગાંધી પ્રાર્થના સભા દર શુક્રવારે ચલાવતા. હજુ પણ ચાલુ છે. ત્યારે ભજનો પણ લખેલાં. મારું ભજન 'તારો સહારો મારા રામ રે' તેની વાર્ષિક 'ભજન હરીફાઈ'માં પ્રતાપભાઈ જાનીએ ગાયેલું. મીરાં, કબીર, વગેરેનાં ભજનો સાથે સાથે સ્થાનિક કવિ તરીકે મારી આ રચના રજૂ થયેલી. ... ચાલો, ઘણું લખ્યું.

- પ્રવીણ કે. મહેતા

[Apartment A 318, 10000 - 45th Avenue North, PLYMOUTH, MN 55442 U.S.A.]

## તળ ગુજરાત ને જગ ગુજરાત એક માંડવે

○ "ઓપિનિયન"નો વાર્તામેળો ખૂબ જામ્યો છે. આવી ઉચ્ચ કક્ષાની સાહિત્ય રચનાઓને લોકભોગ્ય બનાવવા બદલ અભિનંદન. "ઓપિનિયન"ની યશકલગીમાં આ એક પીછું ઓર છે. આ સાથે જ તમારા ડાયસ્પોરિક સાહિત્યને બિરદાવતો લેખ સામેલ કરી તમે તળ ગુજરાત અને જગ ગુજરાતને એક માંડવે સમાવ્યા છે. સંપાદકીય કાર્યદક્ષતા - સંતુલનનું આ ઉમદા ઉદાહરણ છે. તેને લીધે જ તો "ઓપિનિયન" સમૃદ્ધ છે.

- ફારૂક ઘાંચી 'બાબુલ'

['Park House', 71 Morhead Lane, SHIPLEY, West Yorkshire BD18 4JN, U.K.]

## સ્મરણ – મંજૂષા

○ ઑક્ટોબર ૨૦૦૭ના અંકમાં, પૃષ્ટ ૧૫ પરનો ફોટો જોઈ હર્ષ થયો. એમાંની પાચં વ્યક્તિઓ વિષે થોડીઘણી સ્વાનુભાવની વિગતો રજૂ કરું છું. 'ઈન્ડિયન સેન્ટ્રલ સ્કૂલ' એ 'ગવર્નમેન્ટ ઈન્ડિયન સ્કૂલ' હતી, જેનું પાછળથી નામાભિધાન થયું 'અઝાનિયા સેકન્ડરી સ્કૂલ', દારેસલામ.

એચ.ડી. નાયક (હરિભાઈ નાયક) શાળાના હેડમાસ્તર હતા. દેશમાં એમનું વતન વલસાડ જિલ્લામાં આવેલું ગામ હરિયા-પારડી. એમના ભાઈ નાનુભાઈ નાયક ટાંગામાં હતા. બન્ને ભાઈઓ દિવંગત છે. એ બન્ને ભાઈઓનાં સંતાનો હાલ બર્મિંગમ અને અમેરિકામાં સ્થાયી છે.

જે.એન. મોદી ૧૯૫૭માં 'કરીમજી પ્રાયમરી સ્કૂલ'ના હેડમાસ્તર તરીકે નિમણૂક થતાં ટાંગા આવ્યા હતા. ટાંગામાં 'માર્કેટ સ્ટ્રીટ' પર નવા જ બંધાયેલા 'ડુંગરવાલા બિલ્ડિંગ'માં તેઓ બીજે માળે અપાર્ટમેન્ટમાં રહેતા હતા. તેમનું મૂળ વતન સુરત. સુરત પ્રદેશના સહુ તેમને મોદીકાકા' કહી સંબોધતા. તેઓ 'બ્રીજ' રમતના 'એક્કા' હતા. ખૂબ જ નમ્ર અને શાંત પ્રકૃતિના. ૧૯૬૧માં અમે ૧૦-૧૨ જણ મોટરકાર મારફત મોશી - નૈરોબી થઈ કમ્પાલા ગયા હતા. કમ્પાલામાં એમના મોટાં દીકરી - જમાઈ રહેતા હતાં. ૧૯૬૬ તરફ નિવૃત્ત થઈ દેશ ગયા અને મુંબઈ મરીન ડ્રાઈવ પર રહેતા હતા. એમનાં એક દીકરી કમલ સુરતમાં છે, જ્યાં એમનો 'રૂપમંગલ' નામે પ્રખ્યાત સ્ટોર છે.

બી.ડી. શાહ અને સુખથનકરની સરકારે વિદ્યાધિકારી - ઈન્સ્પેક્ટર ઑવ્ સ્કૂલ્સ - તરીકે નિમણૂક કરી હતી. શિક્ષક વર્ગમાં શાહની ખ્યાતિ ખૂબ જ કડક આલોચક, શિસ્તના આગ્રહી અને અંતર રાખી

વર્તનારા તરીકેની હતી. આથી શિક્ષકોમાં ઇન્સ્પેક્શન ટાણે એક પ્રકારનો ગભરાટ જોવામાં રહેતો. ૧૯૫૮ના સપ્ટેમ્બરમાં, મને 'કરીમજી સેકન્ડરી સ્કૂલ', ટાંગામાં નોકરી મળી. એલેક્ઝાન્ડર પેરી પ્રિન્સિપાલ. ખૂબ જ કડક અને નિયમિતતાના આગ્રહી. ૧૯૬૦માં શાળાના ઇન્સ્પેક્શન માટે પાંચ ઇન્સ્પેક્ટરોની ટીમ આવી. એમાં બી.ડી. શાહ પણ હતા. ઊંચા, ટટ્ટાર, સુદૃઢ શરીરવાળા અને પ્રભાવશાળી!

બીજા દિવસે તેઓ મારા વર્ગમાં નિરીક્ષણ માટે આવ્યા. ભાષાંતરનો વિષય હતો. મેં 'ડિસ્કવરી ઑવ્ ઇન્ડિયા'માંથી ફકરો લીધો હતો : **Discovery of India ? What have I discovered? ...** આનું ગુજરાતીમાં વિદ્યાર્થીઓ પાસે ભાષાંતર કરાવી મેં તેમને મહાદેવભાઈ દેસાઈએ કરેલા અનુવાદની પ્રતો આપી. તેમને ખૂબીઓ સમજાવી.

પિરિયડ પૂરો થયો. બી.ડી. શાહ પોતાની ફાઈલ લઈ બહાર નીકળતા હતા ત્યાં બારસાખમાં જ રોકી મેં પૂછ્યું : 'સાહેબ, કેમ લાગ્યું ? કાંઈ સલાહસૂચન ?' કોરીડોરમાં કઠેડા પર ફાઈલ મૂકી કહ્યું, ' બધું જ બરાબર છે. તમે મહાદેવભાઈએ કરેલો અનુવાદ બતાવી વિદ્યાર્થીઓને ભાષાંતરની ખૂબીઓ સમજાવી તે તો ઘણું જ સારું કર્યું ! બસ, બીજું શું કહું ?'

છેલ્લે દિવસે રિસેસ બાદ, શાહસાહેબ નિરીક્ષણ માટે જતા હતા. મારે પિરિયડ ન હોવાથી હું બહાર ઊભો હતો. મને જોયો એટલે બોલાવી કહ્યું, 'કમ્પોઝીશન અને બીજું બધું ઑફિસમાં આપ્યું ને ? બધું બરાબર તપાસેલું છે ને ?' 'હા, સાહેબ, બધું જ રજૂ કર્યું છે અને બધું વ્યવસ્થિત છે.'

તે સાંજે શાહ અને બી.યુ. અંતાણી (શાળાના વરિષ્ટ શિક્ષક) ઓટલી પર બેઠા હતા. હું મળવા ગયો. અચાનક જ કહ્યું, સાહેબ, સમય હોય તો ઘેર આવજો.' 'ક્યાં રહો છો ?' 'ડુંગરવાલા બિલ્ડિંગ'માં.' મેં કહ્યું. 'હું જરૂર આવીશ. છ વાગે આવીશ. મારે જે.એન. મોદીને ત્યાં જવાનું છે. તેઓ પણ ત્યાં જ રહે છે. પહેલાં તમારે ત્યાં આવીશ.'

ઘરે જઈ મેં મારા પિતાજીને વાત કરી (જેઓ પણ શિક્ષક હતા). તેમણે વાત ઊડાવી દેતાં કહ્યું, 'બી.ડી. શાહ વળી તારા બોલાવ્યા આવે શું ? એ તો ખાલી કહી મૂક્યું તને ... ' પરંતુ ઘડિયાળમાં છના ટકોરા પડ્યા અને ત્યાં બારણે પણ ટકોરા થયા ! મેં બારણું ખોલી શાહ સાહેબને આવકાર્યા ! ચાપાણી કરતાં કરતાં મેં કહ્યું, 'સાહેબ, હાલમાં જ તમને એમ.બી.ઈ.નો ઇલકાબ મળ્યો તે માટે ખૂબ ખૂબ અભિનંદન.'

શાહ સાહેબે આનંદ વ્યક્ત કરતાં કહ્યું, 'દેસાઈ, મેં **donkey-work** કર્યું છે તેનું એ પરિણામ છે.' કહી શાહ સાહેબે વિદાય લીધી. આમ શાહ સાહેબ સાથેનો મારો અનુભવ બધાથી અનોખો રહ્યો. એમને આજે પણ યાદ કરી વંદન કરું છું!

અંતમાં, મનસુખ લવજી કારા વિશે. મનસુખભાઈ દારેસલામના વેપારી લવજી કારા શાહના પુત્ર. એમના બહેન હેરો-ઑન-ધ-હિલ વિસ્તારમાં રહે છે. ૧૯૭૬માં 'રોટરી ડિસ્ટ્રીક્ટ ૨૨૦'નું અધિવેશન કિટવે (ઝામ્બિયા)માં ભરાયું હતું. ટાંગા રોટરી ક્લબ તરફથી મને પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવ્યો હતો. દારેસલામથી દારેસલામના એક વાર મેયર રહી ચૂકેલા દેવાણીજી અને અમે કિટવે પહોંચ્યાં. ત્યાં મનસુખભાઈ (જેઓ પણ પ્રતિનિધિ તરીકે આવ્યા હતા.) અને તેમનાં પત્ની મંજુલાબહેન સાથે પિછાણ થઈ. બહુ જ સજ્જન અને માયાળુ દંપતી. વળતાં વિમાનમાં અમે સાથે જ હતાં. બહુ જ આગ્રહપૂર્વક તેઓ મને તેમના બંગલે લઈ ગયાં અને બે દિવસ મારી પરોણાગત કરી!

જે.એન. મોદી, એચ.ડી. નાયક અને મનસુખભાઈ શાહ દિવંગત છે.

- અમૃત દેસાઈ

[35 Sherrick Green Road, Dollis Hill, LONDON NW10 1LB, U.K.]

## લક્ષ્મીમલ્લ સિંઘવી - અંગત સ્મરણો

○ સ્વર્ગસ્થ લક્ષ્મીમલ્લ સિંઘવીને વિપુલ કલ્યાણીએ સુંદર અને પ્રેમભરી અંજલિ અર્પી. મારાં જેવાં અનેકોને ખૂબ સારું લાગ્યું. મહાન માનવી મંઝિલ પ્રતિ સિધાવે ત્યારે તેમના માટેની મમતા તેમની સાથેના અંગત સંસ્મરણો વાગોળવા પ્રેરે.

મારું પહેલું પુસ્તક : થેમ્સ નદીને કાંઠેથી. નવા નિશાળિયા જેવો ઉમંગ અને ઉલ્લાસ. વિચાર આવ્યો, ઉચ્ચાયુક્ત સિંઘવીજી વિમોચન કરે તો ઉત્તમ; ઓળખાણનો લાભ લઈ તેમને વિનંતી કરી. કહે, 'મને પુસ્તક વાંચી લેવા દો, પછી જવાબ દઈશ.' દસેક દિવસે 'હા' પાડી અને હિંદીમાં કહ્યું, 'મુઝે આપકે પુસ્તકકા લોકાર્પણ કરનેમેં બહુત આનંદ હોગા.' 'લોકાર્પણ' શબ્દ ગમ્યો; કદાચ પહેલી વાર વપરાયો. 'લોકાર્પણ' પ્રસંગે સિંઘવજીએ પોતે કહ્યું કે કનૈયાલાલ મુનશી તેમના 'મેન્ટોર' હતા ને ગુજરાતી ભાષા અને સાહિત્ય પ્રતિની રુચિ તેમની પ્રેરણાથી થઈ હતી.

તે પ્રસંગની બીજી એક વાત સ્મરે છે. પુસ્તકમાં મારાં પત્ની ઈલાબહેનને સંબોધીને લખેલા પ્રેમપત્ર 'પ્રિયતમાને પત્ર' વાંચીને તેમણે હસતા હસતા જાહેરમાં કહ્યું હતું : 'કાશ મૈં ભી કમલાજીકો ઐસા હી પત્ર લિખ સકતા !' બ્રિટનમાં ભારતના પ્રથમ નાગરિક અને એક વિદ્વાન રાજદૂત જ્યારે આવું કહે ત્યારે કયા ભારતીયની છાતી ગજગજ ન ફૂલે ? તેમણે પુસ્તકના પચ્ચીસેક લેખો વાંચ્યા હતા તેનો ઉલ્લેખ પણ મનને રાજી કરી ગયો હતો.

અમારાં અરવિંદ કેન્દ્ર ઑરોમીરા સેન્ટરમાં, ભારતમાં, ભારતના મુસ્લિમ શિલ્પીના હાથ ઘડાયેલી મહર્ષિ અરવિંદની અર્ધ-પ્રતિમાની અનાવરણવિધિ પ્રસંગે સિંઘવીજીના અરવિંદ સાહિત્યના અતિ ઊંડાણથી કરેલા અભ્યાસ અને સ્વાનુભાવનો પરિચય થયો હતો. સેન્ટરમાં આવવા હંમેશાં ઉત્સુક અને જ્યારે જ્યારે મળીએ ત્યારે ત્યારે તેઓ સેન્ટરના સમાચાર અચૂક પૂછે.

એક અંગત ખાનગી મુલાકાતમાં કદાચ ઘણાંએ ન જાણેલી વાત તેમના મુખે જ સાંભળી હતી. તેમના સૌ ભાઈઓએ હૃદયની બિમારીને કારણે હૃદયનું 'બાયપાસ' કરાવ્યું હતું. કહે : 'મને હૃદયની બિમારી નથી, પરંતુ કુટુંબમાં છે તેથી શક્યતા ખરી. અને મારે તો હજી ઘણું કામ કરવાનું બાકી છે. એટલે બિમારી આવે તે પહેલાં જ મારે 'બાયપાસ' કરાવી લેવું છે.' અને તેમણે બીજે જ વર્ષે તે કરાવી લીધું હતું. ડૉક્ટરો પણ વિસ્મય પામ્યા હતા. આ હતી તેમની સક્રિય અને સુંદર રીતે જીવવાની તમન્ના!

શ્રેષ્ઠી મનુભાઈ માધવાણીએ 'સર્વ ધર્મ સમભાવ' સંમેલન યોજવાનું નક્કી કર્યું. અને મારા જેવા અનેક મિત્રોની એક સમિતિ બની. મને કહે : 'તારે સિંઘવજી સાથે સારો સંબંધ છે. તેમને ઉદ્દઘાટન માટે બોલાવી શકાય ?' સિંઘવજી અને મનુભાઈ સાથેની મુલાકાત ગોઠવી આપી (બન્ને એકબીજાને મળવા ઉત્સુક હતા) જે તે બંને વચ્ચેની સારી મૈત્રીમાં પરિણમી. સિંઘવજીએ સંમેલનનું ફક્ત ઉદ્દઘાટન જ ન કર્યું, પરંતુ દરેકે દરેક દિવસે હાજરી આપીને વિદ્વાન સંતો અને તેમના વિચારો - આદેશો પર અભ્યાસપૂર્ણ જાહેર વિવેચનો પણ કર્યાં. સંમેલન બાદ તેમનો એક અંગત પત્ર મને આવ્યો હતો જેમાં તેમને 'આ તક' અપાવવા બદલ મારો હૃદયપૂર્વક આભાર એમણે માન્યો હતો. કેવી નિખાલસતા!

અમારે ઘરે છેલ્લાં ૩૪ વર્ષથી મોમ્બાસામાં શરૂ થયેલો લગભગ પચાસેક મિત્રો અને તેમનાં કુટુંબીજનોની હાજરીમાં દિવાળીનો ઉત્સવ ઉજવવામાં આવે છે. સિંઘવજી અને તેમનાં પ્રેમાળ પત્ની કમલાજીએ એક દિવાળીએ અમારે ઘરે આવવાનું સ્વીકાર્યું. લેસ્ટર એક જાહેર સમારંભમાં જઈને અમારે ત્યાં આવવાના હતાં. પરંતુ લેસ્ટરમાં જ તેમની ગાડી ખોરવાઈ પડી જતાં ઘણું જ મોડું થઈ ગયું. કમલાજીએ ખાસ ફોન કરી કારણ જણાવ્યું અને કહ્યું : 'ભાઈસા'બ, આપ હમેં અવશ્ય ક્ષમા કરેંગે, વહ મૈં જાનતી હૂં.' સિંઘવજીની માફક ખૂબ જ ઉચ્ચ કોટિનું હિંદી બોલનાર કમલાજી પોતે એક જાણીતાં કવયિત્રી છે તે ઘણાંને વિદિત છે.

એક રાજદૂતાલયના અંગત જાહેર સંપર્કના માનદ ઉચ્ચાધિકારી તરીકે કોઈને પણ બિરુદ આપવાનું હોય તો તે કમલાજીને ફાળે જાય. તેમના ઘરે ઉજવાતા અનેક જાહેર પ્રસંગોમાં દરેકે દરેક મહેમાનને મળીને તેમની પૂછપરછ કરવી અને નાસ્તો કરવા આગ્રહ કરવો તેવી કદાચ આ એક જ રાજદૂત-ભાર્યા હશે !

બ્રિટનમાં વસતાં હજારો લોકોને સિંઘવજી અને કમલાજી સાથે અંગત પરિચય હોય તેવો ભાવ જન્માવવામાં સિંઘવજીની પોતાની દીર્ઘદૃષ્ટિ ને મિલનસાર સ્વભાવ તો હતાં જ પરંતુ તેનો મોટો યશ તેમનાં ખરેખરા અર્થમાં જીવનસાથી અને ધર્મપત્ની કમલાજીને આપવો રહ્યો.

દિલ્હીમાં આ વર્ષના પ્રજાસત્તાક દિનની પરેડ જોવાનો વિચાર કર્યો અને તેના પાસ મેળવવા સિંઘવજીને ફોન કર્યો. વ્યવસ્થા થઈ જશે તેમ કહીને બ્રિટનના અનેક મિત્રો વિષે લાગણીભરી પૂછપરછ કરી.

આ મારો તેમની સાથેનો આખરી વાર્તાલાપ. આવાં રાજદૂત દંપતી બ્રિટનને હવે પછી મળશે કે કેમ, તે એક સવાલ છે.

**- રજનીકાન્ત જે. મહેતા**

[18 Leigh Court, Byron Hill Road, HARROW-ON-THE-HILL, Middlesex HA2 0HZ, U.K.]

## 'સેઝ'ને સહેજ સમજીએ

○ થોડા વખત પહેલાં, "ઓપિનિયન"ના અંકમાં ગુજરાતનાં જાણીતાં સામાજિક કાર્યકર ઈલાબહેન પાઠકનો ખુલ્લો પત્ર પ્રકાશિત થયેલો. ગુજરાતમાં Special Economic Zoneની રચના કરવામાં આવી છે. ભારતની વધતી જતી આર્થિક ક્ષમતાને વધુ સબળ બનાવવા માટે કેટલાંક વેપારી સંગઠનો, વિદેશી કંપનીઓના ડાયરેક્ટરો, કમ્પ્યૂટર ટેકનિકમાં કુશળતા ધરાવનારાઓ અને સરકારી અધિકારીઓનું બનેલ આ સંગઠન ગુજરાતના વેપારને પાંખો આપશે, એવી એક ધારણા છે.

હવે, આવાં સંગઠનની રચના માટે આપણને આનંદ જ થાય. પણ બીજી એક વાત એ જાણવા મળી છે કે આ Special Economic Zoneને ગુજરાત સરકાર તરફથી મિટિંગો વખતે આલ્કોહોલિક પીણાં પીવાં માટે ખાસ પરવાનગી આપશે ! કારણ પૂછતાં જાણવા મળ્યું કે વિદેશી કંપનીઓ સાથેની વાટાઘાટો સમયે આવા પ્રકારની 'એટીકેટ' હોવી જરૂરી છે. કદાચ, 'સુધરેલા, પ્રગતિવાદી અને ધનાઢ્ય' ગણાવા માટે નશાનો આશ્રય લેવો આવશ્યક મનાતો હશે. સરકારના આ નિર્ણયના અનુસંધાનમાં ઈલાબહેન પાઠકનો વિદેશમાં ગુજરાતી બહેનો જોગ એક પત્ર હતો. એમણે કહ્યું કે વિદેશમાં રહેતી બહેનોનો આ વિષે અભિપ્રાય જાણવો એમને ગમશે. આ વિનંતિના જવાબમાં લખેલ મારાં મંતવ્યો "ઓપિનિયન"નાં વાચકોને પણ વાંચવા ગમશે એવી અપેક્ષા છે.

આમ તો સુરાપાન દેવોના સમયથી ચાલતું આવ્યું છે. વિદેશોમાં એ સામાજિક ધારાધોરણ સમાજમાન્ય છે, વગેરે દલીલો ઘણા પ્રતિષ્ઠિત નાગરિકો પાસેથી સાંભળવા મળે છે. પણ નશીલાં પીણાં પીવાથી આર્થિક પાયમાલી થાય છે, એની સ્વાસ્થ્ય પર ઘણી વિપરિત અસર થાય છે અને એ વ્યસનનો ભોગ બનનાર હિંસક વર્તન કરે એવી સંભાવના વધુ રહે તેથી એમના કૌટુમ્બિક જીવન પર પણ વિપરિત અસર પડે છે, એ હવે સૌએ સ્વીકારેલી હકીકત છે. આમ છતાં, આ દેશની પ્રજા અને બીજા દેશોમાંથી આવીને સ્થાયી થયેલ ભારતીય લોકોએ પણ મદીરા સેવનને પોતાનાં જીવનનું એક અનિવાર્ય અંગ બનાવી દીધું છે.

હું લગભગ ત્રીસેક વર્ષ પહેલાં આ દેશમાં આવી. મેં ધારેલું કે મૂળ ભારતના લોકો દારૂ ન પીવાના પોતાના સિદ્ધાંતને વળગી રહ્યા હશે. પણ નાનામોટા સમૂહોમાં ભળવાનું થયું ત્યારે હકીકત જુદી જ જણાઈ. મારાં બાળકો આ દેશમાં પેદા થઈને ઉછર્યા તેથી 'માત્ર ગુજરાતી યુવક-યુવતીઓ સાથે મૈત્રી કરશો તો આલ્કોહોલ લેવાને કારણે પેદા થતી મુશ્કેલીઓ તમને નહીં નડે' એમ કહેવાની મેં હિંમત કરી, ત્યારે ખ્યાલ આવ્યો કે ગુજરાતી પ્રજા તો પોતાનાં એ મૂલ્યોને ક્યારનાં ય નેવે મૂકીને નિરાંતે 'અમે હવે અંગ્રેજ થઈ ગયાં છીએ' એના નશામાં મહાલે છે. હવે આપણે સૌ જાણીએ છીએ કે આલ્કોહોલનું વધુ પડતું સેવન કરવાથી વ્યક્તિનું લીવર નબળું પડે છે જેનાથી cirrhosis થઈ શકે, યાદ શક્તિ ઘટે, કમળો થવાની શક્યતા રહે, અન્નનળીની નસો પહોળી થાય તો લોહીની ઉલટી પણ થાય, અલ્સર થઈ શકે, જળોદર થાય, શરીરમાં સોજા ચડવાથી હાર્ટ ફેલ્યોર પણ થાય. ઘણા કિસ્સાઓમાં લીવર સાવ મંદ પડી જવાથી લીવર ટ્રાન્સપ્લાન્ટની પણ જરૂર પડે છે. લાંબા સમય સુધી શરાબ પીનારા ક્યારેક મગજ સંકોચાઈ જવાથી માનસિક રોગનો ભોગ પણ બને છે. આટલી માહિતી હોવા છતાં આજની ગુજરાતી તેમ જ ભારતીય પ્રજા આ દૈત્યથી પોતાની જાતને છોડાવવા પ્રયત્ન કરતી નથી જણાતી. એટલું જ નહીં પણ સિનિયર સિટીઝન સેન્ટરમાં જનારાં લોકો પાસેથી જાણવા મળ્યું છે કે ત્યાં આવનાર ભાઈઓ અને ખાસ કરીને બહેનો છૂટથી આલ્કોહોલ પીએ છે !!

એક બાજુથી આ દેશમાં જાહેર સ્થળોએ તથા ફૂટબોલ અને ક્રિકેટની મેચ જોવા જનાર દર્શકો માટે દારૂની અસરને કારણે બેકાબૂ બની જતાં ટોળાંઓના હિંસક વર્તનને અટકાવવા માટે મેચ પહેલાં અને પછી તે સ્થળની આસપાસ આલ્કોહોલ વેંચવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. તો બીજી બાજુ, ગુજરાત સરકારે નશાબંધી જાહેર કરેલી હતી તેને ભૂલી જઈને વેપાર-ઉદ્યોગની પ્રગતિનાં નામે સામેથી શરાબ પીવા માટે પ્રોત્સાહન આપવાનું વિચારે એ કઈ રીતે ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને પ્રજાને લાભકારક નીવડશે એ સમજી શકાય તેમ નથી. આજે એ Special Economic Zoneમાં સક્રીય ભાગ લેનારા જરૂર મોટા ભાગના યુવા વયના જ હશે. કઈ મા, બહેન, પત્ની કે પુત્રી પોતાના પુત્ર, ભાઈ, પતિ કે પિતાને સામે ચાલીને પ્રગતિને નામે શારીરિક, આર્થિક, કૌટુમ્બિક અને સામાજિક રીતે નુકસાનકારક એવાં પીણાં પીવાને માટે સ્વેચ્છાએ મંજૂરી આપશે ? યુનાઈટેડ કિંગ્ડમ અને ગુજરાતમાં વસતી તમામ બહેનોએ Special Economic Zoneના કર્તાહર્તાઓને મદીરાપાન માટે ખાસ પરવાનગી આપવા માટેનાં સ્પષ્ટ કારણો આપવાની ફરજ પાડવી જોઈએ અને તેઓ એ નિર્ણય બદલે નહીં ત્યાં સુધી Special Economic Zone શરૂ કરવા ન દેવા પગલાં લેવાં જોઈએ. આ માટે Special Economic Zoneમાં કામ કરનાર લોકો અને તેમના પરિવાર જનોને આ વાત ગળે ઉતરાવવી જોઈએ. જો કે Special Economic Zoneને કારણે બીજા અને આર્થિક અને આજીવિકાને લગતા પ્રશ્નો ઊભા થશે, પણ એ વિષે ફરી ક્યારેક વિચારીશું. આશા છે આ બાબતમાં યુનાઈટેડ કિંગ્ડમમાં વસતી તમામ ગુજરાતી સન્નારીઓ પોતાનો સાથ આપશે, જેની જાણ ગુજરાતમાં રહીને આ વિષે ચળવળ કરનાર સંગઠનને કરી શકીશું.

**- આશા બૂચ**

[71 Half Edge Lane, Eccles, MANCHESTER M30 9AZ, U.K.]

## સામાજિક પ્રશ્નો

○ માનવજાતિના ઈતિહાસમાં સ્ત્રીઓ ઉપર પુરુષો દ્વારા જે સામાજિક, માનસિક અને શારીરિક અત્યાચારો થયા છે તેનો વિસ્તૃત ચિતાર લખાયો નથી. છતાં બ્રિટનના સંદર્ભમાં છ કરોડની વસ્તીમાં ૬૦૦ કિસ્સા પૃથ્વીને કમ્પાવનારા છે એમ ભાગ્યે જ કહી શકાશે. સોક્રેટિસથી માંડીને ગાંધીજી સુધીનાએ લગ્નજીવનમાં ચડતી પડતી જોઈ છે. તે કદાચ, બીલ ક્લિન્ટન્ સુધી લંબાવી શકાશે ! સફળ થયેલાં વિશાળ બહુમતીનાં લગ્નોની અવગણના શા માટે થવી જોઈએ ?

સામાજિક કાર્યકરો આપણી પાસે સોએ સો ટકા સંમતિની આશા રાખે છે. તેઓ સામા પક્ષને સાંભળવાની સભ્યતા ભાગ્યે જ બતાવે છે. ૨૪ વરસની કન્યા ૫૪ વરસના અજાણ્યાને પરણાવવામાં આવી તેમાં પૈસાની લેવડ-દેવડ ન થઈ હોય તેવું ભાગ્યે જ બને. ૬૦ વરસના તોતિંગ આરબને ૧૧ વરસની ગભરુ બાળા પરણાવનાર પોતાની આર્થિક દશા ન સુધારે તે કેમ બને ? ગરીબ એ સામાજિક પાપનું મૂળ કેમ ન હોઈ શકે ? કોઈના ખિસ્સામાંથી મોટા મકાનનો ફોટો નીકળે તે જોઈને કન્યા આપવા જેટલો અમદાવાદી ભોળો હોય આ ભાગ્યે જ શક્ય હોઈ શકે. તો પછી મહારાણીના મહેલનો ફોટો બતાવીને હું અમદાવાદમાંથી મારા પુત્ર માટે સારામાં સારી કન્યા મેળવી શક્યો હોત !

પંજાબ, હરિયાણા અને દિલ્લી આસપાસથી બ્રિટનમાં કન્યાઓ પરણી લાવવાનું પ્રલોભન આપીને તેમની સાથે ખરાબ વ્યવહાર

કરનારાઓને નાથવા માટે ભારત સરકારે વિશેષ [cell] કક્ષની રચના કરી છે. ગુજરાતમાં તે દૂષણ વ્યાપક નથી. કેટલાક રામાયણી અને ભાગવતી સંતો દેશમાંથી આવેલી કન્યાઓ પ્રત્યે મૃદુતા બતાવજો એવો ઉપદેશ બ્રિટન્માં આપે છે. તો પછી દેશમાંથી આવેલી અમુક છોકરીઓએ કઠોર આચરણથી ત્રાસ આપ્યો હોય એ પણ શક્ય છે કે નહીં ? તેવા પ્રસંગોમાં ન્યાયતુલા જાળવવાની બાબતને ઈલા પાઠક અને તેમનાં લન્ડન્નાં ટેકેદારો ઉલ્લેખને પાત્ર ગણશે કે નહીં ?

આવા પ્રશ્નોમાં એકપક્ષીય રજૂઆતને ઉઘાડું સમર્થન આપવાની સમ્પાદકને ટેવ છે. યાસ્મીન અલીભાઈનો ગંદો લેખ કારણ વિના ચગાવવામાં આવ્યો હતો.

લગ્નસંસ્થા (મૅરેજ્ બ્યૂરો) ચલાવીને છેલ્લાં ૪૦ વરસમાં ૪૦૦૦ પંજાબીઓને બ્રિટનમાં લાવનાર એક જણને હું ઓળખું છું. તેમને આ સિદ્ધિ માટે દિલ્લીમાં સુવર્ણચંદ્રક પણ મળ્યો છે ! તેમની કન્યાને માટે મૂરતિયો શોધવા માટે મારા જેવા અજાણ્યાની મદદ લેવામાં આવી છે ! મૅરેજ્ બ્યૂરો તો લાકડે – માકડું વળગાડવા માટે હોય ! પોતાની દીકરી માટે નહીં ! આ બેવડું ધોરણ ત્રાસદાયક છે. એક પંજાબી બહેન પાસેથી £૨૫૦ લઈને તેમને બે-ત્રણ દારૂડિયા જ બતાવવામાં આવ્યા હતા એ પણ હું જાણું છું. એટલે મૅરેજ્ બ્યૂરોવાળાથી સાવધાન રહેવું જોઈએ.

બ્રિટનના ગુજરાતી વસાહતીઓ વિષે સંશોધન કરવા આવેલ મકરન્દ અને શીરીન મહેતા સાથે મારે એક વાર ચર્ચા કરવાનો પ્રસંગ ઊભો થયો હતો. ચંદ્રકાંત બક્ષી અને કાંતિ ભટ્ટની જેમ બ્રિટનની ઊડતી મુલાકાતને અંતે આ દેશના સમાજ વિષે વિચિત્ર પૂર્વાગ્રહો (સમ્પાદકને વિનંતી : પૂર્વ + આગ્રહ એ સાચો શબ્દ છે. હિન્દીમાં બહુમાન્ય થયો છે.) પ્રગટ ન કરશો એવી ચેતવણી મેં મહેતા દમ્પતીને આપી હતી. તે બેઉ ઘણાં સમય સુધી આ દેશમાં રહેલાં છે. છતાં ગુજરાતમાં કેળવેલા અને બ્રિટનમાં મેળવેલા કેટલાક પૂર્વાગ્રહો છોડવાની ઈચ્છા ન હતી એવી મારા ઉપર છાપ ઊઠી હતી.

૧૯૪૫થી ભારતીય વિચારકોને બ્રિટનની નિંદા કરવાની ગળસૂંદી પીવાડવામાં આવી છે. બ્રિટનમાં મફત ટિકિટ લઈને આવવું સહેલું છે. કોંગોના રાક્ષસી સૈનિકો નિર્દોષ હબશણો ઉપર અત્યાચારો કરે છે, અને દક્ષિણ આફ્રિકાના અમુક શહેરોમાં જે સામાજિક અત્યાચારો ચાલી રહ્યા છે તે હિન્દુસ્તાનમાં ઉલ્લેખને પાત્ર ગણાતા નથી ! કદાચ, નેલ્સન્ મન્ડેલાને ખુશ રાખવા માટે તેવી નીતિ અપનાવવામાં આવતી હશે ! ઈલા પાઠક અવશ્ય નોંધી લે કે, અન્યાય અને અત્યાચારને દેશકાળના ખન્ડમાં વિભાજિત કરવાનો કોઈ અર્થ નથી.

બ્રિટન વિષે કાંઈ ન જાણતી એક છોકરીએ લગ્ન બાબતે "ચિત્રલેખા"માં લેખ લખ્યો હતો. પોતાના દીકરા માટે મુમ્બઈમાં કન્યા શોધવા ગયેલા એક બ્રિટનવાસી ગુજરાતીનો કડવો અનુભવ પણ ઉલ્લેખને પાત્ર છે. તેને આવી વાતો કરવામાં આવી હતી : 'કન્યાને મંગળ છે !' કન્યાને ચાય બનાવતાં ન આવડતી હોય તો શું મંગળને ધોઈ પીવો છે ? 'હું (કન્યાપિતા) લંન્ડન્માં આવું તો મને કેટલો પગાર મળે ? મારો એક જમાઈ અબુ ધાબીમાં છે એને તમે બ્રિટિશ પાસપોર્ટ અપાવી શકશો ?' 'અમેરિકામાં અમારા એક જણ રહે છે તેના કરતાં તમારી આવક ઓછી કેમ છે ?' 'બ્રિટનમાં તમારું મકાન છે એનો પુરાવો બતાવો.' વગેરે. બન્ને પક્ષોને સાંભળીને ન્યાયમાર્ગ કાઢવો એ સહેલું કામ નથી.

વરકન્યાની પસંદગી અંગે મારી અંગ્રેજી પુસ્તિકા - Suitable Parterns - Marriage Guidance for the Hindu Youth વાંચવાની ભલામણ કરવામાં આવે છે. તેનું ગુજરાતી ભાષાંતર પણ લગ્નમહિમા નામની મારી ચોપડીમાં ડિસેમ્બર ૨૦૦૭ આસપાસ છપાશે. પાઈની પેદાશ નહીં, અને ઘડીની ફૂરસદ નહીં એ ધોરણે મેં આ બાબતમાં ૧૫ વરસથી દરિયો ડહોળ્યો છે ! કોઈ સુવર્ણચંદ્રક મળે એવી આશા નથી ! બાકી મુમ્બઈની ૨૩ વરસની એક પત્રકાર ગુજરાતી છોકરી કરતાં થોડીક દિવાળી વધારે જોઈ છે એ શંકા વગરની વાત છે ! સમાજની સ્થિરતા, દઢતા અને વિકાસ માટે લગ્નસંસ્થા અનિવાર્ય છે. પરદેશી ડિગ્રીઓ હોવા છતાં આ બાબતમાં જે ધુમ્મસ ઘેરાઈ રહ્યું છે એ એક કરુણતા છે. યુવાવર્ગ સાથે જીવંત સંપર્ક તેઓ સમજી શકે એ ભાષામાં થવો જ જોઈએ. સમાજના પચાસ ટકા લોકો વાંઢા મરવાનો હઠાગ્રહ સેવે એ કોઈ રીતે ઉચિત ન ગણાય.

## નાના વેપારીઓ કેટલું જીવશે ?

નાના વેપારીઓ અને મહાપણ્ય (સૂપમાર્કિટ) વચ્ચેની સ્પર્ધામાં ગ્રાહકને લાભ થાય એ આમાં હું મુખ્ય ધ્યેય છે. ... એમ એક બ્રિટિશ અધિકારીએ હમણાં કહ્યું. આ જ નિયમ અમુક દેશોમાં લાગુ પાડવામાં આવે તો અનેક આર્થિક સમસ્યાઓ ઊભી થશે. પશ્ચિમના અમુક દેશોમાં મહાપણ્યોને કારણે નાના વેપારીઓ અદશ્ય થતા જાય છે.

હિન્દુસ્તાનમાં તાતાજી અને અનિલ અમ્બાણી ડુંગળી - બટેટાં વેંચવામાં જે ઉત્સાહ બતાવે છે તેની નોંધ લેવી જોઈએ ! કાશી (બનારસ) અને લખનઊમાં અમ્બાણીની બે મોટી દુકાનોને નાના વેપારીઓએ નષ્ટભ્રષ્ટ કરી. લાઠીમાર અને ગોળીબાર કરવામાં ચતુર ગણાતી ઉત્તર પ્રદેશની પુલિસ્ સગવડે સંતાઈ ગઈ ! ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી માયાવતીએ માથે બટેટાંની ટોપલી મૂકીને ફોટા પડાવ્યા ! પોતાના રાજકીય સ્વાર્થ ખાતર કાયદો અને વ્યવસ્થાને નેવે મૂકવામાં આવ્યાં ! નાના વેપારીનું અસ્તિત્વ અને મોટી બજારની સગવડો વચ્ચે મધ્યમમાર્ગ નીકળે એમ લાગતું નથી. હિન્દુસ્તાનના ઈતિહાસમાં, પહેલીવાર ગરીબો લઘુમતીમાં આવતા જાય છે. શહેરોનો મધ્યમવર્ગ દોરીને ત્રાજવેથી માલ ખરીદે અને બીજી અગવડો ભોગવે એ લાંબો વખત નહીં ચાલે. વિશાળ મૂડીરોકાણથી ભાવોને નીચા લાવવાની જે શક્તિ મોટા વેપારીઓમાં છે તેનો સામનો નાના વેપારીઓ ન જ કરી શકે.

હિન્દુસ્તાન, પૂર્વ આફ્રિકા અને બ્રિટન એમ ત્રણ ખન્ડોમાં નાના વેપારીનાં અમુક લક્ષણોનો મેં અભ્યાસ કર્યો છે. ૧૯૫૧માં સૌરાષ્ટ્રના એક કસ્બાતી ગામમાં મેં રૂ. ૨.૫૦ના જોડા ખરીદ્યા હતા. તે પહેલાં ચંપલ અથવા ઉઘાડે પગે ચલાવતો ! પગને કોઈ પણ જાતનું બંધન ન જોઈએ એમ હું માનતો હતો ! ત્યારે નાનો વેપારી બોલ્યો : 'હવે આ છોકરો ટ્રૅન્માં મફત મુસાફરી કરશે !' મારા ખિસ્સામાં બીજા પૈસા ન હતા એમ શા માટે માની લીધું ? ૧૯૩૦ પહેલાં મારા દાદાના મામાત ભાઈ એટલે મારી દાદીમાના દિયર અમારા ગામમાં ૮ માસ સુધી સ્ટૅશન્ માસ્ટર હતા. અમારે ત્યાં રહેતા. તે ગાળામાં એકાદવાર મારાં દાદીએ રૈલ્વૈમાં મફત મુસાફરી કરી હતી ! ટિકિટ માગવામાં આવી ત્યારે દાદીમાએ રોકડું પરખાવ્યું : 'ટિકસ્ નથી ! રેલ્વાઈ અમારા પોપટની છે !' (પોપટલાલ દવે એમના દિયર હતા.) ત્યારે પહેલાં કે પછી મફત મુસાફરી કરવાનો લહાવો મળ્યો નથી ! ૧૨ શિલિંગમાં ખરીદેલી વસ્તુ ૬૦ શિલિંગમાં વેંચતો નાનો વેપારી મેં જોયો છે. ૪૦ શિલિંગમાં જોડા ખરીદ્યા, બે વરસ પહેર્યા અને પછી તે જ ભાવમાં હબ્શીને વેંચનાર નાનો વેપારી મેં જોઈ લીધો છે ! ૭૦ પેન્સનું એક મોસંબી અંગ્રેજ મહિલાને વેંચનાર નાનો વેપારી મારો ચક્ષુવિષય છે. આ પી.હૅચ્ડી. થવાનો વિષય છે. છતાં નાના વેપારીના રક્ષણ માટે કાંઈક થવું જોઈએ એમ હું માનું છું. નાનો વેપારી માલની ગુણવત્તા કેવી રીતે જાળવશે ? જથ્થાબંધ ખરીદીમાં મહાકાય બજારનો સામનો કેવી રીતે કરશે ? વેપારની મધ્યકાલીન રીતભાતમાં પરિવર્તન શા માટે ન આવે ? સૂપમાર્કિટ્ અમુક વસ્તુઓ ન જ વેંચી શકે એવો નિયમ પણ થઈ શકે. બેકાર થયેલા નાના વેપારીઓને બીજે ધંધે વળગાડવાની જવાબદારી અનિલ અમ્બાણીની હોવી જ જોઈએ ! ચૂંટણી પહેલાં કે પછી જેમની પાસે કોઈ સ્પષ્ટ નીતિ નથી એવા નેતાઓ ગાભરા થઈને નિર્ણયો કરે એમાં કોઈ નવાઈ નથી. હું બજારની હરીફાઈમાં માનું છું. નાના વેપારીની લુચ્ચાઈ અને મોટા વેપારીની દાદાગીરી વચ્ચેથી મધ્યમમાર્ગ કાઢવો એ સત્તાની ખુરશી શોભાવનારનું કામ છે. ઓછામાં ઓછી ખરીદી કરીને જીવવા માટે ગાંધીજીને પહેલું ઈનામ મળે તો મને બીજું ઈનામ મળવું જોઈએ ! અનિલ અમ્બાણીને બમણું વળતર મળવું જોઈએ ! ઉત્તર પ્રદેશની સરકાર વતી અને માયાવતીના રાજકીય પક્ષ તરફથી !

**- ૨. કા. ભટ્ટ**

[87, Hale Lane, Mill Hill, LONDON NW7 3RU, U.K]

# આ કેવી ગજબની નિવૃત્તિ ?

○ 'અનામી'

પચીસેક વર્ષ પહેલાં મારા બે વર્ષના નિરવને 'મધર્સ ટૉડલર્સ ગૃપ'માં લઈને જતી. ત્યાં અંજનીબહેન એમના પરાગને લઈને આવતાં. એમની ઓળખાણ થઈ. અમારા સંબંધો બન્ને પક્ષે વિકસતા રહ્યા. અમારાં બાળકો સાથે ભણ્યાં. સાથે સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં ભાગ લેતાં અને સદ્દનસીબે અમારા બન્નેના પતિઓને પણ સારી દોસ્તી જામી.

થોડાં વર્ષો પહેલાં અમે ઘર બદલ્યું. એટલે અમારું મળવાનું ઓછું થવા લાગ્યું. બે દિવસ પહેલાં અચાનક અંજનીબહેન મળી ગયાં. એમણે કહ્યું કે તેઓ ત્રણ દિવસ પછી (હકીકતે. તો આવતીકાલે જ !) ઇન્ડિયા જાય છે. એકલાં જ અને તે પણ 'વન - વે' ટિકિટ લઈને ! મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. મારા આગ્રહને માન આપીને એક કાફેટેરિયામાં કૉફીની લિજ્જત માણતાં માણતાં એમણે એમના નિર્ણય પાછળનું કારણ સમજાવ્યું.

> *● ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછમાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.*
>
> *● જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.*
>
> *આવું લખાણ. આરંભથી. બીજે પાને અમે મૂકીએ છીએ. આ વ્યક્તિએ તક ઝડપી ને આ અમે અહીં સાદર કરીએ છીએ. બાકી ખ્યાલ અપના અપના ...!*
>
> *– તંત્રી*

વાત એમ છે કે અંજનીબહેનનો પરિચય થયો ત્યારે મને એમ લાગ્યું કે તે બે બાળકોની માતા છે. ખૂબ પ્રેમાળ પત્ની છે અને સારાં ગૃહિણી છે. થોડો વધુ વખત વાતચીત કરવાથી ખ્યાલ આવ્યો કે એમના રસના વિષયોનો વ્યાપ ઘણો મોટો છે. રાજકારણ. સાંપ્રત પ્રવાહો. હસ્તકલા. સંગીત. વાંચન. પ્રવાસ. નવી વાનગીઓ બનાવતાં શીખવું. મિત્રોમાં હળવું - મળવું અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જવાના એમના અનેકવિધ શોખોને કારણે એમનાં મિત્રવર્તુળનું વૈવિધ્ય નવાઈ પમાડે તેવું હતું અને એમની વાતો હંમેશ રસપ્રદ રહેતી.

નિરવ અને પરાગ રમતા ત્યારે અમે બન્ને વાતો કરતાં એમાંથી જાણવા મળ્યું કે આ અંજનીબહેન તો છૂપાં રૂસ્તમ છે. એમની પાસે માત્ર બેચાર ઉચ્ચ ડિગ્રીઓ છે અને ઈન્ડિયામાં પાંછ વર્ષ બહુ સારી પોસ્ટ પર પણ કામ કરેલું. ત્યારે એમનાં ખમતીધર વ્યકિતત્વ પાછળનું રહસ્ય વધુ સ્પષ્ટ થયું. યુનાઈટેડ કિંગ્ડમમાં આવ્યાં પછી આનંદભાઈની કારકિર્દી ખીલવવામાં મદદરૂપ થવું તથા કદમ્બ અને નિરવને ઉછેરવાનો પોતાનો ધર્મ એમણે બહુ આનંદપૂર્વક બજાવ્યો. જ્યારે બન્ને બાળકો ફુલ ટાઈમ સ્કૂલે જવા લાગ્યા ત્યારે અંજનીબહેને પોતાના મૂળ વ્યવસાયને તિલાંજલી આપીને પહેલાં અનેક સંગઠનોમાં સ્વૈચ્છિક સેવાઓ આપી અને પછી કુટુમ્બ પ્રત્યેની બધી જવાબદારી સંભાળી શકે એવું કામ સ્વીકાર્યું. ત્યારે પોતાની શક્તિઓનો ઉપયોગ કરવાની એમની ઈચ્છા કેવી તીવ્ર અદમ્ય હશે એનો ખ્યાલ આવ્યો.

આટલાં વર્ષોની અમારી મૈત્રી દરમિયાનની અમારી ભાત ભાતની વાતો દરમિયાન અંજનીબહેનનાં સૌ મિત્રો. હિતેચ્છુઓ અને હવે તો મોટા થયેલા તેમના સંતાનોને ખબર છે કે તેમને પોતે ઈન્ડિયામાં જે કામ કરતાં એ કામ એટલું ગમતું કે આજે પણ પાછા જઈને કામ કરવાની તક મળે તો એ જ કામ કરે. તેમને પોતે વતન જાય તો ઘણું સ્વૈચ્છિક કામ કરી શકે એમ છે. એવી ખાતરી છે. કેમ કે તેઓ માને છે કે ભલે ઈન્ડિયામાં આજે ટેકનોલોજીનો અને સંદેશવ્યવહારનાં સાધનોનો વિકાસ ખૂબ થયો છે તથા સુખસગવડનાં સાધનો ઘણાં વધ્યાં છે. પણ હજુ બીજી કેટલીક પાયાની જીવન જરૂરિયાતની બાબતમાં પછાત છીએ એટલે એનો માત્ર વસવસો કરવાને બદલે આપણાં જેવાં લોકો એ સ્થિતિને સુધારવા માટે જરૂર કંઈ કરી શકે. વળી પોતે જાળવેલી ખાણીપીણીની અમુક મર્યાદાને કારણે અહીંના લોકો સાથે ખાસ ઈતર પ્રવૃત્તિઓમાં ન જોડાઈ શકે એ તેમણે સ્વીકાર્યું છે. પણ બહુમુખી પ્રતિભા ધરાવતાં હોવા છતાં ભારતીય સમાજમાં પણ પોતાને ઈતર પ્રવૃત્તિઓ કરવાની તક ન મળી હોવાથી નિવૃત્તિ પછી તેઓ શું કરી શકશે. એ તેમને માટે કોયડો જ છે.

અંજનીબહેનના બન્ને સંતાનો અભ્યાસ પૂરો કરી. ઘરસંસાર માંડીને ગોઠવાઈ ગયા છે. હવે પૌત્રપૌત્રીઓની સંભાળ રાખવામાં અને પુત્રવધૂઓની સાથે સમય ગાળવામાં તેમનો સમય પસાર થશે એવી મારી માન્યતાના જવાબમાં તેમણે કહેલી વાત મને કંઈક અંશે સાચી લાગી.

તેમનો અનુભવ એવો છે કે સ્વાભાવિક રીતે જ પશ્ચિમી જગતમાં જન્મીને ઉછરેલાં હોવાને કારણે નવી પેઢીનાં વ્યક્તિ સ્વાતંત્ર્ય. સ્ત્રીપુરુષના સમાનાધિકારના ખ્યાલો અને ખાવાપીવાની બદલાયેલી રીતરસમોને કારણે લગ્ન પછી તો દીકરાવહુ ઘેર આવે જાય. તેમને ગમતી વસ્તુઓ બનાવીને મોકલવાની હોય વગેરે જેવાં નિવૃત્તિ પછી બહેનોને સહેજે રોકી રાખે તેવાં કામ પણ અંજનીબહેનને ભાગે ખાસ આવ્યાં નથી. પછી દાદી બનશે ત્યારે શું થશે એ જેવાની તેમણે ધીરજ રાખવી રહી.

અમે ઘર બદલીને જુદા વિસ્તારમાં રહેવા આવ્યાં ત્યારથી કરીને આજ સુધીમાં અંજનીબહેનના પતિ આનંદભાઈની ડિગ્રીમાં વધારો થયો છે અને તેમની કારકિર્દી ખૂબ સફળતાથી આગળ વધી રહી છે. બન્ને દીકરાઓ પણ પહેલાં ભણવા માટે અને પછી નોકરીને કારણે ઘરથી દૂર રહે છે. એ માટે પોતે બધાંને સહાયરૂપ થયાં એનો સંતોષ અને સમાજમાં પતિ - પુત્રોની વધતી શાખને કારણે અનુભવાતું ગૌરવ તેમની વાતોમાંથી છતું થતું હતું.

૧૫મી જૂનને દિવસે અંજનીબહેન ૬૦ પૂરાં કરશે. તે દિવસે તેઓ નિવૃત્ત પણ થશે. એમનાં સંતાનોએ તેમને આ બન્ને પ્રસંગો નિમિત્તે ભેટ રૂપે રોકડ રકમ આપવાનું ઠરાવ્યું. તેમાંથી અંજનીબહેને જેમ અહીં આવ્યાં ત્યારે સિંગલ ટિકિટ લીધેલી એમ અત્યારે પણ પોતાને માટે ઈન્ડિયા જવાની સિંગલ ટિકિટ લીધી છે. એ જાણીને હું સ્તબ્ધ થઈ ગઈ. આનંદભાઈ તેમના આ નિર્ણય માટે શું માને છે એ પૂછવાની મારી હિંમત ન ચાલી.

વિદેશમાં રહીને પોતાના પતિ અને સંતાનોની વ્યવસાય અને અભ્યાસને લગતી પ્રગતિ થાય એ માટેની બધી ફરજો પોતે સુપેરે બજાવી છે. એનો સંતોષ છે તેમને. હવે તેઓ 'પોતાને' ગમતી પ્રવૃત્તિ કરવા ઈચ્છે છે. એ સમજાયું. સ્વદેશ ગયા પછી 'દેશમાં તો ઘણાં કામ કરવાનાં છે' એમ કહેનારાં અંજનીબહેન પોતાની કલ્પના પ્રમાણેનાં કામ કરી શકે. પોતાની સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ દ્વારા નવી પેઢીને ઉપયોગી થઈ શકવાની એમની ઈચ્છા સંતોષાય છે કે નહીં. એ જણાવવા સતત સંપર્કમાં રહેવાનું વચન આપીને તેઓ છુટ્ટાં પડ્યાં.

એક ગજબની નિવૃત્તિ ગાળવાની અભિલાષા લઈને મક્કમ પણ શાંત પગલે અંજનીબહેનને જતાં હું જોઈ રહી !!

## સ્નેહનો આ તાર તૂટ્યો, શું કરું ?

○ 'ઊર્મિ સાગર'

*આપણો સંબંધ ખૂટ્યો. શું કરું ?*
*સ્નેહનો આ તાર તૂટ્યો. શું કરું ?*
*એ હતો ડાળે બટકણી ઊર્મિની.*
*એષણાના ભારે ઝુક્યો. શું કરું ?*
*અંતરે ભોંકાયો મારા મીતનાં.*
*એક કાંટા સમ હું ખૂંચ્યો. શું કરું ?*
*લાગતો'તો જે અતૂટ ને જન્મોનો.*
*આજ જન્મે એ તો તૂટ્યો. શું કરું ?*
*ઉર-વૈભવ દઈને કીધો માલદાર*
*પણ પછી એણે જ લૂંટ્યો. શું કરું ?*
*ઊર્મિની ભરતીને જોઈ અંતરે.*
*ઉરનો માલિક જો રૂઠ્યો. શું કરું ?*

e.mail : urminosaagar@yahoo.com

પ્રકાશક : Parivaar Commincations. 4 Rosecroft Walk. WEMBLEY. Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 275 · ગ્રાહક : 196 - [13.11.2007]